इग चउ, विगल पंच, असन्नि पंच, य सन्नीणं छप्पि ॥६॥

શબ્દાર્થ.

आहार=આહાર પર્યાપ્તિ	चउ=ચાર પર્યાપ્તિ
सरीर=શરીર પર્યાપ્તિ	पंच=પાંચ પર્યાપ્તિ
इन्दिय=ઇન્દ્રિય પર્યાપ્તિ	पंच=પાંચ પર્યાપ્તિ
पज्जत्ती=પર્યાપ્તિ	छप्पि(छ अपि)=છએ પર્યાપ્તિ
आणपाण=શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ	इग=એકેન્દ્રિય જીવોને
भास=ભાષા (વચન) પર્યાપ્તિ	विगल=વિકલેન્દ્રિયને
मणे=મન પર્યાપ્તિ	असन्नि=અસંજ્ઞિ પંચેન્દ્રિયને
	सन्नीणं=સંજ્ઞિ પંચેન્દ્રિયને

ગાથાર્થ—આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, અને ઇન્દ્રિય પર્યાપ્તિ એ ત્રણ પર્યાપ્તિ (તથા ચોથી) શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ, ભાષા પર્યાપ્તિ અને મન પર્યાપ્તિ (એ ૬ પર્યાપ્તિ છે). ત્યાં એકેન્દ્રિય જીવોને (પ્રથમની) ચાર પર્યાપ્તિ, વિકલેન્દ્રિયને (એટલે દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય તથા ચતુરિન્દ્રિયને) પાંચ પર્યાપ્તિ, અસંજ્ઞિ પંચેન્દ્રિયને પાંચ પર્યાપ્તિ અને સંજ્ઞિ પંચેન્દ્રિયને છએ પર્યાપ્તિ હોય છે. ॥ ૬ ॥

વિશેષાર્થ—આહાર વિગેરે પુદ્ગલોને ગ્રહણ કરવામાં તથા તે તે રૂપે પરિણામ પમાડવામાં કારણરૂપ એવી આત્માની જે શક્તિ તે પર્યાપ્તિ, (અથવા તે શક્તિના આલંબન-કારણરૂપ જે પુદ્ગલો તે પર્યાપ્તિ. અથવા તે શક્તિની અને શક્તિના કારણરૂપ પુદ્ગલ સમૂહની નિષ્પત્તિ તે પર્યાપ્તિ. અથવા તે શક્તિની અને શક્તિના કારણરૂપ પુદ્ગલ સમૂહની પરિસમાપ્તિ તે પર્યાપ્તિ કહેવાય. એ પ્રમાણે પર્યાપ્તિના અનેક અર્થમાં પણ પર્યાપ્તિ એટલે શક્તિ એ મુખ્ય અર્થ છે.)

તે પર્યાપ્તિ એટલે આત્મશક્તિ પુદ્ગલના અવલંબન વિના ઉત્પન્ન થતી નથી તે કારણથી આત્મા જ્યારે ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે ત્યારે ઉત્પન્ન થતા [1]સાથે જ (તપેલામાં નખેલા અગ્નિની માફક) પ્રતિસમય આહારના પુદ્ગલો ગ્રહણ કરતો જાય છે. અને તે અમુક અમુક પ્રમાણમાં—જથ્થામાં જ્યારે ગ્રહણ થઈ જાય છે ત્યારે તે તે પુદ્ગલના જથ્થા-સમૂહ દ્વારા આત્મામાં અમુક અમુક કાર્ય કરવાની (જીવનનિર્વાહમાં ઉપયોગી અમુક કાર્યો કરવાની) જે શક્તિ ઉત્પન્ન થાય છે તે તે આહાર પર્યાપ્તિ આદિ પર્યાપ્તિઓના નામથી ઓળખાય છે. માટે પુદ્ગલના ઉપચ-

[illegible]

[illegible]

[illegible]

યથી (=સમૂહથી) ઉત્પન્ન થયેલ આત્માની (આહાર પરિણમનાદિમાં) જે શક્તિ વિશેષ તે પર્યાપ્તિ એ અર્થ અતિ પ્રસિદ્ધ છે. તે આહાર પર્યાપ્તિ આદિ ૬ પર્યાપ્તિઓનું યત્કિંચિત્ સ્વરૂપ મનુષ્યના તથા તિર્યંચના [1]ઔદારિક શરીર સંબંધિ પર્યાપ્તિઓને અનુસરીને કહેવાય છે, તે આ પ્રમાણે—

૧ આહાર પર્યાપ્તિ—ઉત્પત્તિ સ્થાને રહેલા આહારને જીવ જે શક્તિ વડે ગ્રહણ કરે અને ગ્રહણ કરીને ખલ રસ રૂપે જુદા પાડે તે આહાર પર્યાપ્તિ. (અહિં ખલ એટલે અસાર પુદ્‌ગલોને મળમૂત્રાદિ રૂપે ત્યાગ કરે અને શરીરાદિ રચનામાં ઉપયોગી થાય તેવાં પુદ્‌ગલોને શરીરાદિ રૂપે જુદાં પાડે તે રસ છે. આ પર્યાપ્તિ પ્રથમ સમયે જ સમાપ્ત થાય છે.)

૨ શરીર પર્યાપ્તિ—રસ રૂપે જુદાં પાડેલ પુદ્‌ગલોમાંથી કેટલાંક પુદ્‌ગલોને જીવ જે શક્તિ વડે શરીરરૂપે-સાત ધાતુરૂપે રચે તે શરીર પર્યાપ્તિ. (અહિં શરીર યોગપ્રવૃત્તિમાં સમર્થ થાય ત્યાં સુધીની જે શરીરરચના તે શરીર પર્યાપ્તિની (શક્તિની) સમાપ્તિ છે, અને તે સામર્થ્ય અન્તર્મુહૂર્ત સુધી શરીર યોગ્ય પુદ્‌ગલો મળવાથી પ્રગટ થાય છે.)

૩ ઇન્દ્રિય પર્યાપ્તિ—રસરૂપે જુદાં પડેલ પુદ્‌ગલોમાંથી તેમજ સાત ધાતુમય શરીરરૂપે રચાયલાં પુદ્‌ગલોમાંથી પણ ઇન્દ્રિય યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરી ઇન્દ્રિયપણે પરિણમાવવાની જે શક્તિ તે ઇન્દ્રિય પર્યાપ્તિ. (શરીર પર્યાપ્તિ સમાપ્ત થયા બાદ પણ બીજા અન્તર્મુહૂર્ત સુધી મળવેલાં ઇન્દ્રિયપુદ્‌ગલોથી રચાતી અભ્યન્તર નિર્વૃત્તિ ઇન્દ્રિય જ્યારે વિષયબોધ કરવામાં સમર્થ થાય છે ત્યારે આ ઇન્દ્રિય પર્યાપ્તિની સમાપ્તિ ગણાય છે).

૪ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ—જે શક્તિવડે શ્વાસોચ્છ્વાસ યોગ્ય વર્ગણાનાં પુદ્‌ગલો ગ્રહણ કરી શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવી અવલંબીને વિસર્જે તે શક્તિનું નામ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ છે. (ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ પણ બીજા અન્તર્મુહૂર્ત સુધી ગ્રહણ કરેલી શ્વાસોચ્છ્વાસ વર્ગણાને શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવવામાં ઉપકારી પુદ્‌ગલોથી જ્યારે જીવ શ્વાસોચ્છ્વાસ ક્રિયામાં સમર્થ થાય છે ત્યારે આ પર્યાપ્તિની સમાપ્તિ ગણાય છે).

---

[1] [illegible]

૫ ભાષા પર્યાપ્તિ—જીવ જે શક્તિવડે ભાષા યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી ભાષાપણે પરિણમાવી અવલંબીને વિસર્જન કરે તે શક્તિનું નામ ભાષા પર્યાપ્તિ. [શ્વાસો૦ પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ પણ ચોથા અન્તર્મુ૦ સુધી ગ્રહણ કરેલાં (ભાષા પુદ્ગલોને ભાષાપણે પરિણમાવવામાં ઉપકારી) પુદ્ગલોથી જીવ જ્યારે વચનક્રિયામાં સમર્થ થાય છે ત્યારે આ પર્યાપ્તિની સમાપ્તિ ગણાય છે.]

૬ મનઃ પર્યાપ્તિ—જીવ જે શક્તિવડે મનઃ પ્રાયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી મનપણે પરિણમાવી અવલંબીને વિસર્જન કરે તે શક્તિનું નામ મનઃ પર્યાપ્તિ. [ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ પણ પાંચમા અન્તર્મુ૦ સુધી ગ્રહણ કરેલ (મનોયોગ્ય પુદ્ગલોને મનપણે પરિણમાવવામાં સમર્થ) પુદ્ગલોથી જીવ જ્યારે વિચારચિન્તનમાં સમર્થ થાય ત્યારે આ પર્યાપ્તિ સમાપ્ત થઇ ગણાય છે.]

દેવાદિકને પર્યાપ્તિઓનો ક્રમ.

એ પ્રમાણે મનુષ્ય તિર્યંચને આહાર પર્યાપ્તિ ૧ સમયમાં અને શેષ પાંચ પર્યાપ્તિ અનુક્રમે અન્તર્મુહૂર્ત અન્તર્મુહૂર્તે કરીને સમાપ્ત થાય છે, અને દેવ નારક સંબંધિ તથા ઉત્તરવૈક્રિય અને આહારક શરીર સંબંધિ પર્યાપ્તિઓમાં તો આહાર પર્યાપ્તિ પ્રથમ સમયે, શરીર પર્યાપ્તિ ત્યારબાદ અન્તર્મુહૂર્તે અને શેષ ચાર પર્યાપ્તિઓ અનુક્રમે એકેક સમયને અન્તરે સમાપ્ત થાય છે. વળી શ્રી ભગવતીજી આદિકમાં તો દેવોને ભાષા પર્યાપ્તિ અને મનઃ પર્યાપ્તિ સમકાળે સમાપ્ત કરવાની અપેક્ષાએ દેવને પાંચ પર્યાપ્તિ કહી છે.

॥ ૬ પર્યાપ્તિઓ પુદ્ગલ સ્વરૂપ છે. ॥

[illegible]

વડે આત્માને આહાર ગ્રહણાદિ સામર્થ્ય ઉત્પન્ન થાય છે, અને તે કરણ જે પુદ્ગલોવડે રચાય છે, તે આત્માએ ગ્રહણ કરેલા પુદ્ગલો કે જે તથાપ્રકારની પરિણતિવાળા છે તેજ પર્યાપ્તિ શબ્દવડે કહેવાય છે (અર્થાત્ તે પુદ્ગલોનુંજ નામ પર્યાપ્તિ છે.)"

લબ્ધિ અપર્યાપ્ત વિગેરે ૪ ભેદ.

પર્યાપ્તિઓ સમાપ્ત થવાના કાળને અંગે જીવના પણ પર્યાપ્ત અપર્યાપ્ત એ બે મુખ્ય ભેદ છે. ત્યાં જે જીવ [1]સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ મરણ પામે તે જીવ પર્યાપ્ત કહેવાય. અને નિર્ધને કરેલા મનોરથોની માફક જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના મરણ પામે તેવો જીવ અપર્યાપ્ત કહેવાય. એ પર્યાપ્તપણું પ્રાપ્ત થવું તે પર્યાપ્ત નામકર્મના ઉદયથી હોય છે, અને અપર્યાપ્ત નામ કર્મના ઉદયથી જીવને અપર્યાપ્તપણું પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે જીવના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે મુખ્ય ભેદ છે. પુનઃ એ બે ભેદમાં અવાન્તર ભેદ પણ છે તે સર્વ ભેદ જૂદા પાડતાં ચાર ભેદ થાય છે તે આ પ્રમાણે—

૧ લબ્ધિ અપર્યાપ્ત—જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે (અને મરણ પામી જાય) તે લબ્ધિ અપર્યાપ્ત કહેવાય. પૂર્વ ભવમાં બાંધેલા અપર્યાપ્ત નામ કર્મના ઉદયવડે જીવ [2]લબ્ધિ અપર્યાપ્ત થાય છે. અને આ જીવો પ્રથમની ૩ પર્યાપ્તિઓજ પૂર્ણ કરી શકે છે. અને [3]ચોથી અથવા [4]ચોથી પાંચમી અથવા [5]ચોથી પાંચમી અને છઠ્ઠી પર્યાપ્તિઓ અપૂર્ણજ રહે છે.

---

૧ "સ્વયોગ્ય" એટલે આજ ગાથામાં જે એકેન્દ્રિયને ૪, વિકલેન્દ્રિયને ૫, અસંજ્ઞિ પંચેન્દ્રિયને ૫, તથા સંજ્ઞિ પંચેન્દ્રિયને ૬ પર્યાપ્તિઓ કહી છે તે પ્રમાણે એકેન્દ્રિયને સ્વયોગ્ય પર્યાપ્તિઓ ૪ ઇત્યાદિ રીતિ જાણવું.

૨ અહિં લબ્ધિ એટલે પર્યાપ્ત અપર્યાપ્ત નામકર્મજન્ય યોગ્યતા અથવા [illegible] નામકર્મનો ઉદય જાણવો. [illegible] પર્યાપ્ત પર્યાપ્ત નામકર્મનો, [illegible] અપર્યાપ્ત નામકર્મનો ઉદય તેજ લબ્ધિરૂપ છે.

૩. એકેન્દ્રિયને ૪. વિકલેન્દ્રિય તથા અસંજ્ઞિ પંચેન્દ્રિયને

૫ સંજ્ઞિ પંચેન્દ્રિયને

૨ લબ્ધિ પર્યાપ્ત—જે જીવ (પોતાના મરણ પહેલાં) સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરશે તે જીવ (પૂર્ણ કર્યા પહેલાં અથવા પછી પણ) લબ્ધિ પર્યાપ્ત કહેવાય. પૂર્વ ભવે બાંધેલા પર્યાપ્ત નામ કર્મના ઉદયવાળો જીવ આ ભવમાં સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરી શકે છે. (અર્થાત્ પૂર્ણ કરીને મરણ પામે છે.)

૩ કરણ અપર્યાપ્ત—ઉત્પત્તિ સ્થાને જે સમકાલે સર્વ સ્વયોગ્ય પર્યાપ્તિઓની રચનાનો પ્રારંભ થયો છે તે જ્યાં સુધી સમાપ્ત ન થાય ત્યાં સુધી જીવ કરણ અપર્યાપ્ત કહેવાય. અહિં કરણ એટલે સ્વયોગ્ય ઇન્દ્રિયાદિ પર્યાપ્તિઓ તે વડે અપર્યાપ્ત (એટલે અસમાપ્ત) હોવાથી કરણ અપર્યાપ્ત ગણાય. પૂર્વે કહેલ લબ્ધિ પર્યાપ્ત તથા લબ્ધિ અપર્યાપ્ત એ બન્ને જીવને કરણ અપર્યાપ્તત્વ હોય છે, તેમાં લબ્ધિ પર્યાપ્ત જીવ તો પ્રથમ કરણ અપર્યાપ્ત હોઈ પર્યાપ્તિઓ પૂર્ણ થયા બાદ કરણ પર્યાપ્ત થવાનો છે. અને લબ્ધિ અપર્યાપ્ત જીવને તો કરણ પર્યાપ્તપણું થવાનું જ નથી.

૪ કરણ પર્યાપ્ત—ઉત્પત્તિસ્થાને જે સમકાલે સર્વ સ્વયોગ્ય પર્યાપ્તિઓની (એટલે પર્યાપ્તિ [illegible] પુદ્ગલસમૂહની) રચનાનો પ્રારંભ થયો છે તે રચના સમાપ્ત થયા બાદ જીવ કરણ પર્યાપ્ત કહેવાય. [illegible] પ્રમાણે લબ્ધિ પર્યાપ્ત જીવ જ કરણ પર્યાપ્ત થઈ શકે છે.

લબ્ધિ અપર્યાપ્ત વિગેરે ૪ ભેદનો કાળ.

૧ લબ્ધિ અપર્યાપ્ત [illegible]

[illegible]

પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યાં સુધી (એટલે સર્વ મળી અન્તર્મુહૂર્તનો છે)-જેથી વારે વહેતાં પણ લબ્ધિ અપર્યાપ્ત ગણાય.

૨ લબ્ધિ પર્યાપ્તપણાનો કાળ ભવના પ્રથમ સમયથી (એટલે પૂર્વ ભવમાંથી છૂટે તેજ સમયથી) સંપૂર્ણ ભવ પર્યન્ત (એટલે દેવને ૩૩ સાગરોપમ, મનુષ્યને ૩ પલ્યોપમ ઇત્યાદિ.) જેથી વારે વહેતો જીવ પણ લબ્ધિ પર્યાપ્ત કહેવાય.

૩ કરણ અપર્યાપ્તપણાનો કાળ ભવના પ્રથમ સમયથી સ્વ-યોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી (એટલે સર્વ મળીને અન્તર્મુહૂર્ત), તથા વારે વહેતો જીવ પણ કરણ અપર્યાપ્ત ગણાય.

૪ કરણ પર્યાપ્તપણાનો કાળ લબ્ધિ પર્યાપ્તના આયુષ્યમાંથી પર્યાપ્તિઓ પૂર્ણ કરવાનો અન્તર્મુહૂર્ત જેટલો કાળ બાદ કરે તેટલો જાણવો. અર્થાત્ અન્તર્મુહૂર્ત ન્યૂન સ્વઆયુષ્ય પ્રમાણ. (જેથી દેવને અન્તર્મુ૦ ન્યૂન ૩૩ સાગરોપમ અને મનુષ્યને અન્તર્મુ૦ ન્યૂન ૩ પલ્યોપમ ઇત્યાદિ).

એ ચાર પ્રકારના પર્યાપ્ત જીવોનો અર્થ કહીને તે જીવોના ભેદની પરસ્પર પ્રાપ્તિનું કોષ્ટક દર્શાવાય છે તે આ પ્રમાણે—

૧ लब्धि अपर्याप्तमां—લબ્ધિ અપર્યાપ્ત અને કરણ અપર્યાપ્ત. (તથા અપેક્ષાએ [1]બીજા અર્થ પ્રમાણે કરણપર્યાપ્ત પણ.)
૨ लब्धि पर्याप्तमां—લબ્ધિપર્યાપ્ત-કરણપર્યાપ્ત-કરણ અપર્યાપ્ત.
૩ करण अपर्याप्तमां—કરણઅપર્યાપ્ત-લબ્ધિઅપર્યાપ્ત-લબ્ધિ પર્યાપ્ત.
૪ करण पर्याप्तमां—કરણપર્યાપ્ત-લબ્ધિપર્યાપ્ત (અપેક્ષાએ બીજા અર્થ પ્રમાણે લબ્ધિ અપર્યાપ્ત પણ.)

પર્યાપ્તિના ભેદ પ્રતિભેદની સ્થાપના.

जीव

लब्धि अपर्याप्त — करण अपर्याप्त

लब्धि पर्याप्त — करण अपर्याप्त, करण पर्याप्त



[1] [illegible]

ઉત્તરદેહમાં ભિન્ન પર્યાપ્તિ રચના.

લબ્ધિવંત જીવે પોતાના જન્મના મૂળ શરીરની રચના સમયે જે ચાર અથવા છ પર્યાપ્તિઓ સમાપ્ત કરી છે તે પર્યાપ્તિઓ વડે સંપૂર્ણ ભવ સુધી પર્યાપ્ત કહેવાય છે, પરન્તુ એજ જીવ (તથાવિધ લબ્ધિવાળો હોઈને) જ્યારે પર્યાપ્ત અવસ્થામાં બીજું નવું શરીર બનાવે છે, ત્યારે પુનઃ તે નવા શરીર સંબંધિ ચાર અથવા છ પર્યાપ્તિઓ નવેસરથી કરે છે પરન્તુ પ્રથમની કરેલી જન્મ શરીર સંબંધિ પર્યાપ્તિઓ ઉપયોગી થતી નથી. ત્યાં લબ્ધિપર્યાપ્ત બાદર વાયુકાયમાંના જે વૈક્રિયશરીર રચવાની શક્તિવાળા કેટલાએક લબ્ધિ બાદર પર્યાપ્ત વાયુકાય જીવો છે તે જીવોએ જન્મ સમયે ઔદારિક શરીર સંબંધિ ૪ પર્યાપ્તિ કરી છે તોપણ પુનઃ બીજું નવું શરીર (એટલે વૈક્રિયશરીર) રચતી વખતે નવીન વૈક્રિયશરીર સંબંધિ જુદી ૪ પર્યાપ્તિઓ કરે છે. તથા આહારકલબ્ધિવંત ચૌદપૂર્વધર મુનિ મનુષ્યભવે જન્મસમયે ઔદારિકશરીરની ૬ પર્યાપ્તિઓ કરી છે, તોપણ આહારકશરીરની રચના પ્રસંગે આહારક દેહ સંબંધિ નવી ૬ પર્યાપ્તિઓ કરે છે. એ પ્રમાણે લબ્ધિવંત મનુષ્યોના પણ મૂળ દેહની ૬ પર્યાપ્તિ ભિન્ન અને ઉત્તરદેહની ૬ પર્યાપ્તિ ભિન્ન કહેવાય છે.

પર્યાપ્તિઓનો પ્રારંભ સમકાળે અને સમાપ્તિ અનુક્રમે.

[illegible]

(એટલે સાત ધાતુયોગ્ય), કેટલાંક [1]ઇન્દ્રિયપણે, કેટલાંક ઉચ્છ્વાસ કાર્યમાં સહાયકરૂપે, કેટલાંક ભાષાકાર્યમાં સહાયકરૂપે, અને કેટલાંક મનઃકાર્યમાં સહાયકરૂપે પરિણમેલાં છે, અને તેટલાં અલ્પ અલ્પ પુદ્ગલોદ્વારા આત્માને તે તે કાર્યમાં કંઇક કંઇક અંશે શક્તિ પ્રાપ્ત થઇ છે, તે કારણથી સર્વે પર્યાપ્તિઓ સમકાળે પ્રારંભાય છે એમ કહેવામાં આવે છે, અને સમાપ્તિ તો અનુક્રમે જ થાય છે, તેનું કારણ પર્યાપ્તિઓનો અર્થ વાંચવાથી જ સહેજે સમજાયું હશે. અહિં ઘણું વર્ણન લખવું યોગ્ય નથી.

૬ પર્યાપ્તિઓ અનુક્રમે સૂક્ષ્મ સૂક્ષ્મતર.

પુનઃ પર્યાપ્તિઓ સમકાળે પ્રારંભાવા છતાં પણ અનુક્રમે પૂર્ણ થવાનું કારણ એ છે કે એમાંની પહેલી આહાર પર્યાપ્તિ સ્થૂલ છે, બીજી શરીર પર્યાપ્તિ તેથી સૂક્ષ્મ છે, અને ત્રીજી પર્યાપ્તિ યાવત્ છઠ્ઠી તેથી પણ અધિક સૂક્ષ્મ સૂક્ષ્મ છે, અને અનુક્રમે અધિક અધિક પુદ્ગલ સમુદયવડે તે તે પર્યાપ્તિની સૂક્ષ્મતા બની શકે છે, અને અધિક અધિક પુદ્ગલ સમૂહ મેળવવામાં કાળ પણ અધિક અધિક જ લાગે છે. જેમ શેર રૂ કાંતવાને છએ કાંતનારીઓ સમકાળે કાંતવા માંડે તોપણ જાડું સૂત્ર કાંતનારી કોકડું વહેલું પૂર્ણ કરે, અને અધિક અધિક સૂક્ષ્મ સૂત્ર કાંતનારી કોકડું ઘણા વિલંબે પૂર્ણ કરે છે, તેમ પર્યાપ્તિઓની સમાપ્તિના સંબંધમાં પણ જાણવું. (ઇત્યાદિ ભાવાર્થ શ્રી તત્ત્વાર્થસૂત્રની ટીકા માં કહ્યો છે.)

પ્રાણનું કારણ પર્યાપ્તિ.

વળી આ પર્યાપ્તિઓ પૂર્ણ થવાથીજ આગળ (સાતમી ગાથામાં) કહેવાતા જીવના દ્રવ્ય પ્રાણો ઉત્પન્ન થાય છે. માટે પર્યાપ્તિ કારણરૂપ છે. અને પ્રાણ કાર્યરૂપ છે. કઇ પર્યાપ્તિ કયા પ્રાણનું કારણ છે તે પ્રાણના વર્ણનમાં આગળ કહેવાશે.

કયા જીવને કેટલી પર્યાપ્તિ ?

એ પ્રમાણે પર્યાપ્તિ સંબંધિ અતિ સંક્ષિપ્ત વિચાર કરીને હવે

---

[1] [illegible] ઇન્દ્રિય [illegible]

ચઉ પંચ પંચ છપ્પિય, ઇગવિગલાઽસન્નિસન્નીણં એ ગાથાના ઉત્તરાર્ધથી કયા જીવને કેટલી પર્યાપ્તિ હોય તે દર્શાવાય છે— એકેન્દ્રિય જીવને પહેલી ચાર પર્યાપ્તિ (એટલે આહાર-શરીર-ઇન્દ્રિય-અને ઉચ્છ્વાસ), દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય તથા ચતુરિન્દ્રિય જીવને પહેલી પાંચ પર્યાપ્તિ (એટલે ભાષા અધિક છે), તથા અસંજ્ઞિપંચેન્દ્રિયને પણ એજ પહેલી પાંચ પર્યાપ્તિ છે, અને સંજ્ઞિપંચેન્દ્રિય જીવને છએ પર્યાપ્તિ હોય છે. ॥ इति पर्याप्तिस्वरूपम् ॥

અવતરણ- પૂર્વ ગાથામાં પર્યાપ્તિઓનું સ્વરૂપ કહ્યું. તે પર્યાપ્તિઓ જીવના ૧૦ દ્રવ્ય પ્રાણનું કારણ છે. અને ૧૦ દ્રવ્ય પ્રાણ તે કાર્ય છે. માટે તે કારણરૂપ પર્યાપ્તિઓ કહીને હવે આ ગાથામાં તેના કાર્યરૂપ ૧૦ દ્રવ્ય પ્રાણ તથા કયા જીવને કેટલા દ્રવ્યપ્રાણ હોય ? તે કહે છે.

અથવા પૂર્વે ૫ મી ગાથામાં જીવના જ્ઞાનાદિક ભાવ પ્રાણ કહ્યા, અને હવે આ ગાથામાં જીવના દ્રવ્ય પ્રાણ કહે છે.

पणिंदिअत्तिबलूसा-साऊ दस पाण चउ छ सग अट्ठ
इग-दु-ति-चउरिंदीणं, असन्नि-सन्नीण नव दस य ॥७॥

સંસ્કૃત અનુવાદ.

पञ्चेन्द्रियत्रिबलोच्छ्वासायूंषि दश प्राणाश्चत्वारः षट् सप्ताष्ट ।
एकद्वित्रिचतुरिन्द्रियाणामसंज्ञिसंज्ञिनां नव दश च ॥७॥

[illegible]

[illegible]

શબ્દાર્થઃ

पणिंदिअ=પાંચ ઇન્દ્રિયો	अट्ठ=આઠ પ્રાણ
त्ति=ત્રણ	इग=એકેન્દ્રિયને
बल=બળ-યોગ	दु=દ્વીન્દ્રિયને
ऊसास=શ્વાસોચ્છ્વાસ	ति=ત્રીન્દ્રિયને
आऊ=આયુષ્ય	चउरिंदीणं=ચતુરિન્દ્રિયને
दस=દશ	असन्नि=અસંજ્ઞિ પંચેન્દ્રિયને
पाण=પ્રાણ છે	सन्नीण=સંજ્ઞિ પંચેન્દ્રિયોને
चउ=ચાર પ્રાણ	नव=નવ પ્રાણ
छ=છ પ્રાણ	दस=દશ પ્રાણ
सग=સાત પ્રાણ	य=વળી, અને

गाथार्थः—૫ ઇન્દ્રિયો, ૩ બળ (એટલે યોગ), શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ ૧૦ પ્રાણ છે. ત્યાં એકેન્દ્રિયને ૪ પ્રાણ, દ્વીન્દ્રિયને ૬ પ્રાણ, ત્રીન્દ્રિયને ૭ પ્રાણ, ચતુરિન્દ્રિયને ૮ પ્રાણ, અસંજ્ઞિપંચેન્દ્રિયને ૯ પ્રાણ, તથા સંજ્ઞિપંચેન્દ્રિયને ૧૦ પ્રાણ હોય છે. ॥૭॥

विशेषार्थः—प्राणिति-जीवति अनेनेति प्राणः=જેના વડે જીવને પ્રાણ કહેવાય. અર્થાત્ આ જીવ છે, અથવા આ જીવે છે એવી પ્રતીતિ જે બાહ્ય લક્ષણોથી થાય તે બાહ્ય લક્ષણોનું નામ અહિં प्राण (એટલે द्रव्य प्राण) કહેવાય છે. એ ૧૦ પ્રાણ જીવને જ હોય છે, અને જીવદ્રવ્ય સિવાય બીજા દ્રવ્યમાં એ પ્રાણ હોય નહિં માટે એ ૧૦ દ્રવ્ય પ્રાણ તે જીવનું લક્ષણ (બાહ્ય લક્ષણ) છે.

५ इन्द्रियप्राणः—સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ ૫ ઇન્દ્રિય છે. इन्द्र એટલે આત્મા તેનું જે લિંગ-ચિહ્ન તે इन्द्रिय કહેવાય. દેખાતી ત્વચા-ચામડી તે સ્પર્શેન્દ્રિય નથી પરન્તુ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી પાતળી, શરીરના બાહ્ય તથા અભ્યન્તર ભાગ જેવડા (અથવા શરીર પ્રમાણ અન્દરથી અને બહારથી) વિસ્તારવાળી, શરીરના બાહ્ય તથા અભ્યન્તર ભાગમાં પથરાયલી, અને ચક્ષુથી ન દેખી શકાય તેવી શરીરના આકારવાળી (અભ્યન્તર) નિર્વૃત્તિ એક જ આકારવાળી સ્પર્શેન્દ્રિય છે. જીભ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી પાતળી, અંગુલ પૃથક્ત્વ વિસ્તારવાળી, ચક્ષુથી ન દેખી શકાય તેવી, દેખાતી જીભમાં

પથરાયલી અને ઘાસ ઉખેડવાની ખુરપલી સરખા આકાર-વાળી એવી અભ્યન્તર નિર્વૃત્તિરૂપ રસનેન્દ્રિય છે. તથા અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી પાતળી લાંબી પહોળી, ચક્ષુથી ન દેખી શકાય એવી, નાસિકાની અંદર રહેલી, પડઘમના આકારવાળી અભ્યન્તરનિર્વૃત્તિ રૂપ ઘ્રાણેન્દ્રિય છે. તથા ઘ્રાણેન્દ્રિય સરખા પ્રમા-ણવાળી ચક્ષુથી ન દેખી શકાય એવી ચક્ષુની કીકીના તારામાં રહેલી અને મસૂરાકૃતિવાળી અભ્યન્તર નિર્વૃત્તિ રૂપ ચક્ષુરિન્દ્રિય છે. તથા એટલાજ પ્રમાણવાળી શ્રોત્રેન્દ્રિય પણ છે, પરન્તુ તે કર્ણપ-ર્પટિકાના (કાન પાપડીના) છિદ્રમાં રહેલી અને કદંબપુષ્પના આકાર-વાળી છે. એ પ્રમાણે વિષયબોધ ગ્રહણ કરવાવાળી એ પાંચે ઇન્દ્રિયો અભ્યન્તર રચના (આકાર)વાળી હોવાથી અભ્યન્તર નિર્વૃત્તિ કહેવાય છે, અને ચક્ષુથી દેખાતી ઉપરની ઇન્દ્રિયોને બાહ્ય રચના (આકાર)વા-ળી હોવાથી બાહ્યનિર્વૃત્તિ ઇન્દ્રિય કહેવાય. તે વિશેષ ઉપયોગી નહિ.

૨ ત્રણ બળ (ત્રણ પ્રાણ)—મનોયોગ વચનયોગ અને કાયયોગ એ ૩ યોગ છે. યોગ એટલે જીવનો વ્યાપાર. એ ૩ યોગનો અર્થ સ્પષ્ટ છે.

૩ ઉચ્છ્વાસ પ્રાણ [illegible]

[illegible]

[illegible]

શકે તેટલા કાળનું નામ काळ आयुष्य છે. જીવને જીવવામાં એ આયુષ્ય કર્મનાં પુદ્ગલો જ (આયુષ્યનો ઉદય જ) મૂળ-મુખ્ય કારણરૂપ છે. આયુષ્યનાં પુદ્ગલો સમાપ્ત થયે આહારાદિ અનેક સાધનોવડે પણ જીવ જીવી શકતો નથી. એ બે પ્રકારના આયુષ્યમા જીવને દ્રવ્ય આયુષ્ય તો અવશ્ય પૂર્ણ કરવું પડે છે, અને કાળ આયુષ્ય તો પૂર્ણ કરે અથવા ન પણ કરે. કારણ કે એ આયુષ્ય જો अनपवर्तनीय (એટલે કોઈ પણ ઉપાયે દ્રવ્ય આયુષ્ય શીઘ્ર ક્ષય ન પામે એવું) હોય તો સંપૂર્ણ કાળે મરણ પામે, અને જો अपवर्तनीय (શસ્ત્રાદિકના આઘાત વિગેરેથી દ્રવ્ય આયુષ્ય શીઘ્ર ક્ષય પામવાના સ્વભાવવાળું) હોય તો અપૂર્ણ કાળે પણ મરણ પામે છે. પરન્તુ દ્રવ્યાયુષ્ય તો સંપૂર્ણ કરીને જ મરણ પામે છે.

॥ કયા જીવને કેટલા પ્રાણ હોય ? ॥

સર્વ एकेन्द्रिय જીવોને સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ ૪ પ્રાણ હોય છે. द्वीन्द्रिय જીવોને રસનેન્દ્રિય તથા વચનબળ અધિક હોવાથી ૬ પ્રાણ હોય છે. त्रीन्द्रियને ઘ્રાણેન્દ્રિય અધિક હોવાથી ૭ પ્રાણ હોય છે. ચતુરિન્દ્રિયને ચક્ષુ ઇન્દ્રિય અધિક હોવાથી ૮ પ્રાણ, અસંજ્ઞિપંચેન્દ્રિયને શ્રોત્રેન્દ્રિય અધિક હોવાથી ૯ પ્રાણ અને સંજ્ઞિપંચેન્દ્રિયને મનઃ પ્રાણ અધિક હોવાથી ૧૦ પ્રાણ હોય છે.

અપર્યાપ્ત જીવોને (લબ્ધિ અપર્યાપ્ત જીવોને) ઉત્કૃષ્ટથી ૭ પ્રાણ હોય છે, અને જઘન્યથી ૩ પ્રાણ હોય છે. ત્યાં અપર્યાપ્ત એકેન્દ્રિયને ૩ પ્રાણ અને અપર્યાપ્ત પંચેન્દ્રિયને ૭ પ્રાણ હોય છે. એમ જીવોને યથાસંભવ વિચારવા. કારણ કે અપર્યાપ્તપણામાં શ્વાસોચ્છ્વાસ વચનબળ અને મનબળ એ ત્રણ પ્રાણ હોય નહિ. માટે સંમૂર્છિમ મનુષ્યને પણ *૭ પ્રાણ હોય છે. કારણ કે

* દ્રવ્ય લોકપ્રકાશમાં ૭-૮ તથા પ્રાચીન [illegible] અને [illegible] સંમૂર્છિમ મનુષ્યને ૯ પ્રાણ પણ કહ્યા છે, પરન્તુ [illegible]

સંમૂર્છિમ મનુષ્ય તો નિશ્ચયથી અપર્યાપ્ત જ હોય છે, અને કેટલા- ગ્રંથોમાં ૭—૮ પ્રાણ કહ્યા છે તે અપેક્ષા ભેદ સંભવે છે.

॥ પ્રાણ અને પર્યાપ્તિમાં તફાવત ॥

પર્યાપ્તિ તે પ્રાણ ઉત્પન્ન થવામાં કારણરૂપ છે, અને પ્રાણ કાર્ય રૂપ છે, પર્યાપ્તિ અન્તર્મુહૂર્તના કાળવાળી છે, અને પ્રાણ ભવપ્રમાણી છે એટલે આખા ભવસુધી પહોંચનારા હોય છે. જો કે પર્યાપ્તિ પણ આખા ભવ સુધી હોય છે, પરન્તુ અહિં પર્યાપ્તિની નિષ્પત્તિ અપેક્ષાએ અન્તર્મુહૂર્ત કાળ વાળી કહી છે. હવે કયા પ્રાણો કઈ પર્યાપ્તિવડે ઉત્પન્ન થએલ હોય છે તે કહેવાય છે—

૫ ઇન્દ્રિય પ્રાણ—મુખ્યત્વે ઇન્દ્રિય પર્યાપ્તિવડે.		
૧ કાયબળ	..	શરીર પર્યાપ્તિવડે
૧ વચનબળ	..	ભાષા પર્યાપ્તિ વડે
૧ મનોબળ	..	મનઃ પર્યાપ્તિ વડે
૧ શ્વાસોચ્છ્વાસ પ્રાણ	..	શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ વડે
૧ આયુષ્ય પ્રાણ	..	(એમાં આહારાદિક પર્યાપ્તિ [illegible] [illegible] કારણરૂપ છે.)

જીવતત્ત્વ જાણવાનો હેતુ.

પ્રશ્ન: જીવતત્ત્વ જ્ઞેય (જાણવા લાયક) છે. તો જીવ તત્ત્વ જાણવાનું [illegible] (અંતરંગ) શું?

ઉત્તર: [illegible]

અનન્ત ગુણવાળા છે તો અક્ષરના અનન્તમા ભાગ જેટલા જ્ઞાનવાળા જીવના ૧૪ ભેદ વિગેરે ભેદો શી રીતે? આ બધી વિષમતા શી? ઈત્યાદિ વિષમભાવના વિચારતાં આત્માને વિવેક જાગૃત થાય છે, તેમજ ૧૪ ભેદ વિગેરે અનેક જીવભેદોનું જ્ઞાન થવાથી જીવની હિંસા અહિંસાદિકમાં પણ હેય ઉપાદેયનો વિવેક જાગૃત થાય છે, અને એ પ્રમાણે આત્માને જીવસ્વરૂપનો વિવેક જાગૃત થતાં આત્મસ્વરૂપની પ્રાપ્તિના ઉપાય રૂપ પુણ્યતત્ત્વ સંવરતત્ત્વ અને નિર્જરાતત્ત્વ એ ત્રણ તત્ત્વ જે ઉપાદેય છે તે ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત થાય છે, અને આત્માને આત્મસ્વરૂપમાંથી ભ્રષ્ટ કરનાર પાપતત્ત્વ આશ્રવતત્ત્વ તથા બન્ધતત્ત્વ જે હેય છે તે હેય સ્વરૂપે પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે આઠે તત્ત્વો પોતપોતાના હેય જ્ઞેય ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત થતાં આત્માને અન્તે મોક્ષતત્ત્વ પણ ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત થાય છે, અને મોક્ષતત્ત્વની પ્રાપ્તિથી આ આત્મા પોતાના સ્વાભાવિક આત્મસ્વરૂપને પામે છે, એજ સંક્ષેપમાં જીવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ છે. ॥ इति १ जीवतत्त्वम् ॥

॥ इति नवतत्त्वप्रकरणस्य विवरणे प्रथमं जीवतत्त्वं समाप्तम् ॥



॥ अथ अजीवतत्त्वम् ॥

अवतरण—હવે અજીવતત્ત્વના વર્ણનમાં પ્રથમ આ ગાથાને વિષે અજીવ તત્ત્વના ૧૪ ભેદ કહે છે.

धम्माधम्मागासा, तिय तिय भेया तहेव अद्धा य।
खंधा देस पएसा, परमाणु अजीव चउदसहा ॥८॥

સંસ્કૃત અનુવાદ

धर्माऽधर्माऽऽकाशा-स्त्रिकत्रिकभेदास्तथाऽद्धा च ॥
स्कन्धा देशाः प्रदेशाः, परमाणवोऽजीवश्चतुर्दशधा ॥ ८ ॥

અન્વય સહિત પદચ્છેદ.

धम्म अधम्म आगासा, तिय तिय भेया तह एव अद्धा य

खंधा देस पएसा, परमाणु अजीव चउदसहा ॥ ८ ॥

શબ્દાર્થ:

धम्म = ધર્માસ્તિકાય	खंधा = સ્કંધ (આખો ભાગ)
अधम्म = અધર્માસ્તિકાય	देस = દેશ (ન્યૂન ભાગ)
आगासा = આકાશાસ્તિકાય	पएसा = પ્રદેશ (સ્કંધપ્રતિબદ્ધ અણુ)
तिय तिय = ત્રણ ત્રણ	परमाणु = છૂટો અણુ
भेया = ભેદવાળા છે	अजीव = અજીવના
तह एव = તેમજ	चउदसहा = ચૌદ ભેદ છે.
अद्धा = કાળ	

ગાથાર્થઃ—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય (એ ત્રણ દ્રવ્યો) ત્રણ ત્રણ ભેદવાળા છે. તેમજ કાળ એ એક ભેદ. તથા (પુદ્ગલના) સ્કંધ દેશ પ્રદેશ અને પરમાણુ (એ ૪ ભેદ છે. એથી બધા મળી) અજીવના ૧૪ ભેદ છે ॥૮॥

વિશેષાર્થઃ— [illegible]

[illegible]

[illegible]

છે, તેમાં કાળનો ૧ ભેદ ગણતાં ૧૦ ભેદ થાય, અને સ્કંધ દેશ પ્રદેશ અને પરમાણુ એ ૪ ભેદ પુદ્ગલના મેળવતાં પાંચ અજીવના ૧૪ ભેદ થાય છે.

અહિં અસ્તિ એટલે પ્રદેશનો કાય એટલે સમૂહ જે દ્રવ્યને હોય તે અસ્તિકાય કહેવાય, કાળ તો કેવળ વર્તમાન સમયરૂપ ૧ પ્રદેશવાળો હોવાથી પ્રદેશ સમૂહના અભાવે કાળને અસ્તિકાય કહેવાય નહિં, માટે અસ્તિકાય દ્રવ્ય તો જીવ સહિત પાંચ દ્રવ્ય છે. તે કારણથી સિદ્ધાન્તમાં પંચાસ્તિકાય શબ્દ પ્રસિદ્ધ છે. વળી જે દ્રવ્ય અસ્તિકાય એટલે પ્રદેશના સમૂહવાળું હોય તેના જ સ્કંધ-દેશ-પ્રદેશરૂપ ત્રણ ભેદ પડી શકે છે, અને કાળ ૧ પ્રદેશ (સમય) રૂપ હોવાથી કાળનો ૧ જ ભેદ કહ્યો છે. હવે સ્કંધ દેશ અને પ્રદેશનો અર્થ કહેવાય છે.

વસ્તુનો [1]આખો ભાગ તે સ્કંધ, તે સ્કંધની અપેક્ષાએ ન્યૂન સવિભાજ્ય ભાગ તે દેશ, અને નિર્વિભાજ્ય[2] ભાગ કે જે અતિ અણુ જેવડો જ સૂક્ષ્મ હોય પરન્તુ જો સ્કંધ સાથે પ્રતિબદ્ધ હોય તો પ્રદેશ (અને તેજ સૂક્ષ્મનિર્વિભાજ્ય ભાગ જો સ્કંધથી છૂટો હોય તો પરમાણુ) કહેવાય. અહિં સ્કંધ દેશ અને પ્રદેશ એ ત્રણે વ્યપદેશ (કથન) સ્કંધમાંજ હોય છે, જો દેશ અને પ્રદેશ સ્કંધથી છૂટા હોય

---

૧ વસ્તુનો આખો ભાગ એટલે સંપૂર્ણ ભાગરૂપ સ્કંધ બે રીતે હોય છે, ૧ સ્વાભાવિક સ્કંધ અને ૨ વિભાવિક સ્કંધ. ત્યાં સ્વાભાવિક સ્કંધ તે જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાયનો(મા) હમેશ હોય છે, કારણ કે એ પદાર્થોના કોઈપણ વિભાગ પડી શકતા નથી, અને પુદ્ગલદ્રવ્યનો (વિભાવિક) વિભાવિક સ્કંધ હોય છે, જેમ ૧ મહાશિલા તે આખો સ્કંધ છે, અને [illegible] કરી શકાય છે [illegible] (દ્વિપ્રદેશી) [illegible] (સ્કંધો) [illegible]

૨ નિર્વિભાજ્ય એટલે [illegible] છે.

નો દેશ-પ્રદેશ ન કહી શકાય, કારણ કે સ્કંધથી છૂટા પડેલા દેશ પુનઃ સ્કંધ જ કહેવાય છે, અને અપેક્ષાએ તો એ પણ દેશ કહેવાય પરન્તુ વિવક્ષાથી તો સ્કંધ કહેવાય અને સ્કંધથી છૂટો પડેલો પ્રદેશ પરમાણુ ગણાય છે.

એ પ્રમાણે ધર્માસ્તિકાયનો સ્કંધ સંપૂર્ણ ૧૪ રાજલોક પ્રમાણ છે. દેશ તેનાથી કંઈક ન્યૂન તે યાવત્ દ્વિપ્રદેશ પર્યન્ત. અને એકેક પ્રદેશરૂપ તે પ્રદેશ. એ રીતે અધર્માસ્તિકાયના સ્કંધ દેશ અને પ્રદેશ રૂપ ત્રણ ત્રણ ભેદ પોતપોતાના સ્કંધમાં છે. અને પરમાણુ તો કેવળ પુદ્ગલ દ્રવ્યનો છૂટો જ હોય છે.

પ્રશ્નઃ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં પરમાણુ રૂપ ચોથો ભેદ કેમ ન હોય?

ઉત્તરઃ—ધર્માસ્તિકાય, અધર્માસ્તિ., આકાશાસ્તિકાય, અને જીવાસ્તિકાય એ ચાર દ્રવ્યના અસંખ્ય અસંખ્ય અને અનંત પ્રદેશવાળા સ્કંધમાંથી એક પણ પ્રદેશ કોઈ કાળે છૂટો પડ્યો નથી, છૂટો પડતો નથી અને પડશે પણ નહિ, એવા શાશ્વત સંબંધવાળા એ ચાર [illegible] હોવાથી એ ચાર દ્રવ્યમાં પરમાણુ રૂપ ચોથો ભેદ નથી. પરન્તુ પુદ્ગલ દ્રવ્યના તો અનન્ત પરમાણુઓ જગતમાં છૂટા પડેલા છે અને પડે છે, માટે પુદ્ગલમાં પરમાણુ રૂપ ચોથો ભેદ હોય છે.

પ્રશ્ન—[illegible] એ ચાર દ્રવ્યના સ્કંધમાંથી એક [illegible] છૂટો પડી શકતો નથી તો [illegible] ભેદ કેવી રીતે હોય?

ઉત્તર [illegible]

હોવાથી પ્રદેશ કહેવાય, અને છૂટો હોવાથી પરમાણુ કહેવાય એટલો જ તફાવત છે.

अवतरण—પૂર્વ ગાથામાં અજીવ તત્ત્વના ૧૪ ભેદ કહીને હવે આ અજીવ દ્રવ્ય કઈ કઈ વસ્તુ છે ? અને તેનાં શું લક્ષણ છે ? તે આ બે ગાથામાં કહેવાય છે.

धम्माऽधम्मा पुग्गल, नह कालो पंच हुंति अज्जीवा;
चलणसहावो धम्मो, थिरसंठाणो अहम्मो य ॥९॥
अवगाहो आगासं, पुग्गलजीवाण पुग्गला चउहा;
खंधा देस पएसा, परमाणू चेव नायव्वा ॥१०॥

સંસ્કૃત અનુવાદ

धर्माधर्मौ पुद्गला, नभः कालः पंच भवन्त्यजीवाः
चलनस्वभावो धर्मः, स्थिरसंस्थानोऽधर्मश्च ॥ ९ ॥
अवकाश आकाशं, पुद्गलजीवानां पुद्गलाश्चतुर्धा;
स्कंधा देशप्रदेशाः, परमाणवश्चैव ज्ञातव्याः ॥ १० ॥

અન્વય સહિત પદચ્છેદ

धम्म अधम्मा पुग्गल, नह कालो पंच अज्जीवा हुंति
चलण सहावो धम्मो, य थिर संठाणो अहम्मो ॥ ९ ॥
पुग्गल जीवाण अवगाहो आगासं, पुग्गला चेव
खंधा देस पएसा परमाणु चउ हा नायव्वा ॥ १० ॥

શબ્દાર્થ—ગાથા ૯ મીના

धम्म = ધર્માસ્તિકાય
अहम्मा = અધર્માસ્તિકાય
पुग्गल = પુદ્ગલાસ્તિકાય
नह = આકાશાસ્તિકાય
कालो = કાળ
पंच = પાંચ (એ પાંચ)
हुंति = છે

अज्जीवा = અજીવ
चलणसहावो = ચાલવામાં મદદ આપવાના સ્વભાવવાળો
धम्मो = ધર્માસ્તિકાય છે
थिरसंठाणो = સ્થિર રહેવામાં મદદ આપવાના સ્વભાવવાળો (અહિં સંઠાણ એટલે સ્વભાવ અર્થ છે.)
अहम्मो = અધર્માસ્તિકાય છે

શબ્દાર્થ—ગાથા ૯ મીનો

अवगाहो = અવકાશ (આપવાના સ્વભાવવાળો)	खंधा = સ્કંધ (આખો ભાગ)
आगासं = આકાશાસ્તિકાય છે	देस = દેશ (સ્કંધથી ન્યૂન ભાગ)
पुग्गल = પુદ્ગલો (અને)	पएसा = પ્રદેશો (સ્કંધપ્રતિબદ્ધ અવિભાજ્ય ભાગો)
जीवाणं = જીવોને	परमाणू = છૂટા અણુઓ
पुग्गला = પુદ્ગલો	चेव = નિશ્ચય
चउहा = ચાર પ્રકારના છે	नायव्वा = જાણવા

ગાથાર્થ—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાળ એ પાંચ દ્રવ્ય (પાંચ પદાર્થ) અજીવ છે. (હવે એ પાંચે દ્રવ્યનાં લક્ષણ કહે છે—) ત્યાં (પુદ્ગલોને અને જીવોને) ચાલવામાં—ગતિ કરવામાં મદદ આપવાના સ્વભાવવાળો ધર્માસ્તિકાય છે, સ્થિર રહેવામાં મદદ આપવાના સ્વભાવવાળો અધર્માસ્તિકાય છે, અને પુદ્ગલોને તથા જીવોને અવકાશ-જગ્યા આપવાના સ્વભાવવાળો આકાશાસ્તિકાય છે. [તથા દ્રવ્યોને નવા (નવું) પુરાણું (જૂનું) કરવાના સ્વભાવવાળો કાળ છે.] ત્યાં પુદ્ગલો નિશ્ચય સ્કંધ-દેશ-પ્રદેશ-અને પરમાણુ એમ ચાર પ્રકારના જાણવા. ॥૯॥૧૦॥

વિશેષાર્થ: જેમ માછલાંને જળમાં ચાલવાની શક્તિ પોતાની છે, તોપણ ચાલવાની ક્રિયામાં [illegible]

[illegible]

કારણ જેમ દ્વીપ-બેટ છે તેમ ગતિ પરિણામે પરિણત થયેલા જીવોને તથા પુદ્ગલોને સ્થિર રહેવામાં અપેક્ષા કારણરૂપ અધર્માસ્તિકાય નામનો એક અરૂપી પદાર્થ ૧૪ રાજલોક જેવડો મોટો છે, અસંખ્ય પ્રદેશી છે. અને વર્ણ ગંધ રસ સ્પર્શ શબ્દ રહિત છે.

અહિં સ્થિર રહેલા જીવ પુદ્ગલને ગતિ કરવામાં ધર્માસ્તિકાયની પ્રેરણા (એટલે ગતિમાન ન થતો હોય તોપણ ગતિમાન બલાત્કારે કરે તેમ) નથી, તેમજ ગતિ કરતા જીવ પુદ્ગલને સ્થિર કરવામાં અધર્માસ્તિકાયની પ્રેરણા નથી, પરન્તુ જીવ પુદ્ગલ જ્યારે જ્યારે પોતાના સ્વભાવે ગતિમાન વા સ્થિતિમાન થાય ત્યારે ત્યારે એ બે દ્રવ્યો કેવળ ઉપકારી કારણ રૂપેજ સહાયક હોય છે.

ભાષા, ઉચ્છ્વાસ, મન ઈત્યાદિ પુદ્ગલોનું ગ્રહણ વિસર્જન તથા કાયયોગ આદિ ચલક્રિયાઓ ધર્માસ્તિકાય વિના ન થાય, અર્થાત્ સર્વ ચલક્રિયાઓમાં ધર્માસ્તિકાયનો ઉપકાર છે, અને બેસવામાં ઉભા રહેવામાં ચિત્તની સ્થિરતામાં ઇત્યાદિ દરેક સ્થિર ક્રિયાઓમાં અધર્માસ્તિકાયનો ઉપકાર છે.

તથા લોક અને અલોકમાં પણ સર્વત્ર વ્યાપ્ત, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-શબ્દ રહિત, અરૂપી, અનન્ત પ્રદેશી, અને નક્કર ગોળા સરખા આકારવાળો આ જગતમાં આકાશાસ્તિકાય નામનો પણ પદાર્થ છે. આ આકાશ દ્રવ્યનો ગુણ ધર્માસ્તિકાય અધર્માo જીવો અને પુદ્ગલોને અવકાશ-જગ્યા આપવાનો છે. એક સ્થાને સ્થિર રહેનારને તેમજ અન્ય સ્થાને ગમન કરનારને પણ આ દ્રવ્ય અવકાશ આપે છે. આ દ્રવ્યના લોકાકાશ અને અલોકાકાશ એમ બે ભેદ છે. ત્યાં જેટલા આકાશમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્ય વ્યાપ્ત થયેલા હોય તેટલા આકાશનું નામ લોકાકાશ છે તે વૈશાખ સંસ્થાને સંસ્થિત (એટલે કે? બે હાથ કેડે અને બે પગ પહોળા કરીને ઉભા રહેલા પુરુષાકાર સરખો છે, અને [illegible] રહેલ. આકાશ તે અલોકાકાશ પોલા ગોળા સરખા આકારવાળો છે. અલોકમાં કેવળ એક આકાશ દ્રવ્ય જ છે. અને લોકાકાશમાં સર્વે દ્રવ્યો છે. લોકાકાશમાં ધર્માo અને અધર્માo હોવાથી જીવો અને પુદ્ગલો ફરીને ગમનાગમન કરે છે. પરન્તુ અલો-

કમાં તો ઇન્દ્ર સરખા સમર્થ દેવો પોતાના હાથ પગનો એક અંશ માત્ર પણ પ્રવેશ કરાવી શકે નહિ, તેનું કારણ એજ કે ધર્માસ્તિ અધર્માસ્તિ ત્યાં નથી. અને તે કારણથીજ સિદ્ધ પરમાત્માઓ પણ લોકના અગ્રભાગે જઈ અટકી રહ્યા છે. વળી ધર્માસ્તિ-અધર્માસ્તિ-લોકાકાશ-અને ૧ જીવ એ ચારના અસંખ્ય અસંખ્ય પ્રદેશ છે તે તુલ્ય સંખ્યાવાળા છે. કોઇમાં ૧ પ્રદેશ પણ હીનાધિક નથી.

તથા પ્રતિસમય પૂરણ (મળવું) ગલન (વિખરવું) સ્વભાવવાળો પદાર્થ તે પુદ્ગલ કહેવાય. કારણ કે જે સ્કંધ હોય તો તેમાં પ્રતિસમય નવા પરમાણુઓ આવવાથી પૂરણધર્મવાળો, અને પ્રતિસમય પૂર્વના પરમાણુઓ વિખરવાથી ગલનધર્મવાળો છે. કદાચ કોઇ સ્કંધમાં અમુકકાળ સુધી તેમ ન થાય તો પણ પ્રતિસમય વિવક્ષિત વર્ણ ગંધ રસ સ્પર્શના ૨૦ ભેદમાંથી કોઇપણ એક નવા ભેદનું પૂરવું અને પૂર્વ ભેદનું વિખરવું તો અવશ્ય હોય છે જ. માટે એ પુદ્ગલ કહેવાય છે. એ પુદ્ગલ પારમાર્થિક રીતે તો પરમાણુરૂપ છે. પરન્તુ તેના વિકારરૂપે સંખ્યપ્રદેશી અસંખ્યપ્રદેશી અને અનન્તપ્રદેશી સ્કંધો પણ છે. માટે સ્કંધો વિભાવધર્મવાળા અને પરમાણુ સ્વાભાવિક છે. તે દરેક ભેદવાળા અનન્ત સ્કંધો પ્રાયઃ જગતમાં સદા કાળ વિદ્યમાન છે. અને પરમાણુઓ પણ અનન્ત વિદ્યમાન છે.

તથા કાળ તે વર્તમાન એક સમયરૂપ છે. અને તે નિશ્ચય [illegible]

॥ ૬ દ્રવ્યોમાં દ્રવ્યાદિ ૬ [illegible] ॥

[illegible]

ગુણવાળું છે, અને સંસ્થાનથી લોકાકૃતિ તુલ્ય છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય દ્રવ્ય પણ જાણવું, પરન્તુ ગુણથી સ્થિતિસહાયક ગુણવાળું છે. તથા આકાશાસ્તિકાય દ્રવ્યથી ૧ છે, ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ છે, કાળથી અનાદિ અનન્ત છે, ભાવથી વર્ણાદિ રહિત અરૂપી છે, ગુણથી અવકાશદાન ગુણવાળો છે, અને સંસ્થાનથી ઘન (નક્કર) ગોળા સરખી આકૃતિવાળો છે. તથા પુદ્ગલાસ્તિકાય દ્રવ્યથી અનન્ત છે, ક્ષેત્રથી સમગ્રલોક પ્રમાણ છે, કાળથી અનાદિ અનન્ત છે, ભાવથી વર્ણ ગંધ રસ સ્પર્શ શબ્દ સહિત રૂપી છે, ગુણથી પૂરણ ગલન સ્વભાવાળો અને સંસ્થાનથી પરિમંડલાદિ *૫ આકૃતિવાળો છે. જીવાસ્તિકાય દ્રવ્યથી અનન્ત, ક્ષેત્રથી સમગ્ર લોકપ્રમાણ, કાળથી અનાદિ અનન્ત, ભાવથી વર્ણાદિ રહિત અરૂપી, ગુણથી જ્ઞાન દર્શનાદિ ગુણયુક્ત છે. અને સંસ્થાનથી શરીરતુલ્ય વિવિધ આકૃતિરૂપ છે. તથા કાલ દ્રવ્ય દ્રવ્યથી અનન્ત, ક્ષેત્રથી ૨ાા દ્વીપ પ્રમાણ, કાળથી અનાદિ અનન્ત, ભાવથી વર્ણાદિ રહિત અરૂપી, અને ગુણથી વર્તનાદિ પર્યાય રૂપ છે, અને સંસ્થાન (સિદ્ધાન્તમાં નહિ કહેલું હોવાથી) છે નહિ.

૬ દ્રવ્યોમાં દ્રવ્યાદિક માર્ગણા યન્ત્ર

દ્રવ્યનાં નામ.	દ્રવ્યથી	ક્ષેત્રથી	કાળથી	ભાવથી	ગુણથી	સંસ્થાન
ધર્મા૦	૧	૧૪ રાજ	અનાદિઅનન્ત	અરૂપી	ગતિ સહાયક	લોકાકાર
અધર્મા૦	૧	,,		,,	સ્થિતિ સહાયક	,,
આકાશા૦	૧	લોકાલોક		,,	અવકાશદાયક	ઘનગોલક
પુદ્ગલા૦	અનન્ત	૧૪ રાજ		રૂપી	પૂરણગલન	પરિમંડલાદિ ૫
જીવા૦		,,		અરૂપી	જ્ઞાનાદિ૦	દેહાકૃતિ
કાળ	–	અઢી દ્વીપ		,,	વર્તના	૦

* [illegible]

अवतरण—पूर्वे १० मी गाथाना उत्तरार्धमां पुद्गल द्रव्यना [illegible] भेद कह्या अने हवे आ गाथामां ते पुद्गल द्रव्यनां औपाधिक [illegible]था स्वाभाविक लक्षणो कहे छे.

सद्दंधयार उज्जोअ, पभा छायातवेहि अ+ (इय)
वण्ण गंध रसा फासा, पुग्गलाणं तु लक्खणं ॥११॥

अनुष्टुप् वृत्तम् ॥

संस्कृत अनुवाद

शब्दान्धकारोद्योतः प्रभाछायातपैश्च
वर्णो गन्धो रसः स्पर्शः पुद्गलानां तु लक्षणं ॥ ११ ॥

अन्वय सहित पदच्छेद

सद्द अंधयार उज्जोअ, पभा छाया अ आतवेहि
तु वण्ण गंध रसा फासा, पुग्गलाणं लक्खणं ॥ ११ ॥

शब्दार्थ

सद्द - [illegible]	वण्ण - [illegible]
अंधयार - [illegible]	गंध - [illegible]
उज्जोअ - [illegible]	रसा - [illegible]
पभा - [illegible]	फासा - [illegible]
छाया - [illegible]	पुग्गलाणं - [illegible]
आतवेहि - [illegible]	तु - [illegible]
अ - [illegible]	लक्खणं - [illegible]

गाथार्थ—[illegible]

[illegible]

विस्तरार्थः—શબ્દ એટલે અવાજ ધ્વનિ અથવા નાદ. તે સચિત્ત અચિત્ત અને મિશ્ર એમ ૩ પ્રકારનો છે. ત્યાં જીવ મુખ વડે બોલે તે સચિત્ત શબ્દ, પત્થર વગેરે પદાર્થના પરસ્પર અફળાવાથી થયેલ તે અચિત્ત શબ્દ, અને જીવ પ્રયત્નવડે વાગતા મૃદંગ ભુંગળ આદિકનો મિશ્રશબ્દ. શબ્દની ઉત્પત્તિ પુદ્ગલમાંથી થાય છે, અને શબ્દ પોતે પણ પુદ્ગલરૂપ જ છે. નૈયાયિક વિગેરે શબ્દને આકાશથી ઉત્પન્ન થયેલ અને આકાશનો ગુણ કહે છે, પરન્તુ આકાશ અરૂપી છે, અને શબ્દ રૂપી છે, તેથી શબ્દ એ આકાશનો નહિં પણ પુદ્ગલનો ગુણ છે, અથવા પુદ્ગલનું લક્ષણ છે. શબ્દ પોતે ૪ સ્પર્શવાળો છે, અને તેની ઉત્પત્તિ આઠ સ્પર્શવાળા પુદ્ગલ સ્કંધમાંથી જ હોય પરન્તુ ચતુઃસ્પર્શી સ્કંધમાંથી નહિ.

अन्धकार—અન્ધકાર એ પણ પુદ્ગલરૂપ છે, શાસ્ત્રમાં અન્ધકારને ઘ્રાણેન્દ્રિય ગ્રાહ્ય કહ્યો છે. નૈયાયિક વિગેરે અન્ધકારને પદાર્થ માનતા નથી અને તેજનો અભાવ તે અન્ધકાર એમ માને છે પરન્તુ શ્રી સર્વજ્ઞ તો અન્ધકાર તે પોતે પુદ્ગલ સ્કંધ છે એમ કહે છે. તેજ સત્ય છે.

उद्योत—શીત વસ્તુનો શીત પ્રકાશ તે ઉદ્યોત કહેવાય છે. સૂર્ય સિવાયના ચન્દ્રાદિ જ્યોતિષીનાં દેખાતાં વિમાનોનો, આગીઆ વિગેરે જીવોનો, અને ચન્દ્રકાન્તાદિ રત્નોનો જે પ્રકાશ છે તે ઉદ્યોત નામકર્મના ઉદયથી છે, તથા એ ઉદ્યોત જેમાંથી પ્રગટ થાય તે પણ પુદ્ગલ સ્કંધ છે અને ઉદ્યોત પોતે પણ પુદ્ગલ સ્કંધ છે.

प्रभा—ચંદ્ર વિગેરેના પ્રકાશમાંથી અને સૂર્યના પ્રકાશમાંથી જે ઓછો કિરણ રહિત ઉપપ્રકાશ પડે છે તે પ્રભા પુદ્ગલ સ્કંધમાંથી ઉત્પન્ન થઈ છે અને પોતે પણ પુદ્ગલ સ્કંધોનો સમૂહ છે. જો પ્રભા ન હોય તો સૂર્ય વિગેરેના કિરણનો પ્રકાશ જ્યાં પડતો હોય ત્યાં પ્રકાશ અને તેની પાસેના જ સ્થાનમાં અમાવાસ્યાની મધ્ય રાત્રિ સરખું અંધારું જ દેખાઈ શકે. પરન્તુ ઉપપ્રકાશ રૂપ પ્રભા હોવાથી તેમ બનતું નથી. શાસ્ત્રમાં ચન્દ્રાદિકની કાન્તિને પણ પ્રભા કહી છે.

छाया—દર્પણમાં અથવા પ્રકાશમાં પડતું જે પ્રતિબિંબ તે [illegible]

ઝુમ્મરની માફક નિકળતા અષ્ટસ્પર્શી પુદ્ગલ સ્કંધોનો સમુદાય જે પ્રકાશાદિના નિમિત્તથી તદાકાર પરિણત થઇ જાય છે તે છાયા કહેવાય છે અને તે શબ્દાદિવત્ પૂર્વે કહ્યા પ્રમાણે બન્ને રીતે પુદ્ગલ રૂપ છે.

આતપ—શીત વસ્તુનો ઉષ્ણ પ્રકાશ તે આતપ. એવો પ્રકાશ સૂર્યના વિમાનમાં રહેલા બાદર પર્યાપ્ત પૃથ્વીકાય જીવોના શરીરનો હોય છે. અને સૂર્યકાન્તાદિ રત્નનો હોય છે. કારણ કે સૂર્યનું વિમાન અને સૂર્યકાન્ત રત્ન પોતે શીત છે, અને પોતાનો પ્રકાશ ઉષ્ણ છે. પરન્તુ અગ્નિનો ઉષ્ણ પ્રકાશ તે આતપ કહેવાય નહિ. કારણ અગ્નિ પોતે ઉષ્ણ છે. વળી ચન્દ્રાદિકના ઉદ્યોતની પેઠે આ આતપ પોતે પણ અનન્ત પુદ્ગલ સ્કંધોનો સમુદાય પ્રતિબદ્ધ સૂર્યના વિમાન આદિ ઉપર પ્રતિબદ્ધ છે તે છે. માટે બન્ને રીતે પુદ્ગલરૂપ છે.

વર્ણ ૫—શ્વેતવર્ણ, પીતવર્ણ, રક્તવર્ણ, નીલવર્ણ, અને કૃષ્ણ વર્ણ એ પાંચ મૂળ વર્ણ છે. અને બાકીના બીજા [illegible] આદિ જે અનેક વર્ણભેદ છે, તે એ પાંચ વર્ણોના [illegible] ની [illegible] વર્ણોના સંયોગથી ઉત્પન્ન થયેલા જાણવા. એ વર્ણ [illegible] આદિ [illegible] પુદ્ગલ [illegible] માં જ હોય છે. માટે વર્ણ એ પુદ્ગલનું સ્વરૂપ છે. [illegible]

ગંધ ૨—સુરભિગંધ અને દુરભિગંધ [illegible] છે. અને તે પુદ્ગલ સ્કંધમાં જ હોય છે. [illegible]

રસ ૫—[illegible]

સ્પર્શ ૮—[illegible]

હોય છે માટે પુદ્ગલનું લક્ષણ છે. વળી એક પરમાણુમાં શીત અને સ્નિગ્ધ, અથવા શીત રૂક્ષ, અથવા ઉષ્ણ સ્નિગ્ધ અથવા ઉષ્ણ અને રૂક્ષ એમ ચાર પ્રકારમાંના કોઈ પણ એક પ્રકારથી ૨ સ્પર્શ હોય છે, સૂક્ષ્મપરિણામી સ્કંધોમાં શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ એ ચાર સ્પર્શ હોય છે, અને બાદર સ્કંધોમાં આઠે સ્પર્શ હોય છે.

॥ પુદ્ગલનાં સ્વાભાવિક અને વિભાવિક લક્ષણો ॥

અહિં શબ્દ–અન્ધકાર–ઉદ્યોત–પ્રભા–છાયા–આતપ એ પોતે બાદર પરિણામવાળા હોવાથી તેમજ બાદર પુદ્ગલસમૂહ રૂપ હોવાથી તેમજ બાદર પરિણામી પુદ્ગલ સ્કંધમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી અને સ્કંધ તે પુદ્ગલનો વિકાર–વિભાવ હોવાથી એ શબ્દાદિ લક્ષણો ઔપાધિક (વિભાવિક) લક્ષણો જાણવાં, કારણ કે એ શબ્દાદિ લક્ષણો પરમાણુમાં તથા સૂક્ષ્મ સ્કંધોમાં નથી. અને વર્ણ આદિ ૪ લક્ષણો તો પરમાણુમાં તથા સૂક્ષ્મ સ્કંધોમાં પણ હોય છે માટે એ ચાર સ્વાભાવિક લક્ષણ જાણવાં. એમાં પણ લઘુ ગુરુ તથા મૃદુ અને કર્કશ એ ચાર સ્પર્શ સ્કંધમાં જ હોવાથી ઔપાધિક લક્ષણ છે. ॥ इति पुद्गलद्रव्य स्वरूपम् ॥

अवतरण—પૂર્વે ગાથાઓમાં ધર્માસ્તિકાયાદિ ચાર અજીવનાં લક્ષણ કહ્યા બાદ હવે આ ગાથામાં કાળ દ્રવ્યનાં લક્ષણ અથવા ભેદ કહેવાના પ્રસંગમાં પ્રથમ એક મુહૂર્ત જેટલા કાળમાં કેટલી આવલિકાઓ થાય તે કહે છે.

एगा कोडि सतसट्ठि, लक्खा सत्तहत्तरी सहस्सा य
दो य सया सोलहिया, आवलिया इगमुहुत्तम्मि॥१२॥

સંસ્કૃત અનુવાદ

एका कोटिः सप्तषष्टिर्लक्षाः सप्तसप्ततिः सहस्राणि च
द्वे च शते षोडशाधिके, आवलिका एकस्मिन्मुहूर्ते ॥१२॥

અન્વય સહિત પદચ્છેદ

इग मुहुत्तम्मि एगा कोडि सत्तसट्ठि लक्खा य सत्त-
हुत्तरि सहस्सा
य दो सया सोल अहिया आवलिया ॥ १२ ॥

શબ્દાર્થ:

एगाकोडि = એક ક્રોડ	दो = બે
सत्तसट्ठि = સડસઠ	सया = સો
लक्खा = લાખ	सोल = સોળ
सत्तहुत्तरि = સિત્યોતેર	अहिया = અધિક
सहस्सा = હજાર	आवलिया = આવલિકા
य = અને	इग = એક
	मुहुत्तम्मि = મુહૂર્તમાં

ગાથાર્થ:—એક મુહૂર્તમાં (એટલે ૪૮ મિનિટ [illegible] બે ઘડી [illegible]) એક ક્રોડ સડસઠ લાખ સિત્યોતેર હજાર [illegible] અધિક (૧૬૭૭૭૨૧૬) આવલિકા થાય છે. [illegible] ॥ ૧૨ ॥

વિશેષાર્થ—[illegible]

[illegible]

[illegible]

संस्कृत अनुवाद

समयावलिमुहूर्त्ता, दिवसाः पक्षाश्चमासा वर्षाश्च
भणितः पल्यः सागरः उत्सर्पिण्यवसर्पिणी कालः ॥१३॥

અન્વય સહિત પદચ્છેદ

समय आवली मुहुत्ता दीहा य परका मास य वरिसा
पलिआ सागर उस्सप्पिणि ओसप्पिणि काल भणिओ॥१३॥

શબ્દાર્થ:—

समय = સમય
आवलि = આવલિ
मुहुत्ता = મુહૂર્ત
दीहा = દિવસ
पक्खा = પક્ષ
मास = માસ
वरिसा = વર્ષ
भणिओ = કહ્યો છે
पलिआ = પલ્યોપમ
सागर = સાગરોપમ
उस्सप्पिणि = ઉત્સર્પિણી
सप्पिणी = અવસર્પિણી
कालो = કાળ અથવા કાળચક્ર
य = અને (અથવા છંદપૂર્તિ માટે)

गाथार्थः—સમય, આવલિ, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, વર્ષ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી અને અવસર્પિણી (એ સઘળું વર્ણો અથવા બેઠ વાર્ણો) કાળ કહ્યો છે. (અથવા કાળચક્ર એ સંસ્કૃતનો કાળ કહ્યો છે). ॥ ૧૩ ॥

विशेषार्थः—અતિ સૂક્ષ્મ કાળ કે જેના કેવલિ ભગવંતની બુદ્ધિ વડે પણ બે ભાગ ન કરી શકાય તેવા નિર્વિભાજ્ય ભાગ તે કાળ તે સમય કહેવાય. જેમ પુદ્ગલ દ્રવ્યનો સૂક્ષ્મ વિભાગ પરમાણુ છે તેમ કાળનો અતિ સૂક્ષ્મ વિભાગ સમય છે. આંખના એક પલકારામાં પણ અસંખ્ય સમય વ્યતીત થઈ જાય છે. અતિ જીર્ણ વસ્ત્રને તરુણ પુરુષ ફાડતાં એક તંતુથી બીજા તંતુ સુધીમાં જે કાળ લાગે છે (અથવા એક તંતુ છેદતાં જે કાળ લાગે છે) તે પણ અસંખ્ય સમય થાય છે. અથવા કમળનાં અતિ કોમળ ૧૦૦ પત્રને ઉપરા ઉપરી ગોઠવી અતિ બળવાન મનુષ્ય ભાલાની

તીક્ષ્ણ અણીથી પત્રવેધ કરે તો દરેક પત્ર વેધાતાં અને ઉપરના દરેક પત્રથી નીચેના પત્રમાં ભાલાની અણી પહોંચતાં દરેક વખતે અસંખ્ય અસંખ્ય સમય કાળ લાગે છે, જેથી ૧૦૦ કમળ પત્ર વેધતાં ૯૯ વાર અસંખ્ય અસંખ્ય સમય વ્યતીત થાય છે. એવા અતિ સૂક્ષ્મ કાળનું નામ એક સમય છે, તેવા અસંખ્ય સમયોની ૧ આવલિકા થાય છે, તેવી સંખ્યાની (એટલે ૧૬૭૭૭૨૧૬) આવલિકાઓનું ૧ મુહૂર્ત થાય, મુહૂર્ત એટલે બે ઘડી. તેવા ૩૦ મુહૂર્તનો ૧ દિવસ થાય, તેવા ૧૫ દિવસનો ૧ પક્ષ (પખવાડિઉં) થાય, તેવા બે પક્ષનો ૧ માસ થાય, તેવા ૧૨ માસનું ૧ વર્ષ થાય, તેવાં અસંખ્યાત વર્ષનું ૧ પલ્યોપમ થાય, તેવા ૧૦ કોડાકોડિ પલ્યોપમનો ૧ સાગરોપમ થાય, તેવા ૧૦ કોડાકોડિ સાગરોપમની ૧ ઉત્સર્પિણી થાય, અને તેટલા જ કાળની ૧ અવસર્પિણી થાય. તેથી ૧ ઉત્સર્પિણી અને ૧ અવસર્પિણી એ બે મળીને ૧ કાળચક્ર ૨૦ કોડાકોડિ સાગરોપમ પ્રમાણનો થાય છે. એ પ્રમાણે કાળનો વિભાગ અથવા કાળના ભેદ કહ્યા. આ સર્વ ભેદ અઢાઇ દ્વીપમાં વ્યવહાર કાળના જાણવા. અહિં ઉત્સર્પિણી તે ચડતો કાળ અને અવસર્પિણી તે ઉતરતો કાળ છે. કારણ કે આયુષ્ય-બળ-અવગાહના-સુખ-પુદ્ગલોના વર્ણાદિ ઇત્યાદિ ભાવો શુભ ભાવની ઉત્સર્પિણીમાં ક્રમસર વૃદ્ધિ પામે છે, અને અવસર્પિણીમાં હાનિ પામે છે એ રીતે કાળનું સ્થિર સ્વરૂપ [illegible]

॥ કાળનું વિશેષ સ્વરૂપ ॥ [illegible] ॥

[illegible]

જે કાળનું પ્રમાણ બંધાયલું છે તે વ્યવહારકાળ ઉપર કહ્યા પ્રમાણે સમય આવલિકા ઇત્યાદિ ભેદવાળો છે. જ્યોતિષ્કરંડક ગ્રંથમાં કહ્યું છે કે—

लोयाणुभज्जणीयं, जोइसचक्कं भणंति अरिहंता
सव्वे कालविसेसा, जस्स गइविसेसनिप्पन्ना ॥ १ ॥

અર્થ—જેની ગતિવિશેષ વડે સર્વે કાળભેદો ઉત્પન્ન થયેલા છે, તે જ્યોતિશ્ચક્રને શ્રી અરિહંત ભગવંતો સ્વભાવથી ઉત્પન્ન થયેલ ગતિવાળું કહે છે. ॥ ૧ ॥ એ વ્યવહાર કાળના વિશેષ ભેદ સંક્ષેપમાં આ પ્રમાણે છે—

અવિભાજ્ય સૂક્ષ્મ કાળ તે	૧ સમય
૯ સમયનું	૧ જઘન્ય અન્તર્મુહૂર્ત
અસંખ્ય સમયોની	૧ આવલિકા
૨૫૬ આવલિકાનો	૧ ક્ષુલ્લકભવ
૪૪૪૬ ૨૪૫૮/૩૭૭૩ આવલિકાનો અથવા સાધિક ૧૭॥ ક્ષુલ્લક ભવનો	૧ શ્વાસોચ્છ્વાસ (પ્રાણ)
૭ પ્રાણનો (શ્વાસો૦ નો)	૧ સ્તોક
૭ સ્તોકનો	૧ લવ
૩૮॥ લવની	૧ ઘડી
૭૭ લવનો અથવા ૨ ઘડીનો અથવા ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવનો	૧ મુહૂર્ત
૧ સમયન્યૂન ૨ ઘડીનું	૧ ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત
૩૦ મુહૂર્તનો	૧ દિવસ
૧૫ દિવસનો	૧ પક્ષ (પખવાડીઉં)
૨ પક્ષનો	૧ માસ
૬ માસનું	૧ ઉત્તરાયણ અથવા ૧ દક્ષિણાયન
૨ અયનનું અથવા ૧૨ માસનું	૧ વર્ષ
૫ વર્ષનો	૧ યુગ
૮૪ લાખ વર્ષનું	૧ પૂર્વાંગ
૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષનું	૧ પૂર્વ

અસંખ્ય વર્ષનો	૧ પલ્યોપમ
૧૦ કોડાકોડિ પલ્યોપમનો	૧ સાગરોપમ
૧૦ કોડાકોડિ સાગરોપમની	૧ ઉત્સર્પિણી અથવા ૧ અવસર્પિણી
૨૦ કોડાકોડિ સાગરોપમનું	૧ કાળચક્ર
અનન્ત કાળચક્રનું	૧ પુદ્ગલ પરાવર્ત.

વળી આ વ્યવહારકાળ સિદ્ધાન્તમાં સ્નિગ્ધ તથા રૂક્ષ એમ બે પ્રકારે કહ્યો છે. વળી તે એકેક જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદવાળો હોવાથી ૬ પ્રકારનો થાય છે. ત્યાં રૂક્ષકાળે અગ્નિ આદિ ઉત્પત્તિનો અભાવ હોય છે, અને સ્નિગ્ધ કાળમાં અગ્નિ આદિની ઉત્પત્તિ હોય છે. એ સ્નિગ્ધાદિ ભેદનું પ્રયોજન છે.

નિશ્ચય કાળ.

દ્રવ્યના વર્તનાદિ પર્યાય તે નિશ્ચયકાળ કહેવાય. તે વર્તના પરિણામ-ક્રિયાત્મક પરત્વ તથા અપરત્વ એમ ૫ પ્રકારનો છે. ત્યાં સાદિસાન્ત, સાદિઅનન્ત, અનાદિ સાન્ત, અને અનાદિ અનન્ત એ ચાર પ્રકારની સ્થિતિમાંથી કોઈ પણ પ્રકારે વર્તવું તે વર્તનાપર્યાય

[illegible]

[illegible]

દ્રવ્યોની ભૂતકાળમાં થયેલી, વર્તમાનકાળમાં થતી, અને ભવિષ્યકાળે થનારી જે ચેષ્ટા તે ક્રિયા પર્યાય છે. એમ લોકપ્રકાશમાં કહ્યું છે, અને શ્રીતત્વાર્થભાષ્યમાં કહ્યું છે કે—પ્રયોગથી વિશ્રસાથી અને મિશ્રસાથી દ્રવ્યોની જે ગતિ (એટલે સ્વપ્રવૃત્તિ) તે પ્રયોગાદિ ત્રણ પ્રકારનો ક્રિયાપર્યાય છે.

જેના આશ્રયથી દ્રવ્યમાં પૂર્વભાવનો વ્યપદેશ થાય તે પરત્વ પર્યાય અને પશ્ચાત્ ભાવનો વ્યપદેશ થાય તે અપરત્વ પર્યાય કહેવાય. એ પરત્વાપરત્વ પર્યાય પ્રશંસાકૃત ક્ષેત્રકૃત અને કાળકૃત એમ ૩ પ્રકારે છે. ત્યાં ધર્મ પર (શ્રેષ્ઠ) અને અધર્મ અપર (હીન) એવો વ્યપદેશ તે પ્રશંસાકૃત, દૂર રહેલ પદાર્થ પર અને નજીકમાં રહેલો તે અપર એ વ્યપદેશ ક્ષેત્રકૃત, તથા ૧૦૦ વર્ષ વાળું પર (મોટું), અને ૧૦ વર્ષ વાળું તે અપર (નાનું) એ વ્યપદેશ કાળકૃત કહેવાય. એ ત્રણ પ્રકારના પરત્વાપરત્વમાં કેવળ કાળકૃત પરત્વાપરત્વ તેજ વર્તનાદિ પર્યાયાત્મક હોવાથી કાળ દ્રવ્યમાં ગ્રહણ કરાય.

એ પ્રમાણે વર્તના વિગેરે પાંચે પર્યાય નિશ્ચયકાળ કહેવાય છે. એ વર્તના વિગેરે જો કે દ્રવ્યના પર્યાય છે તોપણ કોઈક અપેક્ષાએ પર્યાયોને પણ દ્રવ્યનો ઉપચાર હોવાથી કાળદ્રવ્ય કહેવાય છે.

શિષ્ય શંકા—જો વર્તનાદિ પર્યાયને દ્રવ્ય કહો તો અનવસ્થા દૂષણ આવે માટે કાળને જુદું દ્રવ્ય ન માનતાં વર્તનાદિ રૂપ કાળ તે જીવાજીવ દ્રવ્યનો પર્યાય જ માનવો. અને જો એમ નહિ માનીએ તો આકાશની પેઠે કાળને સર્વવ્યાપી માનવો પડશે. કારણ કે નિશ્ચયકાળ તો સર્વ આકાશદ્રવ્યમાં પણ છે.

ગુરુ—એમ કહેવું તે પ્રમાણ વચન નથી. કેમકે સિદ્ધાન્તમાં અસ્તિકાય પાંચ જ કહ્યા છે. અને છઠ્ઠું કાળ દ્રવ્ય જુદું કહ્યું છે. પણ પ્રદેશ સમૂહ હોય તો અસ્તિકાય કહેવાય. અને કાળ તો પ્રદેશ સમૂહ નથી પરન્તુ વર્તમાન એક જ સમય (રૂપ એક જ પ્રદેશ તુલ્ય) છે. કેમકે ભૂતકાળના સમયો વ્યતીત થવાથી વિદ્યમાન નથી અને ભવિષ્યના સમયો પણ વિદ્યમાન નથી માટે દ્રવ્યોના વર્તનાદિ પર્યાયને ઉપચારે જ કાળ દ્રવ્ય કહ્યું.

શિષ્ય શંકા—જો કાળ વર્તમાન એક સમય રૂપ છે તો કાળ

વિનશ્વરધર્મી કહેવાય (એટલે જેનો ધર્મ નાશ પામતો રહે છે એવો કહેવાય), પરન્તુ કાળ વિનશ્વરધર્મી નથી, અને તેથી જ વ્યતીત થયેલા અને ભવિષ્યના સમયોને પણ એકઠા ગણીને સમય આવલિ મુહૂર્ત વર્ષ આદિ પ્રરૂપણા થઇ શકે છે, માટે કાળ બહુ પ્રદેશી છે, અને બહુ પ્રદેશી હોવાથી અસ્તિકાય પણ કહેવાય, અને અસ્તિકાય કહેવાય તો કાળને છઠ્ઠું દ્રવ્ય પણ અનુપચારથી કહેવાય, તેમાં કંઇ વિરૂદ્ધ નથી.

ઉત્તર— એ સત્ય છે, પરન્તુ એ તો વ્યવહાર નયની અપેક્ષાએ કાળ સ્થિર (અવિનશ્વરધર્મી) ગણાય, અને તે પ્રમાણે પદાર્થ પણ ત્રિકાળવર્તી અંગીકાર કરાય છે, તથા આવલિકા મુહૂર્ત વર્ષ ઇત્યાદિ પ્રરૂપણા થાય છે, પરન્તુ તે સર્વ વ્યવહારનય આશ્રયી છે. વાસ્તવિક નિશ્ચયનયની રીતિ વિચારતાં તો નિશ્ચય નયથી કાળ અપ્રદેશી છે. માટે કાળ અસ્તિકાય નથી અને તેથી વાસ્તવિક રીતિ દ્રવ્ય પણ નથી. પરન્તુ [illegible]

[illegible]

[illegible]

પણાના અભાવે જાણવું, વળી વ્યવહારકાળ અજીવ જાણવો અને નૈશ્ચયિક કાળ પાંચે દ્રવ્યોની વર્ત્તનારૂપ હોવાથી જીવાજીવ જાણવો.

अवतरण—પૂર્વે જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યનાં લક્ષણાદિક કહીને હવે આ ગાથામાં જે ૧૨ પ્રકારે છ દ્રવ્યોનું વિશેષ સ્વરૂપ જાણી શકાય છે તે ૧૨ દ્વારો બીજા પ્રતિપક્ષી ૧૨ દ્વાર સહિત કહે છે.

परिणामि जीव मुत्तं, सपएसा एग खित्त किरिया य
णिच्चं कारण कत्ता, सव्वगय इयर अपवेसे ॥ १४ ॥

સંસ્કૃત અનુવાદ

परिणामी जीवो मूर्तः, सप्रदेशः एकः क्षेत्रं क्रिया च
नित्यं कारणं कर्ता, सर्वगतमितरा अप्रवेशः ॥ १४ ॥

અન્વય સહિત પદચ્છેદ

गाथावत्—સુગમ છે.

શબ્દાર્થ:

परिणामि = પરિણામી	णिच्चं = નિત્ય
जीव = જીવ	कारण = કારણ
मुत्तं = મૂર્ત-રૂપી	कत्ता = કર્તા
सपएसा = સપ્રદેશી	सव्वगय = સર્વગત, સર્વવ્યાપી
एग = એક	इयर = ઇતર, પ્રતિપક્ષી ભેદ સહિત)
खित्त = ક્ષેત્ર	
किरिया = ક્રિયાવંત, સક્રિય	अपवेसे = અપ્રવેશી

ભાવાર્થ:—(૬ દ્રવ્યોનું વિશેષ સ્વરૂપ સમજવા માટે) પરિણામી, જીવ, રૂપી, સપ્રદેશી, એક, ક્ષેત્ર, ક્રિયાવંત, નિત્ય, કારણ, કર્તા, સર્વવ્યાપી અને અપ્રવેશી એ ૧૨ દ્વાર ઇતર એટલે પ્રતિ

[illegible]

પછી ૧૨ દ્વારે (અપરિણામી, અજીવ, અરૂપી, અપ્રદેશી, અનેક, ક્ષેત્રી, અક્રિયાવંત, અનિત્ય, અકારણ, અકર્તા, દેશવ્યાપી, અને ગમનપ્રવેશી) સહિત વિચારવાં. ॥ ૧૪ ॥

અથવા ૬ દ્રવ્યમાં કયું દ્રવ્ય પરિણામી અને કયું દ્રવ્ય અપરિણામી છે? ઇત્યાદિ ૧૨ પ્રકારે પણ છ દ્રવ્યો વિચારવાં.

વિશેષાર્થઃ—એક ક્રિયાથી અન્ય ક્રિયામાં અથવા એક અવસ્થાથી બીજી અવસ્થામાં જવું તે પરિણામ કહેવાય. ત્યાં જીવ અને પુદ્ગલના પરિણામ ૧૦-૧૦ *પ્રકારના કહ્યા છે -

અર્થાત્ જીવ દેવાદિકરૂપ છોડી મનુષ્યાદિકરૂપ અને મનુષ્યાદિકરૂપ છોડી દેવાદિકરૂપ પામે છે. એ પ્રમાણે એક અવસ્થા છોડી બીજી અવસ્થામાં જવા રૂપ જીવના ૧૦ પરિણામ વિચારવા. તેમજ પુદ્ગલના પણ ૧૦ પરિણામ યથાસંભવ વિચારવા. એ પ્રમાણે જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય પરિણામી છે. અને શેષ ૪ દ્રવ્ય અપરિણામી છે.

* [illegible]

૧૦ જીવ પરિણામ.

[illegible]

૧૦ પુદ્ગલ પરિણામ

[illegible]

તથા જીવ દ્રવ્ય પોતે જીવ છે, અને શેષ પાંચ દ્રવ્ય અજીવ છે.

તથા ૬ દ્રવ્યમાં પુદ્ગલ દ્રવ્ય [1]રૂપી (એટલે વર્ણ ગંધ રસ સ્પર્શવાળું) છે, અને શેષ [2]૫ દ્રવ્ય અરૂપી છે.

તથા ૬ દ્રવ્યમાં પાંચ દ્રવ્ય સપ્રદેશી (અણુના સમુદ્રવાળાં) છે. અને કાળ દ્રવ્ય અપ્રદેશી છે (અણુઓના પિંડમય નથી.)

છ દ્રવ્યમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ એ ત્રણ દ્રવ્ય એકેક છે, અને શેષ ૩ દ્રવ્ય અનન્ત અનન્ત હોવાથી અનેક છે.

છ દ્રવ્યમાં આકાશદ્રવ્ય ક્ષેત્ર છે, અને શેષ ૫ દ્રવ્ય ક્ષેત્રી છે. અહિં દ્રવ્ય જેમાં રહેલ હોય તે ક્ષેત્ર, અને રહેનાર દ્રવ્ય ક્ષેત્રી કહેવાય.

તથા ૬ દ્રવ્યમાં જીવ અને પુદ્ગલ એ ૨ દ્રવ્ય ક્રિયાવંત છે. અને શેષ ૪ દ્રવ્ય અક્રિયાવંત છે. અહિં ક્રિયા તે ગમન આગમન આદિ જાણવી. ધર્માસ્તિકાયાદિ ચારે દ્રવ્યો સદાકાળ સ્થિર સ્વભાવી છે માટે અક્રિય છે. પોતપોતાના સ્વભાવની પ્રવૃત્તિ રૂપ ક્રિયામાં તો છએ દ્રવ્ય સક્રિય ગણાય પરન્તુ તે સક્રિયપણે અહિં અંગીકાર ન કરવું.

તથા છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગલ ભિન્ન ભિન્ન અવસ્થાઓ

---

૩ સંસ્થાન પરિણામ (આકારમાં ગોઠવાવું તે ૫ પ્રકારે)
૪ ભેદ પરિણામ (સ્કંધથી જુદા પડવું તે ૫ પ્રકારે)
૫ વર્ણ પરિણામ (વર્ણ ઉપજવા તે ૫ પ્રકારે)
૬ ગંધ પરિણામ (ગંધ ઉપજવા તે ૨ પ્રકારે)
૭ રસ પરિણામ (રસ ઉપજવા તે ૫ પ્રકારે)
૮ સ્પર્શ પરિણામ (સ્પર્શ ઉપજવા તે ૮ પ્રકારે)
૯ અગુરુલઘુ પરિણામ (ભાર આદિ ઉપજવું તે ૪ પ્રકારે)
૧૦ શબ્દ પરિણામ (શબ્દ ઉપજવા તે ૨ પ્રકારે)

1 [illegible]

2 [illegible]

પામતાં હોવાથી એક સ્વરૂપે રહેતાં નથી માટે એ ૨ દ્રવ્ય અનિત્ય છે અને શેષ ૪ દ્રવ્ય સદાકાળ પોતાના સ્વરૂપે સ્થિર હોવાથી નિત્ય છે. વળી દરેક દ્રવ્ય ઉત્પત્તિ વિનાશ અને ધ્રુવ એ ૩ સ્વભાવ યુક્ત (ત્રિપદીવાળું) હોવાથી નિત્યાનિત્ય છે તોપણ પોત પોતાની સ્થૂલ અવસ્થાઓને અંગે અહિં નિત્યપણું અથવા અનિત્યપણું વિચારવાનું છે.

તથા ૬ દ્રવ્યમાં ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્ય કારણ છે, અને ૧ જીવદ્રવ્ય અકારણ છે. અહિં જે દ્રવ્ય અન્ય દ્રવ્યના કાર્યમાં ઉપકારી-નિમિત્તભૂત હોય તે કારણ, અને તે કારણદ્રવ્ય જે દ્રવ્યના કાર્યમાં નિમિત્તભૂત થતું હોય તે દ્રવ્ય અકારણ કહેવાય. જેમ કુંભારના કુંભકાર્યમાં ચક્ર દંડ આદિ દ્રવ્યો કારણ અને કુંભાર પોતે અકારણ છે, તેમ જીવના ગતિ આદિ કાર્યમાં ધર્માદિ વિગેરે અને યોગ આદિ કાર્યમાં પુદ્ગલ તે ઉપકારી કારણ છે. પરન્તુ ધર્માદિ વિગેરેને જીવ ઉપકારી નથી એ પ્રમાણે કારણ અકારણ ભાવ વિચારવો.

તથા ૬ દ્રવ્યમાં જીવ દ્રવ્ય કર્તા અને શેષ ૫ દ્રવ્ય અકર્તા છે. અહિં જે દ્રવ્ય અન્ય દ્રવ્યની ક્રિયા પ્રત્યે અધિકારી (સ્વામી) હોય તે કર્તા કહેવાય. અથવા અન્ય દ્રવ્યોનો ઉપભોગ કરનાર દ્રવ્ય કર્તા, અને ઉપભોગમાં આવનારાં દ્રવ્ય તે અકર્તા કહેવાય. તથા ધર્મ કર્મ પુણ્ય પાપ આદિ ક્રિયા કરનાર તે કર્તા, અને ધર્મ કર્મ આદિ નહિં કરનાર તે અકર્તા, [illegible] ગાથામાં કહ્યું છે.

તથા ૬ દ્રવ્યમાં આકાશદ્રવ્ય [illegible] હોવાથી સર્વવ્યાપી છે અને શેષ પાંચ દ્રવ્ય [illegible] હોવાથી દેશવ્યાપી છે.

[illegible]

[illegible]

૬ દ્રવ્યમાં પરિણામી આદિનો યન્ત્ર

૬ દ્રવ્ય	પરિણામી	જીવ	મૂર્ત-રૂપી	સપ્રદેશી	એક-અનેક	ક્ષેત્રી-ક્ષેત્ર	સક્રિય	નિત્ય	કારણ	કર્તા	સર્વગત-દેશગત	અપ્રવેશી
ધર્માસ્તિકાય	૦	૦	૦	૧	૧	ક્ષેત્રી	૦	૧	૧	૦	દે૦	૧
અધર્માસ્તિકાય	૦	૦	૦	૧	૧	"	૦	૧	૧	૦	દે૦	૧
આકાશાસ્તિકાય	૦	૦	૦	૧	૧	ક્ષેત્ર	૦	૧	૧	૦	સ૦	૧
પુદ્ગલાસ્તિકાય	૧	૦	૧	૧	અનન્ત	ક્ષેત્રી	૧	૦	૧	૦	દે૦	૧
જીવાસ્તિકાય	૧	૧	૦	૧	"	"	૧	૦	૦	૧	દે૦	૧
કાળ	૦	૦	૦	૦	"	"	૦	૧	૧	૦	દે૦	૧

॥ પ્રસંગે અજીવ દ્રવ્યના ૫૬૦ ભેદ ॥

૪ અરૂપી અજીવના દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ અને ગુણ ગણતાં ૨૦ ભેદ. તથા ૮ મી ગાથામાં કહેલા ૧૦ ભેદ મળી ૪ અરૂપી અજીવના ૩૦ ભેદ છે.

તથા ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, અને ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન એ ૨૫ ગુણમાં જે ગુણના ભેદ ગણવાના હોય તે ગુણ અને તેના વિરોધી [illegible] ગુણ [illegible] ગુણભેદ તે ગુણમાં [illegible] ગુણભેદ [illegible] ૨૦ [illegible] ૨૦-૨૦ ગણતાં ૧૦૦ ભેદ [illegible] ૧૦૦ [illegible] ૫ સંસ્થાનના ૧૦૦ [illegible] અને ૮ [illegible] ([illegible]) ૧૮૪ અને [illegible] ૫૩૦ ભેદ [illegible] ([illegible] અજીવના ભેદ) [illegible] ૩૦ [illegible] ૫૬૦ ભેદ અજીવના [illegible]

૨ અજીવ તત્ત્વ જાણવાનો ઉદ્દેશ.

પ્રશ્ન:—અજીવ તત્ત્વ જ્ઞેય (એટલે જાણવા યોગ્ય) કહ્યું છે તો અજીવ તત્ત્વને માત્ર જાણવું એજ અજીવ તત્ત્વની જ્ઞાનપ્રાપ્તિનો ઉદ્દેશ છે કે બીજો કંઈ ઉદ્દેશ છે?

ઉત્તર:—હે જીજ્ઞાસુ! અજીવતત્ત્વ જ્ઞેય છે એમ કહેવાથી અજીવતત્ત્વને માત્ર જાણવું એજ અજીવતત્ત્વની જ્ઞાનપ્રાપ્તિનો ઉદ્દેશ નથી પરન્તુ અજીવતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરીને જીવના સ્વરૂપની અને પ્રસંગત. નવે તત્ત્વોના (હેય જ્ઞેય ઉપાદેય સ્વરૂપની) પ્રાપ્તિ કરવી એજ અજીવતત્ત્વની જ્ઞાનપ્રાપ્તિનો ઉદ્દેશ છે, અને તે અજીવતત્ત્વના જ્ઞાનથી જીવસ્વરૂપની પ્રાપ્તિ આ પ્રમાણે થાય છે—અજીવ દ્રવ્યોમાં પુદ્ગલદ્રવ્ય સાથે આત્મસ્વરૂપને વિશેષ સંબંધ છે, કારણ કે જીવને પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ કરનાર આઠ કર્મ, પાંચ ઇન્દ્રિય, શરીર, ધન, પરિવાર, ઇત્યાદિ સર્વ પદાર્થો પુદ્ગલદ્રવ્ય છે. તેથી આત્મા એમ વિચારે કે આ પુદ્ગલદ્રવ્ય અજીવદ્રવ્ય છે, હું જીવદ્રવ્ય છું, પુદ્ગલાદિ પદાર્થો જડ છે, હું ચેતન છું, પુદ્ગલ ક્ષણવિનાશી છે, હું અવિનાશી છું, પુદ્ગલાદિ [illegible] અજ્ઞાન છે, હું અનન્ત જ્ઞાનવંત છું [illegible]

જે ઉપાદેય છે તે પણ ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત થવાથી આત્મા પોતા(નું) સ્વભાવિક આત્મસામ્રાજ્ય (આત્મસ્વરૂપ) પ્રાપ્ત કરે એજ અજીવ તત્ત્વની જ્ઞાનપ્રાપ્તિનો મુખ્ય ઉદ્દેશ છે. ॥ इति २ अजीवतत्त्वम् ॥

॥ अथ (३ जुं) पुण्यतत्त्वम् ॥

अवतरण—જીવને પવિત્ર કરે તે પુણ્ય કહેવાય, તે પુણ્ય જી(વ) ૯ પ્રકારે બાંધે છે, અને ૪૨ પ્રકારે ભોગવે છે. તે પુણ્ય ઉપાર્જ(ન) કરવાના પ્રકાર આ પ્રમાણે—

૧ પાત્રને અન્ન આપવાથી	૬ મનના શુભ સંકલ્પથી-વ્યાપારથી
૨ પાત્રને પાણી આપવાથી	૭ વચનના શુભ વ્યાપારથી
૩ પાત્રને સ્થાન આપવાથી	૮ કાયાના શુભ વ્યાપારથી
૪ પાત્રને શયન આપવાથી	૯ દેવ ગુરૂને નમસ્કાર વિગેરે કર(-)વાથી
૫ પાત્રને વસ્ત્ર આપવાથી	

અહિં શ્રી તીર્થંકર ભગવંતથી મુનિ મહારાજ સુધીના મહા-ત્મા પુરૂષો સુપાત્ર, સમકિતી ગૃહસ્થો પાત્ર, તેમજ અનુકંપા કરવા યોગ્ય અપંગ આદિ જીવો પાત્ર, અને શેષ સર્વે અપાત્ર ગણવા. આ પુણ્યતત્ત્વ મુખ્યત્વે ગૃહસ્થોનેજ ઉપાદેય-આદરવા યોગ્ય છે, માં(ટે) મોક્ષની અભિલાષાથી પૂર્વોક્ત ૯ પ્રકારે દાન આદિક મોક્ષને અનુકૂ(ળ) કાર્યો કરવાં. સ્વપર હિતાર્થે જીનેન્દ્ર શાસનની પ્રભાવના કરવી [illegible] હોય તો યોગ્ય [illegible] પણ નિવારવા. વિવેકપૂર્વક અનેક દેવમંદિર બંધાવવાં, અનેક જીનેન્દ્ર પ્રતિમાઓ ભરાવવી. શ્રી જીનેન્દ્ર પ્રભુના [illegible] અર્થે વિવેક પૂર્વ(ક) દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી. અનેક જ્ઞાનશાળાઓ રચવી. જીનેન્દ્ર પ્ર[illegible] કરવી. દુઃખી થતા સ્વધર્મી બંધુઓને ધર્મપ્રાપ્તિ પૂર્વક સુખી થવા નિરંતર યોગ્ય પ્રયત્ન કરવા. ઇત્યાદિ રીતે આ જીવ પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કરે છે. એ પુણ્યાનુબંધિ પુણ્ય મોક્ષમાર્ગમાં [illegible] [illegible] પુણ્ય ઉપાર્જન કરે છે. [illegible] [illegible]

એ પ્રમાણે ૯ પ્રકારે ઉપાર્જન કરેલ પુણ્ય જે ૪૨ પ્રકારે ભોગવાય છે તે ગાથાથી કહેવાય છે.

सा उच्चगोअ मणुदुग, सुरदुग पंचिंदिजाइ पणदेहा
आइतितणूणुवंगा, आइमसंघयणसंठाणा ॥१५॥

સંસ્કૃત અનુવાદ.

सातोच्चैर्गोत्रमनुष्यद्विक-सुरद्विकपञ्चेन्द्रियजातिपञ्चदेहाः
आदित्रितनूनामुपाङ्गा-न्यादिमसंहननसंस्थाने ॥१५॥

અન્વય સહિત પદચ્છેદ.

सा उच्च गोअ मणु दुग, सुर दुग पंचिंदि जाइ पण देहा
आइ ति तणूण उवंगा, आइम संघयण संठाणा ॥१५॥

શબ્દાર્થ:

सा = શાતાવેદનીય	आइ = પ્રથમના
उच्चगोअ = ઉચ્ચગોત્ર	ति = ત્રણ
मणुदुग = મનુષ્યદ્વિક	तणूण = શરીરનાં
सुरदुग = દેવદ્વિક	उवंगा = ઉપાંગ
पंचिंदिजाइ = પંચેન્દ્રિય જાતિ	आइम = પ્રથમ (પહેલું)
पणदेहा = પાંચ શરીર	संघयण = સંઘયણ
	संठाणा = સંસ્થાન

[illegible]

[illegible]

પૂર્વી પ્રાપ્ત થાય તે ક્ષેત્રિક. અહિં નાથથી બળદને જેમ ઇષ્ટ સ્થાનકે લઈ જવાય છે, તેમ વક્રગતિએ પરભવમાં જતા જીવ જેનાથી આકાશ પ્રદેશોની શ્રેણિ-પંક્તિને અનુસારે ગતિ કરી ઉત્પત્તિ સ્થાને પહોંચે તે આનુપૂર્વી કહેવાય. એ આનુપૂર્વી જીવને ઉત્પત્તિ સ્થાને લઈ જવામાં રેલ્વેના પાટા સરખી છે. તથા જેનાથી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય તે पंचेन्द्रियजाति, જેનાથી જીવને ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-અને કાર્મણ એ [1]પાંચ શરીરની પ્રાપ્તિ થાય તે औदारिकादि ५ शरीर. જેનાથી પહેલાં ત્રણ શરીરનાં ઉપાંગની પ્રાપ્તિ થાય તે औदारिकादि ३ उपांग જાણવાં. તૈજસ તથા કાર્મણ શરીરને ઉપાંગ હોય નહિં માટે એ બેનાં ઉપાંગ કહ્યાં નથી. અહિં ત્રણ શરીરમાં ૨ ભુજા, ૨ સાથળ, ૧ પીઠ, ૧ મસ્તક, ૧ ઉદર, અને ૧ હૃદય એ આઠ અંગ કહેવાય, અને અંગુલી વિગેરે ઉપાંગ છે. તથા રેખા વિગેરે અંગોપાંગ છે. તથા જેનાથી ૬ સંઘયણમાંનું પહેલું વજ્રઋષભનારાચ નામનું અતિ દૃઢ સંઘયણ (હાડનું બંધારણ વિશેષ) પ્રાપ્ત થાય તે प्रथम संघयण, આ સંઘયણમાં પ્રથમ હાડનો નારાચ એટલે મર્કટ બંધ (સાંધસ્થાને હાડના બે છેડા એક બીજાને આંકડા વાળીને વાંદરીના બચ્ચાની માફક વળગેલા) હોય છે, તે પુનઃ મર્કટોની ઉપર ઋષભ એટલે હાડનો પાટો વીંટાયલો હોય છે, અને તે પાટા ઉપર પુનઃ હાડની મજબૂત વજ્ર એટલે) ખીલી આરપાર નિકળેલી હોય છે. તથા જેનાથી ૬ સંસ્થાનમાંનું પહેલું સમચતુરસ્ર સંસ્થાન પ્રાપ્ત થાય તે प्रथम संस्थान જાણવું. સંસ્થાન એટલે શરીરની આકૃતિ-આકાર તે પર્યંકાસને બેઠેલા જે પુરૂષની ચારે બાજુ માપવું

---

[1] [illegible] ઔદારિક શરીર, [illegible] વૈક્રિય શરીર, [illegible]

[illegible]

સરખું થાય અથવા પોતાના અંગુલથી માપતાં જો ૧૦૮ અંગુલ ઉંચાઈ થાય તો તે પણ સમચતુરસ્ર સંસ્થાન થાય છે. એ શાતા-વેદનીયાદિની પ્રાપ્તિ જીવને પુણ્યથી હોય છે. [illegible] ૫ સંઘયણ તથા ૫ સંસ્થાન પાપકર્મના ઉદયથી હોય છે, માટે તે પાપ-તત્ત્વમાં કહેવાશે.

અવતરણ—પુણ્યતત્ત્વના ૪૨ ભેદમાંથી પૂર્વગાથામાં ૧૭ ભેદ કહીને હવે આ ગાથામાં શેષ ૨૫ ભેદ કહે છે—

वन्नचउक्कागुरुलहु, परघा उस्सास आयवुज्जोयं
सुभखगइनिमिणतसदस, सुरनरतिरिआउ तित्थयरं
॥ १६ ॥

સંસ્કૃત અનુવાદ

वर्णचतुष्कागुरुलघु-पराघातोच्छ्वासातपोद्योतं
शुभखगतिनिर्माणत्रसदश-सुरनरतिर्यगायुस्तीर्थंकरं ॥१६॥

અન્વય સહિત પદચ્છેદ

वन्न चउक्क, अगुरुलहु, परघा, उस्सास, आयव, उज्जोयं, सुभ खगइ, निमिण, तस दस, सुर (आउ), नर (आउ), तिरि आउ, तित्थयरं ॥१६॥

શબ્દાર્થ

[illegible]

ગાથાર્થઃ—વર્ણચતુષ્ક (એટલે શુભવર્ણ શુભગંધ શુભરસ અને શુભસ્પર્શ એ ૪), અગુરુલઘુ, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, શુભવિહાયોગતિ, નિર્માણ, ત્રસ વિગેરે ૧૦, દેવનું આયુષ્ય, મનુષ્યનું આયુષ્ય, તિર્યંચનું આયુષ્ય, અને તીર્થંકરપણું (એ ૨૫ તથા પૂર્વ ગાથામાં કહેલા ૧૭ ભેદ તે સર્વ મળી પુણ્યતત્ત્વના ૪૨ ભેદ છે, એટલે એ ૪૨ પ્રકારે પુણ્ય ભોગવાય છે.) ॥ ૧૬ ॥

વિશેષાર્થઃ—શ્વેત, રક્ત, અને પીત એ ૩ શુભવર્ણ છે. સુરભિગંધ તે શુભગંધ છે. આમ્લ મધુર અને કષાય એ ૩ શુભરસ છે, તથા લઘુ મૃદુ, ઉષ્ણ, અને સ્નિગ્ધ એ ૪ શુભસ્પર્શ છે. માટે જેનું શરીર એ શુભવર્ણાદિ યુક્ત હોય તે પુણ્યનો ઉદય કહેવાય. તથા જીવને પોતાનું શરીર લોખંડ સરખું અતિ ભારી, તેમજ વાયુ સરખું અતિ લઘુ—હલકું નથી લાગતું તે અગુરુલઘુ. તથા સામો પુરુષ બળવાન હોય તોપણ જેની આકૃતિ દેખીને નિર્બળ થાય—ક્ષોભ પામે તેવો તેજસ્વી તે પરાઘાતના ઉદયથી હોય છે. જેથી સુખપૂર્વક શ્વાસોચ્છ્વાસ લેવાય તે શ્વાસોચ્છ્વાસ. પોતે શીત છતાં પોતાનો પ્રકાશ ઉષ્ણ હોય તે સૂર્યવત્ આતપ, પોતે શીતળ અને પોતાનો પ્રકાશ પણ શીતળ તે ચંદ્રપ્રકાશવત્ ઉદ્યોત, વૃષભ હંસ તથા હસ્તિ આદિકની પેઠે મલપતી ધીરી ચાલ હોય તે શુભવિહાયોગતિ. પોતાના શરીરના અવયવો યથાર્થ સ્થાને રચાય તે નિર્માણ, જેના ઈ. ત્રસ વિગેરે ૧૦ શુભભાવની પ્રાપ્તિ (આગળની ગાથામાં કહેવાશે તે) થાય તે ત્રસદશક. તથા દેવઆયુષ્ય મનુષ્ય આયુષ્ય અને તિર્યંચ આયુષ્યની પ્રાપ્તિ તે ૩ શુભઆયુષ્ય, અને જેનાથી ચતુર્વિધ સંઘને સ્થાપે ઇત્યાદિ તીર્થંકરપણું પ્રાપ્ત થાય તે તીર્થંકર નામ એ સર્વે પુણ્ય ભોગવવાના (પુણ્યતત્ત્વના) ભેદ છે.

અવતરણ—પૂર્વ ગાથામાં ત્રસદશક એટલે ત્રસ આદિ ૧૦ ભેદ અનુક્રમે કહ્યા નહોતા તે ત્રસ આદિ ૧૦ ભેદ આ ગાથામાં કહે છે—

तस बायर पज्जत्तं, पत्तेअ थिरं सुभं च सुभगं च ।
सुस्सर आइज्ज जसं, तसाइदसगं इमं होइ ॥१७॥

સંસ્કૃત અનુવાદ

त्रसबादरपर्याप्तं, प्रत्येकं स्थिरं शुभं च सुभगं च
सुस्वरादेययशस्त्रसादिदशकमिदं भवति ॥ १७ ॥

અન્વય સહિત પદચ્છેદ

तसबायरपज्जत्त—इमं तसाइ दसगं होइ इति

શબ્દાર્થ

तस = ત્રસ	सुसर = સુસ્વર (મધુરસ્વર)
बायर = બાદર	आइज्ज = આદેય
पज्जत्तं = પર્યાપ્ત	जस = યશ
पत्तेय = પ્રત્યેક	तसाइ = ત્રસ વિગેરે
थिर = સ્થિર	दसगं = દશ ભેદ
सुभं = શુભ	इमं = એ, એ પ્રમાણે
सुभगं = સૌભાગ્ય	होइ = છે

ગાથાર્થ—ત્રસ, બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-સૌભાગ્ય-સુસ્વર-આદેય [illegible] ॥ ૧૭ ॥

વિશેષાર્થ—[illegible]

આ પુણ્યતત્ત્વમાં ૨ વેદનીય-૨ ગોત્ર કર્મ-૩ આયુષ્યકર્મ-અને ૩૭ નામકર્મના ભેદ છે.

॥ પુણ્ય તત્ત્વ જાણવાનો ઉદ્દેશ. ॥

પુણ્ય તત્ત્વના ભેદાનુભેદનું જ્ઞાન પ્રાપ્ત કરીને આત્માએ વિચાર કરવો કે—આ પુણ્યતત્ત્વ પુદ્‌ગલ સ્વરૂપ છે, અને હું જીવસ્વરૂપ છું. પુણ્યતત્ત્વ દેવગતિ તથા મનુષ્યગતિ આપે છે, અને આત્મા તો મોક્ષગતિ રૂપ હોય છે. પુણ્યતત્ત્વ જો કે શુભતત્ત્વ છે તોપણ સોનાની બેડી સરખું બન્ધન રૂપ છે. સોનાની બેડીમાં જકડાયેલા કેદી સોનું દેખવા માત્રથી કેદી અવસ્થા સ્વીકારવાને ઉત્સુક ન હોય તેમ મારે આત્મા મનુષ્યગતિ આદિ ૪૨ શુભ કર્મની સુવર્ણ જંજીરોમાં કેદી રહેવાને ઉત્સુક ન હોવો જોઇએ. વળી પાપાનુબન્ધિ પુણ્ય તો આત્માને પરંપરાએ દુર્ગતિઓમાંજ રઝળાવે છે, એ પ્રમાણે અનેક રીતે વિચારતાં પુણ્યતત્ત્વ અને આત્મતત્ત્વ એ બે સર્વથા ભિન્ન છે તેથી મારા આત્માને પુણ્યનો સંબંધ ન હોવો જોઇએ તોપણ પુણ્યમાં એક મહાસદ્‌ગુણ છે કે જે સંસાર અટવીના મહા ભયંકર ઉપદ્રવવાળા માર્ગને ઓળંગવામાં સમર્થ ભોમિયા સરખું છે, જેણે અનેક ઉપદ્રવવાળા આ દુઃખસંસારની અટવીના ભયંકર માર્ગો પસાર કરવાના છે. અને માર્ગના ઉપદ્રવો ઓળંગવા જેટલું (મુનિપણા જેટલું) દૃઢ મનોબળમાં સામર્થ્ય નથી. તેથી જ્યાં સુધી હું આ દુઃખમાર્ગ રૂપ મહા અટવી પાર ન ઉતરી જાઉં (મુનિમાર્ગ અંગીકાર ન કરી) ત્યાં સુધી આ પુણ્યાનુબંધિ પુણ્યતત્ત્વ રૂપ સમર્થ ભોમિયાનો ત્યાગ ઘટે નહિ. એમ વિચારી ગુણસ્થાનક સુધી આત્મા પુણ્યતત્ત્વનો [illegible] ॥ ઇતિ પુણ્યતત્ત્વમ્.

॥अथ (४ थुं) पापतत्त्वम्॥

પ્રસ્તાવના:—પૂર્વે પુણ્યતત્ત્વના ૪૨ ભેદ કહીને હવે પાપતત્ત્વના ૮૨ ભેદ કહેવાના પ્રસંગે આ ગાથામાં ૬૨ ભેદ કહે છે.

नाणंतरायदसगं, नव बीए नीअसाय मिच्छत्तं
थावरदस निरयतिगं, कसाय पणवीस तिरियदुगं॥१८॥

સંસ્કૃત અનુવાદ

ज्ञानान्तरायदशकं, नव द्वितीये नीचैरसातं मिथ्यात्वं
स्थावरदशकं निरयत्रिकं, कषायपञ्चविंशतिः तिर्यग्द्विकम्॥१८॥

અન્વય સહિત પદચ્છેદ

नाण अंतराय दसगं, बीए नव, नी, असाय, मिच्छत्तं,
थावर दस, निरय तिगं, कसाय पणवीस, तिरिय दुगं॥१८॥

શબ્દાર્થ:

[illegible]

[illegible]

વિશેષાર્થઃ—જેમ પુણ્ય બાંધવાના ૯ પ્રકાર પૂર્વે કહ્યા તેમ અહિં પાપ બાંધવાના જે ૧૮ પ્રકાર છે, તે ૧૮ પાપસ્થાન કહેવાય છે, અને તે પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ (અસત્ય), અદત્તાદાન (ચોરી), મૈથુન (સ્ત્રીસંગ), અને પરિગ્રહ આદિ પ્રસિદ્ધ છે. એ પ્રમાણે ૧૮ પ્રકારે બંધાયલું પાપ ૮૨ પ્રકારે ભોગવાય છે, તે ૮૨ પ્રકાર કર્મના ભેદરૂપ છે તે કહેવાય છે.

પાંચ ઇન્દ્રિય અને મનદ્વારા નિયત (અમુક) વસ્તુનું જ્ઞાન તે મતિજ્ઞાન, અને તેને આચ્છાદન કરનાર કર્મ તે મતિજ્ઞાનાવરણીય કર્મ, શાસ્ત્રને અનુસરતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન, અને તેનું આચ્છાદન કરનાર શ્રુતજ્ઞાનાવરણીય કર્મ, ઇન્દ્રિય અને મન વિના આત્માને રૂપી પદાર્થનું જે મર્યાદાવાળું જ્ઞાન થાય તે અવધિજ્ઞાન અને તેને આચ્છાદન કરનાર અવધિજ્ઞાનાવરણીય કર્મ, અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞિ પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણવા તે મનઃપર્યવજ્ઞાન, અને તેને આચ્છાદન કરનાર મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ, તથા ત્રણે કાળના સર્વ પદાર્થોના ભાવ એક સમયમાં જાણવા તે કેવળજ્ઞાન, અને તેને આચ્છાદન કરનાર કર્મ કેવલજ્ઞાનાવરણીય કર્મ, એ પાંચ કર્મના ઉદયથી આત્માના જ્ઞાનગુણનો નાશ (ઘાત) થાય છે માટે એ પાંચે કર્મના ઉદય તે પાપના ભેદ છે.

જેનાથી દેવાલાયક વસ્તુ હોય, દાનનું શુભ ફળ જાણતો હોય, અને દાન લેનાર ગુણવાન્ની પણ પ્રાપ્તિ થઇ હોય તોપણ દાન ન આપી શકાય તે દાનાન્તરાય. તથા દાતાર આપેલ હોય, [illegible] વસ્તુ હોય, વિનયથી યાચના કરી હોય તોપણ વસ્તુની પ્રાપ્તિ જે કર્મથી ન થાય તે લાભાન્તરાય, જેનાથી આહાર તથા [illegible] વસ્તુ વિદ્યમાન હોય તોપણ ભોગવી ન શકાય તે ભોગાન્તરાય ને ઉપભોગાન્તરાય. અહિં એક વાર ભોગવવા યોગ્ય આહારાદિ તે ભોગ, અને વારંવાર ભોગવવા યોગ્ય વસ્ત્રાદિ [illegible] તે ઉપભોગ. તથા જેનાથી બળ ન હોય અને હોય તો ફોરવી ન શકાય તે વીર્યાન્તરાય. એ પાંચ પાપકર્મના ભેદ.

જેના [illegible] અનન્તજ્ઞાની [illegible] ઇન્દ્રિયથી [illegible] દર્શનાવરણ [illegible] ચક્ષુર્દર્શનાવરણ. જેનાથી [illegible] ઇન્દ્રિય [illegible]

૧ મન એ પાંચની શક્તિનું આચ્છાદન થાય તે ચક્ષુર્દર્શનાવરણીય, જેનાથી અવધિદર્શન આચ્છાદન થાય તે અવધિદર્શનાવરણીય, અને જેનાથી કેવળ દર્શનનું આચ્છાદન થાય તે કેવળદર્શનાવરણીય, જેનાથી સુખે જાગૃત થવાય તેવી અલ્પનિદ્રા તે નિદ્રા. દુઃખે જાગૃત થવાય તેવી અધિક નિદ્રા તે નિદ્રાનિદ્રા, બેઠાં અને ઉભાં ઉંઘ આવે તે પ્રચલા. ચાલતાં નિદ્રા આવે તે પ્રચલા પ્રચલા. અને જે નિદ્રામાં દિવસે ચિંતવેલું કાર્ય કરે તેવી, પ્રથમ સંઘયણવાળાને વાસુદેવથી અર્ધ બળવાળી અને વર્તમાનમાં [illegible] બળવાળી નિદ્રા તે થીણદ્ધિ (સ્ત્યાનર્દ્ધિ) નિદ્રા કહેવાય. એ ૪ દર્શનાવરણ અને ૫ નિદ્રા મળી ૯ ભેદ દર્શનાવરણીય કર્મના છે. [illegible] કર્મ પછી આ દર્શનાવરણીય કર્મ બીજું [illegible] પ્રતિહાર (દ્વારપાળ જેવા [illegible]) કહ્યું છે.

જેનાથી નીચ કુળ જાતિ વંશમાં [illegible] થાય તે નીચગોત્ર, જેનાથી દુઃખનો અનુભવ થાય તે અશાતાવેદનીય. જેનાથી [illegible] જિનેશ્વર ભાષિત [illegible] થાય તે મિથ્યાત્વ [illegible], જેનાથી [illegible] ની પ્રાપ્તિ થાય તે [illegible], જેનાથી [illegible] આયુષ્યની પ્રાપ્તિ થાય તે નરકાયુ, જેનાથી [illegible] પ્રાપ્તિ થાય તે [illegible] અને જેનાથી [illegible]

[illegible]

[illegible]

તિર્યંચની આનુપૂર્વી પ્રાપ્ત થાય તે [1]તિર્યગ્દ્વિક એ પ્રમાણે ૬૨ તથા આગળ કહેવાના ૨૦ ભેદ મળી ૮૨ પ્રકારે પાપતત્ત્વ જાણવું.

इगबितिचउजाईओ, कुखगइ उवघाय हुंति पावस्स
अपसत्थं वन्नचऊ, अपढमसंघयणसंठाणा॥१९॥

સંસ્કૃત અનુવાદ

एकद्वित्रिचतुर्जातयः, कुखगतिरुपघातो भवन्ति पापस्य
अप्रशस्तं वर्णचतुष्क-मप्रथमसंहननसंस्थानानि ॥१९॥

અન્વય સહિત પદચ્છેદ

इग बि ति चउ जाईओ, कुखगइ उवघाय अपसत्थं वन्न चऊ
अपढम संघयण संठाणा पावस्स (भेया) हुंति ॥१९॥

શબ્દાર્થ

इग = એકેન્દ્રિય	हुंति = છે
बि = દ્વીન્દ્રિય	पावस्स = પાપના ભેદ
ति = ત્રીન્દ્રિય	अपसत्थं = અપ્રશસ્ત, અશુભ
चउ = ચતુરિન્દ્રિય	वन्नचऊ = વર્ણચતુષ્ક
जाईओ = એ ચાર જાતિ	अपढम = અપ્રથમ (પહેલા સિવાયનાં)
कुखगइ = અશુભ વિહાયોગતિ	संघयण = (પાંચ) સંઘયણ
उवघाय = ઉપઘાત	संठाणा = (પાંચ) સંસ્થાન

ભાવાર્થ:—એકેન્દ્રિયજાતિ, દ્વીન્દ્રિયજાતિ, ત્રીન્દ્રિયજાતિ અને ચતુરિન્દ્રિયજાતિ એ ૪ જાતિ તથા અશુભવિહાયોગતિ, ઉપઘાત, અપ્રશસ્ત વર્ણચતુષ્ક, પહેલા સિવાયનાં ૫ સંઘયણ અને પહેલા સિવાયનાં ૫ સંસ્થાન એ ૨૦ ભેદ અને પૂર્વગાથામાં કહેલા ૬૨ ભેદ મળી ૮૨ ભેદ પાપતત્ત્વના છે. ॥ ૧૯ ॥

વિશેષાર્થ:—પૃથ્વીકાય આદિક એકેન્દ્રિયપણાની પ્રાપ્તિ તે એકેન્દ્રિય જાતિ, શંખ આદિક દ્વીન્દ્રિયપણાની પ્રાપ્તિ તે દ્વીન્દ્રિય જાતિ, જૂ માંકડ આદિ ત્રીન્દ્રિયપણાની પ્રાપ્તિ તે ત્રીન્દ્રિય જાતિ, પતંગિયા વીંછી આદિક ચતુરિન્દ્રિયપણાની પ્રાપ્તિ તે ચતુરિન્દ્રિય જાતિ. ઊંટ તથા ગધેડા સરખી અશુભ ચાલ તે અશુભ વિહાયોગતિ. પ્રતિજીહ્વા (પડજીભી), રસોળી, દીર્ઘદાંત આદિ પોતાના અવયવો વડે પોતે દુઃખ પામે. અથવા જળમાં ઝંપાપાત, પર્વતથી ભિખ-ઝપાત, અને ફાંસો આદિથી આપઘાત કરે—એવો તે ઉપઘાત કહેવાય.

જેનાથી (શરીરનો) કૃષ્ણવર્ણ અને નીલવર્ણ પ્રાપ્ત થાય તે અશુભવર્ણ, દુરભિગંધ તે અશુભગંધ, તીખો અને કડવો રસ તે અશુભ રસ, અને ગુરુ-કર્કશ-શીત તથા રૂક્ષ એ ૪ અશુભ સ્પર્શ છે. એ અશુભ વર્ણાદિ ચારની પ્રાપ્તિ તે અપ્રશસ્ત વર્ણચતુષ્ક નામના ઉદયથી હોય છે.

તથા પહેલા સંઘયણ વિના ૫ સંઘયણની પ્રાપ્તિ તે આ પ્રમાણે—જેના હાડની સંધિઓ બે પાસે મર્કટબંધ વાળી હોય અને ઉપર હાડનો પાટો હોય પરન્તુ હાડખીલી ન હોય તે ઋષભનારાચ, જેમાં બે મર્કટબંધ હોય અને પાટો ખીલી ન હોય તે નારાચ, એક બાજુ મર્કટબંધ હોય અને ખીલી પણ હોય તે અર્ધનારાચ, કેવળ ખીલી હોય તે કીલિકા, અને હાડના બે છેડા માત્ર અડકીને રહ્યા હોય તે છેવટ્ઠું અથવા સેવાર્ત સંઘયણ કહેવાય. એ પાંચ સંઘયણ ચિત્ર ૧૪ છે.

[illegible]

[illegible]

વેદનીય-૨૬ મોહનીય-૨ આયુષ્ય-૧ ગોત્ર-૫ અન્તરાય-અને ૩૪ નામકર્મના ભેદ છે. તે પાપતત્ત્વના ૮૨ અને પુણ્યતત્ત્વના ૪૨ ભેદ મળીને ૧૨૪ કર્મભેદ થાય છે, પરન્તુ વર્ણચતુષ્ક બન્ને તત્ત્વમાં ગણાવાથી ૧ વર્ણચતુષ્ક બાદ કરતાં શેષ ૧૨૦ કર્મનો ઉદય આ બન્ને તત્ત્વમાં સંગૃહિત કર્યો છે.

અવતરણ—૧૮ મી ગાથામાં પાપતત્ત્વ સંબંધિ જે થાવરદસ પદ કહ્યું તે સ્થાવર આદિ ૧૦ ભેદ આ ગાથામાં કહે છે.

थावर सुहुम अपज्जं, साहारण मथिरमसुभ दुभगाणि
दुस्सरणाइज्जजसं थावरदसगं विवज्जत्थं ॥ २० ॥

સંસ્કૃત અનુવાદ.

स्थावरसूक्ष्मापर्याप्तं, साधारणमस्थिरमशुभदुर्भगाणि
दुःस्वरानादेयायशः, स्थावरदशकं विपर्ययार्थम् ॥ २० ॥

અન્વય સહિત પદચ્છેદ.

थावर, सुहुम, अपज्जं, साहारण, अथिर, असुभ, दुभगाणि,
दुस्सर, अणाइज्ज, अजस, थावर दसग, विवज्ज अत्थं ॥ २० ॥

શબ્દાર્થ

थावर = સ્થાવર
सुहुम = સૂક્ષ્મ
अपज्ज = અપર્યાપ્ત
साहारण = સાધારણ
अथिर = અસ્થિર
असुभ = અશુભ
दुभगाणि = દૌર્ભાગ્ય
दुस्सर = દુઃસ્વર
अणाइज्ज = અનાદેય
अजस = અપયશ
थावरदसगं = સ્થાવર દશક (સ્થાવર આદિ ૧૦ ભેદ)
विवज्जत्थं = (ત્રસ દશકથી) વિપરીત અર્થવાળું છે.

ભાવાર્થ: — [illegible]

વિશેષાર્થઃ—જેનાથી હાલવા ચાલવાની શક્તિનો અભાવ એટલે એક સ્થાને સ્થિર રહેવાપણું પ્રાપ્ત થાય તે સ્થાવર, જેનાથી ઇન્દ્રિયના વિષયમાં ન આવે એવું સૂક્ષ્મપણું પ્રાપ્ત થાય તે સૂક્ષ્મ, જેનાથી સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન થાય તે અપર્યાપ્ત, જેનાથી અનન્ત જીવો વચ્ચે એકજ શરીર પ્રાપ્ત થાય તે સાધારણ એટલે નિગોદપણું પ્રાપ્ત થાય. તથા જેનાથી જીભ દાંત આદિ અસ્થિર અવયવોની પ્રાપ્તિ થાય તે અસ્થિર, જેનાથી નાભિની નીચેના અંગોને અશુભતા (બીજા જીવને સ્પર્શ થવાથી ખેદ થાય એવી અશુભતા)ની પ્રાપ્તિ થાય તે અશુભ, જેનાથી બીજાને દેખતાં જ ઉદ્વેગ થાય, તેમજ ઉપકારી હોવા છતાં જેનું દર્શન અપ્રિયકર લાગે તે દૌર્ભાગ્ય, [illegible] આદિ જેવો અશુભ સ્વર થાય તે દુઃસ્વર, જેનાથી યુક્તિવાળા વચનનો પણ લોક અનાદર કરે તે અનાદેય, અને અપકીર્તિની પ્રાપ્તિ તે અયશ. એ પ્રકારે સ્થાવર આદિ ૧૦ ભેદ તે પાપતત્ત્વના ઉત્તર ભેદ છે. એ ૧૦ ભેદ પૂર્વોક્ત ત્રસ આદિ ૧૦ ભેદના અનુક્રમે વિપરીત અર્થવાળા જાણવા.

॥ પાપતત્ત્વ સ્વરૂપનો [illegible]. ॥

પાપતત્ત્વ પણ પુદ્ગલસ્વરૂપ છે, અને અશુભ કર્મરૂપ છે. [illegible]

॥ અથ (૫ મું) આશ્રવતત્ત્વ ॥

[illegible]

ઇંદિય કસાય અવ્વય, જોગા પંચ ચઉ પંચ તિન્નિ કમા।
કિરિયાઓ પણવીસં, ઇમા ઉ તાઓ અણુક્કમસો ॥૧૭॥

સંસ્કૃત અનુવાદ

इन्द्रियकषायाव्रतयोगाः पंच चत्वारि पंच त्रीणि क्रमात्
क्रियाः पंचविंशतिः, इमास्तु ता अनुक्रमशः ॥२१॥

અન્વય સહિત પદચ્છેદ

कमा पंच इंदिअ, चउ कसाय, पंच अव्वय, तिन्नि जोगा
पणवीसं किरियाओ, उ ताओ अणुक्कमसो इमा ॥२१॥

શબ્દાર્થ

इंदिय = ઇન્દ્રિય	कमा = અનુક્રમે
कसाय = કષાય	किरियाओ = ક્રિયાઓ
अव्वय = અવ્રત	पणवीस = પચીસ
जोग = યોગ	इमा = આ
पंच = પાંચ	उ = અને, વળી
चउ = ચાર	ताओ = તે (ક્રિયાઓ)
तिन्नि = ત્રણ	अणुक्कमसो = અનુક્રમે

ગાથાર્થ—અનુક્રમે ૫ ઇન્દ્રિય, ૪ કષાય, ૫ અવ્રત, ૩ યોગ અને ૨૫ ક્રિયાઓ (એ આશ્રવના ૪૨ ભેદ છે.) અને તે ક્રિયાઓ અનુક્રમે આ પ્રમાણે (આગળ કહેવાય છે તે) છે. ॥ ૨૧ ॥

વિશેષાર્થ—જે માર્ગે તળાવમાં પાણી આવે તે માર્ગને જેમ [illegible] કહીએ તેમ જે દ્વારા કર્મોનું આગમન આત્માને વિષે થાય તે આશ્રવ કહેવાય. ત્યાં પ્રથમ પાંચ ઇન્દ્રિયો તે સ્પર્શેન્દ્રિય, રસના ઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્ર ઇન્દ્રિય એ પાંચ ઇન્દ્રિય [illegible] અનુક્રમે [illegible] અને ૩ [illegible] ક્રિયા છે. તે [illegible]

તથા ક્રોધ માન માયા અને લોભ એ ચાર કષાય અથવા અનંતાનુબંધિ ક્રોધ આદિ ભેદ વડે ૧૬ કષાયમાં આત્મા અનાદિકાળથી પ્રવૃત્ત છે તેથી કર્મનો આશ્રવ પણ અનાદિકાળથી ચાલુ રહ્યો છે. એમાં પણ આત્મા જ્યારે દેવ ગુરૂ ધર્મના રાગમાં વર્તે છે અને દેવ ગુરૂ ધર્મનો નાશ કરનાર પ્રત્યે ક્રોધ આદિ યથાયોગ્ય દ્વેષભાવમાં વર્તે છે ત્યારે પ્રશસ્ત કષાયી હોવાથી શુભ કર્મનો આશ્રવ કરે છે. અને સ્ત્રી કુટુંબ આદિ સંસારી રાગમાં અને સંસારી દ્વેષમાં વર્તે છે ત્યારે અપ્રશસ્ત કષાયી હોવાથી અશુભ કર્મનો આશ્રવ કરે છે. અહિં રાગ એટલે માયાનો રાગ એટલે લોભ હોવાથી માયા ને [illegible] કહેવાય.

તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચના અવિરતિરૂપ-અત્યાગ તે પાંચ અવ્રત કહેવાય. જેથી એ પાંચ ક્રિયામાં ન વર્તતો હોય તોપણ ત્યાગ ન હોવાથી કર્મનો આશ્રવ (કર્મનું આગમન) અવશ્ય થાય છે.

તથા મનોયોગ, વચનયોગ અને કાયયોગ એ ૩ યોગ [illegible]

[illegible]

[illegible]

સંસ્કૃત અનુવાદ

कायिक्यधिकरणिकी, प्राद्वेषिकी पारितापनिकी क्रिया
प्राणातिपातिक्यारंभिकी,पारिग्रहिकी मायाप्रत्ययिकी च ॥२३॥

અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્—પરન્તુ पाणाइवाय आरंभिय इति ॥

શબ્દાર્થ:

काइआ = કાયિકી ક્રિયા	पाणाइवाय = પ્રાણાતિપાતિકી
अहिगरणिया = અધિકરણિકી	आरंभिय = આરંભિકી ક્રિયા
पाउसिया = પ્રાદ્વેષિકી ક્રિયા	परिग्गहिया = પારિગ્રહિકી ક્રિયા
पारितावणी = પારિતાપનિકી	मायवत्ती = માયાપ્રત્યયિકી
किरिया = ક્રિયા	अ = અને

ગાથાર્થ:—કાયિકી ક્રિયા, અધિકરણિકી ક્રિયા, પ્રાદ્વેષિકી ક્રિયા, પારિતાપનિકી ક્રિયા, પ્રાણાતિપાતિકી ક્રિયા, પારિગ્રહિકી ક્રિયા અને માયાપ્રત્યયિકી ક્રિયા [illegible] ॥૨૩॥

વિશેષાર્થ:—આત્મા જે વ્યાપાર વડે શુભાશુભ કર્મનું [illegible] તે વ્યાપાર ક્રિયા કહેવાય. ત્યાં કાયાને [illegible] પ્રવર્તાવવી તે કાયિકી ક્રિયા. [illegible]

[illegible]

ર ખડ્ગાદિકના અંગ-અવયવો પરસ્પર જોડવા તે સંયોજનાધિકરણિકી અને તેવાં નવાં શસ્ત્રાદિ બનાવવાં તે નિર્વર્તનાધિકરણિકી ક્રિયા. આદિ પોતાનું શરીર પણ અધિકરણ કહેવું (આ ક્રિયા આરંભ કષાયથી ઉત્પન્ન થતી હોવાથી દશમા ગુણસ્થાન સુધી હોય છે)

૩ દુષ્ટ અથવા અદુષ્ટ ઉપર દ્વેષ ચિંતવવો તે પ્રાદ્વેષિકી ક્રિયા બે પ્રકારની છે. ત્યાં દુષ્ટ ઉપર દ્વેષ કરવાથી જીવપ્રાદ્વેષિકી અને પોતાને પીડા ઉપજાવનાર ઠેસ પત્થર આદિ ઉપર દ્વેષ થાય તે અજીવપ્રાદ્વેષિકી ક્રિયા છે. આ ક્રિયા દ્વેષના ઉદયથી છે (અને તે આ ગુણસ્થાને જ્યાંસુધી દ્વેષોદય વર્તે છે ત્યાં સુધી હોય છે.)

૪ પોતાને અથવા પરને તાડના તર્જના વડે સંતાપ ઉપજાવવો તે પારિતાપનિકી ક્રિયા બે પ્રકારની (પ્રકારાન્તરે ૩ પ્રકારની) કહી છે. ત્યાં ઈષ્ટ વ્યક્તિના વિયોગે પોતાના હાથે પોતાનું શિર કૂટવું વડે અથવા બીજાનું શિર કૂટવું વડે સ્વહસ્ત પારિતાપનિકી ક્રિયા અને બીજાના હાથે તેમ કરાવવું પરહસ્તપારિતાપનિકી ક્રિયા કહેવાય (આ ક્રિયા પણ [illegible] ગુણસ્થાન સુધી છે.)

૫ [illegible] તે પ્રાણાતિપાતિકી ક્રિયા બે પ્રકારની છે. તે [illegible] [illegible]

[illegible]

૭—પરિગ્રહ એટલે ધનધાન્ય આદિકનો જે સંગ્રહ અથવા મમત્વભાવ તેનાથી ઉત્પન્ન થયેલ તે પારિગ્રહિકી ક્રિયા બે પ્રકારની છે. ત્યાં પણ દાસ આદિ સજીવ સંગ્રહથી જીવપારિગ્રહિકી અને ધનધાન્યાદિ અજીવના સંગ્રહથી અજીવપારિગ્રહિકી ક્રિયા કહેવાય. (આ ક્રિયા પરિગ્રહવાળાને હોવાથી ૫મા ગુણસ્થાન સુધી છે.)

૮—માયા એટલે છળ પ્રપંચ તેના પ્રત્યયથી એટલે હેતુથી ઉત્પન્ન થયેલી તે માયાપ્રત્યયિકી ક્રિયા બે પ્રકારની છે. ત્યાં પોતાના હૃદયમાં દુષ્ટભાવ હોવા છતાં શુદ્ધભાવ દર્શાવવો તે આત્મભાવવંચન માયા પ્રત્યયિકી, અને ખોટી સાક્ષી ખોટા લેખ આદિ કરવા તે પરભાવવંચન માયા પ્રત્યયિકી ક્રિયા કહેવાય. (આ ક્રિયા ૭ મા ગુણસ્થાન સુધી છે.)

मिच्छादंसणवत्ती, अपच्चरकाणी य दिट्ठि पुट्ठि य
पाडुच्चिय सामंतो–वणीय नेसत्थि साहत्थी ॥२३॥

संस्कृत अनुवाद

मिथ्यादर्शनप्रत्ययिकी, अप्रत्याख्यानिकी च दृष्टिकी
(स्पृष्टिकी) (पृष्टिकी) च
प्रातित्यकी सामन्तोपनिपातिकी नैसृष्टिकी स्वाहस्तिकी ॥२३॥

अन्वय सहित पदार्थ

[illegible]—

शब्दार्थ:

[illegible]

ગાથાર્થઃ—તથા મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા, અપ્રત્યાખ્યાનિકી ક્રિયા, દૃષ્ટિકી ક્રિયા, સ્પૃષ્ટિકીક્રિયા (અથવા પૃષ્ટિકી) પ્રાતિત્યકી ક્રિયા, સામન્તોપનિપાતિકી ક્રિયા, નૈશસ્ત્રિકી ક્રિયા (અથવા નૈસૃષ્ટિકી ક્રિયા) અને સ્વાહસ્તિકી ક્રિયા. ॥ ૨૩ ॥

વિશેષાર્થ—૨૦—મિથ્યાદર્શન એટલે તત્ત્વની જે વિપરીત પ્રતિપત્તિ (શ્રદ્ધા), તેના પ્રત્યય એટલે હેતુવાળી જે ક્રિયા (અર્થાત્ વિપરીત શ્રદ્ધા રૂપ જે ક્રિયા) તે મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કહેવાય છે. ત્યાં કોઈ પણ પદાર્થનું સ્વરૂપ સર્વજ્ઞે કહેલા સ્વરૂપથી ન્યૂન વા અધિક માને તે ન્યૂનાતિરિક્ત મિથ્યાત્વ, અને સર્વથા ન માને તે તદ્વ્યતિરિક્ત મિથ્યાત્વ ક્રિયા કહેવાય. (આ ક્રિયા [illegible] અનંતાનુબંધીય મિથ્યાત્વની [illegible] અનંતાનુબંધીયના ઉદયથી [illegible] ગુણસ્થાન સુધી હોય છે).

૨૧—[illegible]

એજ છે. (આ ક્રિયા અવિરત જીવોને હોવાથી ૪થા ગુણ સ્થાન સુધી છે.)

૧૧—જીવ અથવા અજીવને રાગાદિકથી દેખતાં જે ક્રિયા લાગે તે दृष्टिकी क्रिया પણ जीवदृष्टिकी અને अजीवदृष्टिकी એમ ૨ પ્રકારે છે. (આ ક્રિયા દેખવાથી ચક્ષુ ઇન્દ્રિયવંતને હોવાથી ત્રીન્દ્રિય સુધીના જીવોને ન હોય. અને પંચેન્દ્રિયને છઠ્ઠા અથવા ૧૦મા ગુણસ્થાન સુધી હોય છે).

૧૨—જીવ અથવા અજીવને રાગાદિકથી સ્પર્શ કરવો તે स्पृष्टिकी क्रिया પણ जीव स्पृ० અને अजीव स्पृ० એમ ૨ પ્રકારે છે. અથવા અહિં ૧૨ મી पृष्टिकी એટલે प्राश्निकी क्रिया પણ ગણાય છે. તે જીવ અથવા અજીવને રાગાદિકથી પૂછતાં જીવ પ્રાશ્નિકી તથા અજીવ પ્રાશ્નિકી એમ બે પ્રકારની કહી છે. (આ ક્રિયા પ્રમાદી અથવા સરાગી જીવને હોવાથી છઠ્ઠા અથવા ૧૦ મા ગુણસ્થાન સુધી છે).

૧૩—અન્ય જીવ અથવા અજીવના આશ્રયિ જે ક્રિયા તે प्रातित्यकी क्रिया બે પ્રકારની છે. ત્યાં બીજાના હસ્તિ અશ્વ આદિ ઋદ્ધિ દેખી રાગદ્વેષ થાય તે जीवप्रातित्यकी અને આભૂષણાદિ ઋદ્ધિ દેખી રાગદ્વેષ થાય તે अजीवप्रातित्यकी. અથવા સ્તંભાદિકમાં મસ્તક અફળાતાં સ્તંભાદિ અજીવના નિમિત્તથી જે દ્વેષાદિક થાય તે પણ અજીવ પ્રાતિત્યકી ક્રિયા છે. (આ ક્રિયા ૫ મા ગુણસ્થાન સુધી કહી છે). અહિં प्रतीत्य એટલે "આશ્રયિને" એવો શબ્દાર્થ છે.

૧૪—समन्तात् એટલે ચારે બાજુથી उपनिपात એટલે લોકનું આવી પડવું અથવા ત્રસ જંતુનું આવી પડવું તે सामंतोपनिपातिकी क्रिया, તે પણ જીવ અને અજીવભેદે બે પ્રકારની છે. શ્રેષ્ઠ હસ્તિ અશ્વ આદિક લાવવાથી અનેક લોકો જોવા મળે અને તેઓની પ્રશંસા સાંભળી પોતે રાજી થાય તથા ખોડ ખાંપણ

* જો કે પાંચમે ગુણસ્થાને પણ પૃથ્વીકાયાદિ સ્થાવરોનું અપ્રત્યાખ્યાન છે તોપણ સાપેક્ષ વૃત્તિયુક્ત અને અહિંસા પરિણામવાળો હોવાથી તે દયાનો પરિણામ પ્રત્યાખ્યાન સરખો કહ્યો છે, માટે ૫ મે ગુણસ્થાને અપ્રત્યાખ્યાન ક્રિયાની વિવક્ષા નથી.

કરે તો કહેવી થાય તે સામન્તોપનિપાતિકી. અને એ રીતે અજીવ વસ્તુ સંબંધી અજીવસામન્તો૦ ક્રિયા હોય છે. નાટક સીનેમા ખેલ તમાશા આદિ કુતૂહલ દેખાડનારને પણ આ ક્રિયા હોય છે. તથા ઘી તેલાદિનાં ભાજન ઉઘાડાં મૂકવાથી તેમાં ચારે બાજુથી ઉડતા ત્રસ જીવો આવીને પડે છે માટે તે પણ સામન્તોપનિપાતિકી ક્રિયા એમ બીજો અર્થ થાય છે. (આ ક્રિયા આરંભાદિકના અભાવીને હોવાથી પાંચમા ગુણસ્થાન સુધી છે. તત્ત્વાર્થવૃત્તિમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી પણ કહી છે, તે ઉપર કહેલા અર્થથી જુદા અર્થની અપેક્ષાએ છે.)

૧૪—પોતાના હાથે યન્ત્રાદિ ન ઘડતાં રાજાદિકની આજ્ઞાથી બીજા પાસે યન્ત્રાદિ ઘડાવવાં ઇત્યાદિ રૂપ નૈસૃષ્ટિકી ક્રિયા કહેવાય અથવા નિસર્જન કરવું એટલે કાઢવું અથવા ફેંકવું અથવા ત્યાગ કરવું તે નૈસૃષ્ટિકી ક્રિયા [illegible]

[illegible]

[illegible]

[illegible]

સંસ્કૃત અનુવાદ

आज्ञापनिकी वैदारणिकी, अनाभोगिक्यनवकांक्षप्रत्ययिकी
अन्या प्रायोगिकी सामुदानिकी प्रेमिकी द्वेषिकीर्यापथिकी ॥२४॥

અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્—પરન્તુ अणवकंखपच्चइया તથા दोस इरियावहिया

શબ્દાર્થઃ—

आणवणि = આજ્ઞાપનિકી ક્રિયા	पओग = પ્રાયોગિકી ક્રિયા
विआरणिया = વૈદારણિકી ક્રિયા	समुदाण = સામુદાનિકી ક્રિયા
अणभोगा = અનાભોગિકી ક્રિયા	पिज्ज = પ્રેમિકી ક્રિયા
अणवकंखपच्चइया = અનવકાંક્ષ પ્રત્યયિકી ક્રિયા	दोष = દ્વેષિકી ક્રિયા
अन्ना = બીજી (૨૧ મી વિગેરે)	इरियावहिया = ઇર્યાપથિકી ક્રિયા

ગાથાર્થઃ—આજ્ઞાપનિકી ક્રિયા, વૈદારણિકી ક્રિયા, અનાભોગિકી ક્રિયા, અનવકાંક્ષપ્રત્યયિકી ક્રિયા, તથા બીજી પ્રાયોગિકી ક્રિયા, સામુદાનિકી ક્રિયા, પ્રેમિકી ક્રિયા, દ્વેષિકી ક્રિયા અને ઇર્યાપથિકી ક્રિયા (એ ૨૫ ક્રિયાઓ છે) ॥ ૨૪ ॥

વિશેષાર્થઃ—૧૭—જીવ તથા અજીવને આજ્ઞા કરી તેઓ દ્વારા કંઇ મંગાવવું તે आज्ञापनिकी ક્રિયા, અથવા आनयनिकी ક્રિયા જીવ અજીવભેદે બે પ્રકારની છે. (અને તે પાંચમા ગુણ સ્થાન સુધી છે.)

૧૮—જીવ અથવા અજીવને વિદારવાથી (ફોડવાથી—ભેદવાથી वैदारणिकी ક્રિયા, અથવા વિતારણા એટલે વંચના-ઠગાઈ કરવી તે वैतारणिकी ક્રિયા તે જીવ અજીવ ભેદે બે પ્રકારની કહી છે. સદ્ગુણીને દુર્ગુણી કહેવો, પ્રપંચી દુભાષિયાપણું કરવું, જીવ તથા અજીવના પણ અછતા ગુણદોષ કહેવા, મ્હેણાં મારવાં, કલંક આપવું, ફાળ પડે એવી ખબર આપવી ઇત્યાદિ આશ્રવો આ ક્રિયામાં અન્તર્ગત થાય છે, (અને આ ક્રિયા બાદરકષાયોદય પ્રત્યયિક હોવાથી ૯ મા ગુણસ્થાન સુધી છે).

૧૯—અનાભોગ એટલે ઉપયોગ રહિતપણાથી બની ક્રિયા તે અનાભોગિકી ક્રિયા બે પ્રકારની છે. ત્યાં ઉપયોગ રહિત અને પ્રમાર્જનાદિ કર્યા વિના વસ્ત્રપાત્ર આદિ લેવા મૂકવાથી અનાભોગઆદાન અનાભોગિકી, અને ઉપયોગ રહિત પ્રમાર્જનાદિ કરીને લેવા મૂકવાથી અનાભોગ પ્રમાર્જના અનાભોગિકી ક્રિયા થાય છે. (આ ક્રિયા [illegible] હોવાથી ૧૦ મા ગુણસ્થાન સુધી છે).

૨૦—પોતાના અથવા પરના હિતની અનાકાંક્ષા—અપેક્ષા રહિત જે આ લોક અને પરલોક વિરુદ્ધ ચોરી પરદારાગમન (પરસ્ત્રીગમન) આદિ આચરવું તે અનવકાંક્ષ પ્રત્યયિકી ક્રિયા સ્વ અને પર એમ બે પ્રકારની છે. (આ ક્રિયા [illegible] હોવાથી ૬ ઠ્ઠા ગુણસ્થાન સુધી છે. અહિં [illegible] હિતની અપેક્ષા [illegible] ગણવાનું છે.)

૨૧—મન વચન કાયાના શુભાશુભ યોગ રૂપ ક્રિયા તે પ્રાયોગિકી ક્રિયા (શુભાશુભ) [illegible] હોવાથી ૧૩ મા ગુણસ્થાન સુધી છે.

૨૨—[illegible]

[illegible]

[illegible]

[illegible]

અવ્રત-કષાય-અને યોગ એ ચાર હેતુમાંથી માત્ર યોગરૂપ એકજ હેતુવડે બંધાતું કર્મ ઈર્યાપથિકી ક્રિયા રૂપ ગણાય છે (તે અકષાયી જીવને હોવાથી ૧૧-૧૨-૧૩ મા ગુણસ્થાને હોય છે). આ ક્રિયાથી એક સાતાવેદનીય કર્મ ૨ સમયની સ્થિતિવાળું બંધાય છે, તે પહેલે સમયે બાંધે, બીજે સમયે ઉદય આવે, અને ત્રીજે સમયે નિર્જરે છે. આ કર્મ અતિ શ્રેષ્ઠ વર્ણ ગંધ રસ સ્પર્શવાળું અને અતિ રૂક્ષ હોય છે.

એ પ્રમાણે અનેક ગ્રંથોની તારવણીથી ૨૫ ક્રિયાઓનું સ્વરૂપ અતિ સંક્ષેપમાં કહ્યું છે વિશેષાર્થીએ શ્રી પ્રજ્ઞાપના-ઠાણાંગજી-નવતત્ત્વભાષ્ય-આવશ્યકવૃત્તિ-વિચારસારપ્રકરણ-ઈત્યાદિ અનેક ગ્રંથોમાંથી જાણવા યોગ્ય છે. કોઈક ગ્રંથમાં અર્થ ભેદ છે તથા કોઈ ગ્રંથમાં નામભેદ પણ છે પરન્તુ આ ગ્રંથમાં ચાલુ પદ્ધતિ પ્રમાણે *૨૫ ક્રિયાઓ લખી છે.

॥ આશ્રવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ. ॥

આશ્રવતત્ત્વ જાણીને આત્મા એમ વિચારે કે—ઉપર કહેલા ૪૨ ભેદ જે આશ્રવરૂપ છે તેમાંનો એક ભેદ પણ આત્મસ્વરૂપને સન્મુખ કરવામાં સહાયભૂત નથી, અપવાદ તરીકે ફક્ત પુણ્ય રૂપ જે શુભાશ્રવ તેજ એક સંસાર અટવીમાંથી પાર ઉતરવાને ગૃહસ્થાવાસમાં સહાયભૂત થાય છે, શેષ પાપાનુબન્ધિ પુણ્ય રૂપ શુભાશ્રવ અને આજ ૪૨ પ્રકારના પાપરૂપ અશુભ આશ્રવો તે સર્વે આત્મ-

* આ ૨૫ ક્રિયાઓ અથવા આશ્રવના ૪૨ ભેદમાંના કેટલાક ભેદ આગળ કહેવાતા સિદ્ધના ૧૫ ભેદની પેઠે પરસ્પર એક સરખા જેવા પણ છે અને સૂક્ષ્મ રીતે વિચારતાં ઘણા ભેદ જૂદા પણ સમજી શકાય છે. અહિં વિશેષ વર્ણન કરવાથી ગ્રંથવૃદ્ધિ થતાં અભ્યાસક વર્ગને કઠિનતા થઈ જવાના કારણથી ક્રિયાઓનું વિશેષ વર્ણન કર્યું નથી.

પુનઃ આ ૨૫ ક્રિયાઓમાંથી શ્રીપ્રજ્ઞાપનાજી વિગેરેમાં પાંચ પાંચ ભેદથી ૧૦ ક્રિયા વર્ણવી છે. અને શ્રી ઠાણાંગજીમાં બે બે ભેદથી ૨૪ વર્ણવી છે. તથા ઠાણાંગજીમાં એ સર્વને (આશ્રવની મુખ્યતાએ) અજીવ ક્રિયાઓ કહી છે, અને શ્રી દેવચન્દ્રજી કૃત વિચારસારમાં (જીવ પરિણામની મુખ્યતાએ) જીવ ક્રિયાઓ કહી છે, અપેક્ષાથી બન્ને સમાન છે.

સ્વરૂપનો નાશ કરે છે કર્મો છે અને કરેલ. માટે કર્મના આગમન રૂપી આશ્રવતત્ત્વ આત્માને ત્યાગ કરવા યોગ્ય છે એમ જાણી પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયોથી નિવર્તે, ૪ કષાયનો ત્યાગ કરે. અવિરતિ-પણાનો ત્યાગ કરી વ્રત નિયમનો આદર કરે. મન વચન કાયાની અશુભ પ્રવૃત્તિઓ છોડે. અને તે ૨૫ ક્રિયાઓથી નિવૃત્ત થાય. એ પ્રમાણે કર્મોના આગમનના માર્ગથી વિમુખ થયેલો આત્મા સંવર નિર્જરાનો આદર કરી બન્ધતત્ત્વનો પણ ત્યાગ કરી અને મોક્ષતત્ત્વને પ્રાપ્ત કરે અને તેથી આત્મસ્વરૂપી બની રહે એવું આશ્રવતત્ત્વ જાણવાનો હેતુ છે. ॥ इति ५ आश्रवतत्त्वम् ॥



॥ अथ छट्ठं संवरतत्त्व ॥

[illegible]

समिई गुत्ती परिसह, जइधम्मो भावणा चरित्ताणि ।
पण ति दुवीस दस बार पंच भेएहिं सगवन्ना ॥२५॥

[illegible]

समितयो गुप्तयः परीषहा यतिधर्मो भावनाश्चारित्राणि ।
पञ्चत्रिद्वाविंशतिदशद्वादशपञ्चभेदैः सप्तपञ्चाशत् ॥ २५ ॥

[illegible]

[illegible]

શબ્દાર્થ:

समिइ = સમિતિ	पण = પાંચ ભેદ
गुत्ति = ગુપ્તિ	ति = ત્રણ ભેદ
परिसह = પરિષહ	दुवीस = બાવીસ ભેદ
जइधम्मो = યતિધર્મ	दस = દશ ભેદ
भावणा = ભાવના	बार = બાર ભેદ
चरित्ताणि = ચારિત્ર	पंच = પાંચ
	भेएहिं = એ ભેદોવડે
	सगवन्ना = સત્તાવન ભેદ છે

गाथार्थः—પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીસ પરિષહ, દશ યતિધર્મ, બાર ભાવના, અને પાંચ ચારિત્ર એ ભેદો વડે સંવરતત્ત્વના ૫૭ ભેદ છે. ॥ ૨૫ ॥

विशेषार्थः—આવતા કર્મનું રોકાણ તે संवर કહેવાય. પૂર્વે કહેલ આશ્રવ તત્ત્વથી વિપરીત આ સંવર તત્ત્વ છે. તેના ૫૭ ભેદ આચરવાથી નવાં કર્મ આવતાં નથી. તે ૫૭ ભેદ આગળની ગાથાઓમાં કહેવાશે, અને અહિં શબ્દાર્થ માત્ર કહેવાય છે તે આ પ્રમાણે-

सम् એટલે સમ્યક્ પ્રકારે (એટલે સમ્યક્ ઉપયોગ–યતના પૂર્વક) इति એટલે ગતિ–ચેષ્ટા તે समिति. તથા જેના વડે સંસારમાં પડતા પ્રાણીનું गुप्यते=રક્ષણ થાય તે गुप्ति. તથા परि=સમન્તાત્ =સર્વ બાજુથી સમ્યક્ પ્રકારે सह=સહન કરવું તે परिषह. તથા મોક્ષ માર્ગમાં જે યત્ન કરે તે यति અને તેનો ધર્મ તે यति धर्म. તથા મોક્ષ માર્ગ પ્રત્યે ભાવની વૃદ્ધિ થાય તેવું ચિન્તવન તે भावना, તથા चय એટલે આઠ કર્મનો સંચય–સંગ્રહ તેને रित्त=રિક્ત (ખાલી) કરે તે चारित्र કહેવાય. એ સંવર તત્ત્વના દ્રવ્ય અને ભાવ ભેદનું સ્વરૂપ તો પ્હેલી ગાથાના અર્થમાં જ કહ્યું છે.

अवतरण—પૂર્વ ગાથામાં સંવરના ૫૭ ભેદ સામાન્યથી કહ્યા ત્યાં પ્રથમ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ કહી તેનાં નામ આ ગાથામાં કહેવાય છે—

इरिया भासेसणादाणे, उच्चारे समिईसु अ
मणगुत्ती वयगुत्ती, कायगुत्ती तहेव य ॥ २६ ॥

સંસ્કૃત અનુવાદ

ईर्याभाषैषणादानान्युत्सर्गः समितिषु च
मनोगुप्तिर्वचोगुप्तिः कायगुप्तिस्तथैव च ॥ २६ ॥

અન્વય સહિત પદચ્છેદ

समिईसु इरिया भासा एसणा आदाणे अ उच्चारे
मण गुत्ती वय गुत्ती तह एव य काय गुत्ती ॥२६॥

શબ્દાર્થ—

ઇરિયા = ઈર્યા સમિતિ	મણગુત્તી = મનોગુપ્તિ
ભાસા = ભાષા સમિતિ	વયગુત્તી = વચનગુપ્તિ
એસણા = એષણા સમિતિ	કાયગુત્તી = કાયગુપ્તિ
આદાણે = આદાન સમિતિ	તહેવ = તેમજ
ઉચ્ચારે = [illegible] સમિતિ	ય = વળી (અથવા [illegible])
સમિઈસુ = પાંચ સમિતિઓમાં [illegible]	

ગાથાર્થ—પાંચ સમિતિઓમાં (પહેલી) [illegible]

[illegible]

[illegible]

२ भाषा समिति—સમ્યક્ પ્રકારે નિરવદ્ય (નિર્દોષ) ભાષા બોલવી તે ભાષા સમિતિ. અહિં સામાયિક પોસહવાળા શ્રાવક અને સર્વવિરતિવંત મુનિ મુખે મુહપત્તિ રાખી નિરવદ્ય વચન બોલે તો ભાષા સમિતિ જાણવી, અને જો મુહપત્તિ વિના નિરવદ્યવચન બોલે તોપણ ભાષાઅસમિતિ જાણવી.

३ एषणा समिति—સિદ્ધાન્તમાં કહેલી વિધિ પ્રમાણે ૪૨ દૂષણ રહિત આહાર ગ્રહણ કરવો તે એષણા સમિતિ મુખ્યત્વે મુનિ મહારાજને અને ગૌણતાએ યથાયોગ્ય પૌષધાદિ વ્રતધારી શ્રાવકને હોય છે.

४ आदान समिति—વસ્ત્ર પાત્ર આદિ ઉપકરણોને જોઈ પ્રમાર્જી (સ્વચ્છ કરી) લેવાં મૂકવાં તે આદાન સમિતિ. એનું બીજું નામ [1]આદાનભંડમત્ત નિક્ખેવણા સમિતિ પણ છે.

५ उत्सर्ग समिति—વડી[2]નીતિ-[3]લઘુનીતિ-અશુદ્ધ આહાર-વધેલ આહાર-નિરૂપયોગી થયેલ ઉપકરણ ઈત્યાદિનો વિધિ પૂર્વક ત્યાગ કરવો (પરઠવવું) તે ઉત્સર્ગસમિતિ. આનું બીજું નામ पारिष्ठापनिका[4] સમિતિ પણ છે.

१ मनोगुप्ति—મનને સાવદ્ય માર્ગના વિચારમાંથી રોકવું (અને સમ્યક્ વિચારમાં પ્રવર્તાવવું) તે મનોગુપ્તિ ૩ પ્રકારે છે. ત્યાં મનને આર્તધ્યાન રૌદ્રધ્યાન રૂપી દુર્ધ્યાનમાંથી રોકવું તે १ अकुशल निवृत्ति, ધર્મધ્યાન શુક્લધ્યાનમાં પ્રવર્તાવવું તે २ कुशलप्रवृत्ति, અને કેવલિ ભગવંતને સર્વથા મનયોગનો નિરોધ-અભાવ થાય તે વખતે ૩ योगनिरोध રૂપ મનોગુપ્તિ હોય છે.

वचनगुप्ति—સાવદ્ય વચન ન બોલવું (અને નિરવદ્ય વચન બોલવું) તે વચનગુપ્તિ, તેના બે ભેદ છે. શિરકંપન આદિ સંજ્ઞા-

---

[1] ભંડમત્ત એટલે વસ્ત્રપાત્ર વિગેરેને (જયણા પૂર્વક) आदान=ગ્રહણ કરતાં, અને निक्खेवण=મૂકતાં તે.

[2] ઝાડો. [3] પિસાબ. [4] परिष्ठापन એટલે પરઠવવું-વિધિપૂર્વક છોડવું તે.

ઈશારા વગેરે ત્યાગ પૂર્વક મૌનપણું રાખવું તે મૌનાવલંબિની. અને વાચનાદિ વખતે મુખે મુહપત્તિ રાખી બોલવું તે વાગ્નિયમિની વચનગુપ્તિ જાણવી.

પ્રશ્ન:—ભાષાસમિતિ અને વચનગુપ્તિમાં શું તફાવત?

ઉત્તર—વચનગુપ્તિ સર્વથા વચનનિરોધ રૂપ અને નિરવદ્ય વચન બોલવા રૂપ બે પ્રકારની છે. અને ભાષાસમિતિ તો નિરવદ્ય વચન બોલવારૂપ એક જ પ્રકારની છે. (એમ નવતત્ત્વની અવચૂરિમાં કહ્યું છે).

કાયગુપ્તિ—શરીરને ખરાબ માર્ગમાંથી રોકી નિરવદ્ય ક્રિયામાં જોડવી તે કાયગુપ્તિ બે પ્રકારની છે ત્યાં ઉપસર્ગાદિ પ્રસંગે પણ શરીરને કાયોત્સર્ગાદિમાં નિશ્ચલ કરવું તથા કેવલિ ભગવંતને યોગનિરોધ વખતે સર્વથા કાયાનો નિરોધ તે ચેષ્ટાનિવૃત્તિરૂપ કાયગુપ્તિ. અને સિદ્ધાન્તમાં કહેલી વિધિ પ્રમાણે ગમન આગમન આદિ કરવું તે યથાસૂત્રચેષ્ટાનિયમિની કાયગુપ્તિ છે.

[illegible]

[illegible]

[illegible]

અન્વય સહિત પદચ્છેદ

खुहा पिवासा सी उण्हं दंस अचेल अरइ (इ)त्थिओ, इति ॥

શબ્દાર્થ:

खुहा = ક્ષુધા પરિષહ	इत्थिओ = સ્ત્રી પરિષહ
पिवासा = પિપાસા પરિષહ (તૃષા પરિ૦)	चरिया = ચર્યા પરિષહ
	निसीहिया = નૈષેધિકી પરિષહ (સ્થાન પરિષહ)
सी = શીત પરિષહ	सिज्जा = શય્યા પરિષહ
उण्हं = ઉષ્ણ પરિષહ	अक्कोस = આક્રોશ પરિષહ
दंस = દંશ પરિષહ	वह = વધ પરિષહ
अचेल = અચેલક પરિષહ	जायणा = યાચના પરિષહ
अरइ = અરતિ પરિષહ	

ગાથાર્થઃ—ક્ષુધા પરિષહ-પિપાસા (તૃષા) પરિષહ, ઉષ્ણ પરિષહ, દંશ પરિષહ, અચેલક પરિષહ, અરતિ પરિષહ, સ્ત્રી પરિષહ, ચર્યા પરિષહ, નૈષેધિકી (સ્થાન) પરિષહ, શય્યા પરિષહ, આક્રોશ પરિષહ, વધ પરિષહ, યાચના પરિષહ. ॥ ૨૭ ॥

વિશેષાર્થઃ—परि=સમસ્ત પ્રકારે (કષ્ટને) सह=સહન કરવું પણ ધર્મમાર્ગનો ત્યાગ ન કરવો તેપરિષહ કહેવાય. તે ૨૨ પરિષહમાં દર્શન (સમ્યક્ત્વ) પરિષહ અને પ્રજ્ઞા પરિષહ એ બે પરિષહ ધર્મનો ત્યાગ ન કરવા માટે છે, અને ૨૦ પરિષહ કર્મની નિર્જરા કરવા માટે છે, તે ૨૨ પરિષહ અનુક્રમે આ પ્રમાણે છે—

१ क्षुधा परिषह—ક્ષુધા વેદનીય સર્વ અશાતા વેદનીયથી અધિક છે, માટે તેવી ક્ષુધાને પણ સહન કરવી પરન્તુ અશુદ્ધ આહાર ગ્રહણ ન કરવો, તેમજ આર્તધ્યાન ન કરવું તે ક્ષુધા પરિષહનો વિજય કર્યો કહેવાય.

२ पिपासा परिषह—પિપાસા એટલે તૃષાને પણ સમ્યક્ પ્રકારે સહન કરવી પરન્તુ સચિત્ત જળ અથવા મિશ્ર જળ પીવું નહિં, સંપૂર્ણ ૩ ઉકાળાવાળું ઉષ્ણ જળ આદિ અને તે પણ સિદ્ધાન્તમાં કહેલી વિધિ પ્રમાણે નિર્દોષ પ્રાપ્ત થયું હોય તોજ પીવું તે તૃષા પરિષહ.

૩ શીત પરિષહ—અતિશય ટાઢ પડવાથી અંગોપાંગ અકડાઈ જતાં હોય તોપણ અકલ્પનીય વસ્ત્રની ઇચ્છા અથવા તાપણીએ તાપવાની ઇચ્છા માત્ર પણ ન કરે તે શીત પરિષહ.

૪ ઉષ્ણ પરિષહ—ઉનાળાની ગ્રીષ્મ ઋતુમાં તપેલી શિલા અથવા રેતી ઉપર [illegible] હોય અથવા તાપ સખ્ત પડતો હોય તે વખતે અકળામણ થઇ આવે પણ છત્રની છાયા અથવા વસ્ત્રની છાયા અથવા વીંઝણાનો વાયુ અને સ્નાન વિલેપન આદિકની ઇચ્છા માત્ર પણ ન કરે તે ઉષ્ણ પરિષહ.

૫ દંશ પરિષહ—વર્ષા ઋતુમાં ડાંસ-મચ્છર જૂ માંકડ વિગેરે ક્ષુદ્ર જંતુઓ ઘણા ઉત્પન્ન થાય છે. તે જંતુઓ આકરા પ્રહાર કરવા છતાં તોપણ ત્યાંથી ખસી અન્ય સ્થાને જવાની ઇચ્છા ન કરે. તેઓને ધૂમ આદિ પ્રયોગથી અપહાર કરે નહિ. તેમજ તે ડંખ ઉપર દ્વેષ પણ ચિંતવે નહિ પરંતુ પોતાના કર્મની [illegible] ઉપજાવવામાં નિમિત્તભૂત માને તે [illegible] પરિષહ [illegible]

૬ અચેલ પરિષહ—[illegible]

[illegible]

૮ स्त्री परिषह —સ્ત્રીઓને સંયમ માર્ગમાં વિઘ્નકર્તા જાણીને તેમને સરાગ દ્રષ્ટિએ ન જોવી, તેમજ સ્ત્રી પોતે વિષયાર્થે નિમંત્રણા કરે તોપણ સ્ત્રીને આધીન ન થવું તે સ્ત્રી પરિષહનો વિજય કહેવાય.

૯ चर्या परिषह —ચર્યા એટલે ચાલવું, વિહાર કરવો. અર્થાત્ મુનિએ એક સ્થાને અધિક કાળ ન રહેતાં માસકલ્પની મર્યાદા પ્રમાણે (૮ શેષકાળના અને ૧ વર્ષાકાળના ચોમાસાનો એ રીતે) નવકલ્પી વિહાર કરવો, પણ તેમાં આળસ ન કરવું તે ચર્યા પરિષહનો વિજય કહેવાય.

૧૦ नैषेधिकी—શૂન્ય ગૃહ, સ્મશાન, સર્પબિલ, સિંહગુફા ઇત્યાદિ સ્થાનોમાં રહેવું અને ત્યાં પ્રાપ્ત થતા ઉપસર્ગોથી ચળાયમાન ન થવું, અથવા સ્ત્રી પશુ નપુંસક આદિ રહિત અને સંયમના નિર્વાહ યોગ્ય સ્થાનમાં રહેવું તે નૈષેધિકી પરિષહ છે. પાપ અથવા ગમનાગમનનો નિષેધ જેમાં છે તે नैषेधिकी એટલે સ્થાન કહેવાય. આનું બીજું નામ निषद्या परिषह અથવા स्थान परिषह પણ કહેવાય.

૧૧ शय्या परिषह—ઊંચી નીચી ઇત્યાદિ પ્રતિકૂળ શય્યા મળવાથી ઉદ્વેગ ન કરે તેમજ અનુકૂળ શય્યા મળવાથી હર્ષ ન કરે તે શય્યા પરિષહ.

૧૨ आक्रोश परिषह—મુનિનો કોઈ અજ્ઞાની મનુષ્ય તિરસ્કાર કરે તો મુનિ તે તિરસ્કાર કરનાર પ્રત્યે દ્વેષ ન કરે, પરન્તુ તેને ઉપકારી માને તે આક્રોશ પરિષહ જીત્યો ગણાય.

૧૩ वध परिषह—સાધુને કોઇ અજ્ઞાની પુરુષ દંડ ચાબુક આદિકથી આકરા પ્રહાર કરે અથવા વધ પણ કરે તોપણ સ્કંધકસૂરિના ઘાણીમાં પીલાતા ૫૦૦ શિષ્યોની પેઠે વધ કરનાર ઉપર દ્વેષ ન કરતાં ઉલટો મોક્ષમાર્ગમાં મહા ઉપકારી છે એમ માને, અને એવી ભાવના ભાવે કે કોઈ જીવ મને (મારા આત્માને) હણી શકતો નથી, પુદ્ગલરૂપ શરીરને હણે છે અને તે શરીર તો મારાથી ભિન્ન છે, શરીર તે હું નથી અને હું તે શરીર નથી, તથા મને આ પુરુષ જે દુઃખ આપે છે તે પણ પૂર્વે બાંધેલા કર્મનો

હોય છે, જો તેમ ન હોય તો એ પુરુષ અને કાઢીને બીજાને કેમ હણતો નથી ? આ હણનાર તો કેવળ નિમિત્તમાત્ર છે, ખરું કારણ તો મારાં પૂર્વભવનાં કર્મ જ છે ઇત્યાદિ શુભ ભાવના ભાવે તે વધપરિષહ જીત્યો કહેવાય.

૧૪ યાચના પરિષહ—સાધુ કોઈ પણ વસ્તુ (તૃણ કે ઇત્યાદિ પણ) માગ્યા વિના ગ્રહણ ન કરે એવો તેમનો ધર્મ છે, તેથી હું રાજા છું ધનાઢ્ય છું તો માગીને ભીખ પામી કેમ માગી ખાઉં ? ઇત્યાદિ માન અને લજ્જા ધારણ કર્યા વિના ઘેર ઘેર ભિક્ષા માગવી તે યાચના પરિષહ જીત્યો કહેવાય.

अलाभ रोग तणफासा, मल सक्कार परीसहा ॥
पन्ना अन्नाण सम्मत्तं, इअ बावीस परीसहा ॥२८॥

સંસ્કૃત અનુવાદ.

अलाभरोगतृणस्पर्शा, मलसत्कारपरीषहौ ॥
प्रज्ञा अज्ञान सम्यक्त्वमिति द्वाविंशतिः परीषहाः ॥ २८ ॥

અન્વય સહિત પદચ્છેદ.

[illegible]

શબ્દાર્થ

[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]

[illegible]

विशेषार्थः—૧૫ अलाभ परिपह—માન અને લજ્જા છોડીને ઘેર ઘેર ભિક્ષા માગવા છતાં પણ વસ્તુ ન મળે તો લાભાન્તરાય કર્મનો ઉદય છે, અથવા સહુજે તપવૃદ્ધી થાય છે એમ સમજીને ઉદ્વેગ ન કરવો તે અલાભ પરિષહ.

१६ रोग परिपह—જ્વર (તાવ) અતિસાર (ઝાડા) આદિ રોગ પ્રગટ થતાં જીનકલ્પી આદિ કલ્પવાળા મુનિઓ તે રોગની ચિકિત્સા ન કરાવે પરન્તુ પોતાના કર્મનો વિપાક ચિંતવે, અને સ્થવિર કલ્પી (ગચ્છવાસી) મુનિ હોય તે આગમમાં કહેલી વિધિ પ્રમાણે નિરવદ્ય (નિર્દોષ) ચિકિત્સા કરાવે અને તેથી રોગ શાન્ત થાય અથવા ન થાય તોપણ હર્ષ ઉદ્વેગ ન કરે પરન્તુ પૂર્વ કર્મનો વિપાક (ઉદય) ચિંતવે તે રોગ પરિષહ જીત્યો ગણાય.

१७ तृणस्पर्श परिपह—ગચ્છથી નિકળેલા જીનકલ્પ આદિ કલ્પધારી મુનિને તૃણનો (ડાભ આદિ ઘાસનો રા હાથ પ્રમાણ) સંથારો હોય છે, તેથી તે તૃણની અણીઓ શરીરમાં વાગે તોપણ વસ્ત્રની ઇચ્છા ન કરે, તથા ગચ્છવાસી (સ્થવિરકલ્પી) મુનિને વસ્ત્રનો પણ સંથારો હોય છે તે પણ પ્રતિકૂળ પ્રાપ્ત થયો હોય તો દીનતા ધારણ ન કરે તે તૃણસ્પર્શ પરિષહ છે.

१८ मल परिपह—સાધુને શૃંગાર વિષયના કારણરૂપ જળસ્નાન હોય નહિં તેથી પરસેવા વિગેરેથી શરીરે મેલ ઘણો લાગ્યો હોય અને દુર્ગંધ આવતી હોય તોપણ શરીરની દુર્ગંધિ ટાળવા માટે જળથી સ્નાન કરવાનું ચિંતવન પણ ન કરે તે મલ પરિષહ જીત્યો ગણાય.

१९ सत्कार परिपह—સાધુ પોતાનો ઘણો માન સત્કાર લોકમાં થતો દેખી મનમાં હર્ષ ન પામે તેમજ સત્કાર ન થવાથી ઉદ્વેગ ન કરે તે સત્કાર પરિષહ જીત્યો કહેવાય.

२० प्रज्ञा परिपह—પોતે બહુશ્રુત (અધિક જ્ઞાની) હોવાથી અનેક લોકોને પ્રશ્નોના ઉત્તર આપી સંતુષ્ટ કરે, અને અનેક લોકો તે બહુશ્રુતની બુદ્ધિની પ્રશંસા કરે તેથી તે બહુશ્રુત પોતાની બુદ્ધિનો ગર્વ ધરી હર્ષ ન કરે પરન્તુ એમ જાણે કે પૂર્વે મારાથી પણ અનંતગુણ બુદ્ધિવાળા જ્ઞાનીઓ થયા છે, હું કોણ માત્ર છું? ઇત્યાદિ ચિંતવે તે પ્રજ્ઞા પરિષહ જીત્યો કહેવાય.

૨૧ अज्ञान परिषह—પોતે પોતાની અલ્પબુદ્ધિ હોવાથી આગમ સિદ્ધાંતનાં તત્ત્વ ન જાણે તો પોતાની અજ્ઞાનતાનો મનમાં ઉદ્વેગ ઉપજે એવો ખેદ ન કરે કે હું આવી ઉગ્ર તપશ્ચર્યાદિ સંયમ પાળું તોપણ આગમતત્ત્વ જાણતો નથી, શ્રુતજ્ઞાન પ્રાપ્ત થતું નથી. ઈત્યાદિ ખેદ-ઉદ્વેગ ધારણ ન કરતાં મતિજ્ઞાનાવરણનો ઉદય વિચારી સંયમ ભાવમાં લીન થાય તે અજ્ઞાન પરિષહ જીત્યો ગણાય.

૨૨ अदर्शन परिषह—અનેક કષ્ટ અને ઉપસર્ગ પ્રાપ્ત થતા છતાં પણ સર્વજ્ઞભાષિત ધર્મની શ્રદ્ધાથી ચલાયમાન ન થવું, [illegible] સૂક્ષ્મ ભાવ ન સમજાય તો વ્યામોહ ન કરવો. પર દર્શનમાં ચમત્કાર દેખી મોહ ન પામવો. ઈત્યાદિ અદર્શન પરિષહ જીતાય.

૨૨ પરિષહમાં કર્મનો ઉદય અને ગુણસ્થાનનું કોષ્ટક.

પરિષહ	ક્યા કર્મના ઉદયથી?	ક્યા ગુણસ્થાન સુધી?
ક્ષુધા-પિપાસા-શીત-ઉષ્ણ-દંશ-ચર્યા-શય્યા-વધ-રોગ-તૃણસ્પર્શ-મલ એ ૧૧	અશાતાવેદનીય કર્મના ઉદયથી	૧ થી ૧૩
પ્રજ્ઞા પરિષહ	જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી	૧ થી ૧૨
અજ્ઞાન પરિષહ	જ્ઞાનાવરણીયના ઉદયથી	૧ થી ૧૨
અદર્શન પરિષહ	દર્શનમોહનીયના ઉદયથી	૧ થી ૯
[illegible]	[illegible]	૧ થી ૧૨
[illegible]	[illegible]	૧ થી ૯

॥ સમકાળે ૨૦ પરિષહ. ॥

શીત અને ઉષ્ણ, તથા ચર્યા અને નિષદ્યા, એ ચાર પરિષહમાંથી સમકાળે બે અવિરોધી[1] પરિષહ હોય માટે સમકાળે એક જીવને ઉત્કૃષ્ટથી *૨૦ પરિષહ હોય છે, અને જઘન્યથી પૂર્વોક્ત ચારમાંના અવિરોધી બે પરિષહ હોય છે.

॥ અનુકૂળ અને પ્રતિકૂળ તથા શીત અને ઉષ્ણ પરિષહ ॥

સ્ત્રી પરિષહ, પ્રજ્ઞા પરિષહ, અને સત્કાર પરિષહ એ ત્રણ અનુકૂળ[2] પરિષહ છે, અને શેષ પ્રતિકૂળ[3] પરિષહ છે. તથા સ્ત્રી પરિષહ અને સત્કાર પરિષહ એ બે શીતલ[4] પરિષહ છે, અને શેષ ૨૦ ઉષ્ણ[5] પરિષહ છે. ॥ इति २२ परिषह ॥

अवतरण—પૂર્વે ૨૨ પરિષહ કહ્યા બાદ હવે આ ગાથામાં ૧૦ યતિધર્મ કહેવાય છે.

खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे
सच्चं सोअं आकिंचणं च बंभं च जइधम्मो ॥२९॥

સંસ્કૃત અનુવાદ

क्षान्तिर्मार्दव आर्जवो, मुक्तिः तपः संयमश्च बोद्धव्यः
सत्यं शौचमाकिंचनं च ब्रह्म च यतिधर्मः ॥ २९ ॥

---

૧ શીત અને ચર્યા, અથવા શીત અને નિષદ્યા, અથવા ઉષ્ણ અને ચર્યા અથવા ઉષ્ણ અને નિષદ્યા એમ ચાર રીતે બે બે અવિરોધી પરિષહ સમકાળે જાણવા.

* તત્ત્વાર્થમાં સમકાળે ૧૯ પરિષહનો ઉદય કહ્યો છે.

૨ આત્માને શાતા-સુખરૂપે વેદાય પરન્તુ કષ્ટ ન પડે તે અનુકૂળ પરિષહ.

૩ આત્માને જેમાં અશાતા-દુઃખનો અનુભવ હોય તે પ્રતિકૂળ પરિષહ.

૪ જીવને શાન્તિ ઉત્પન્ન કરનાર તે શીતલ પરિષહ.

૫ જીવને અશાન્તિ ઉત્પન્ન કરનાર તે ઉષ્ણ પરિષહ. અહિં પ્રજ્ઞા પરિષહ અનુકૂળ-સુખ રૂપ છે તોપણ બુદ્ધિનો ગર્વ ચિત્તની અગંભીરતા વડે અશાન્તિ રૂપ (અધીરતા રૂપ) હોવાથી ઉષ્ણ પરિષહ છે.

અન્વય સહિત પદચ્છેદ

खंती, मद्दव, अज्जव, मुत्ति, तव अ संजमे, सच्चं, सोअं,
आकिंचणं च बंभं च जइधम्मो बोधव्वे ॥ २९ ॥

શબ્દાર્થ

ખંતી = ક્ષમા ધર્મ	સચ્ચં = સત્ય ધર્મ
મદ્દવ = માર્દવ ધર્મ	સોઅં = શૌચ ધર્મ
અજ્જવ = આર્જવ ધર્મ	આકિંચણં = અકિંચન ધર્મ
મુત્તી = મુક્તિધર્મ	બંભ = બ્રહ્મચર્ય ધર્મ
તવ = તપ ધર્મ	ય = અને, તથા, વળી
સંજમ = સંયમધર્મ	જઇધમ્મો = યતિધર્મ, મુનિધર્મ
બોદ્ધવ્વે = જાણવા	

ગાથાર્થ - ક્ષમા, માર્દવ [illegible]

વિશેષાર્થ - [illegible]

[illegible]

[illegible]

४ मुक्ति—નિર્લોભતા રાખવી તે.

९ तप—ઇચ્છાનો રોધ કરવો તે તપ અહિં સંવર તત્ત્વમાં કહ્યો, અને આગળ નિર્જરા તત્ત્વમાં પણ કહેવાશે, માટે તપથી સંવર અને નિર્જરા બન્ને થાય છે એમ જાણવું, કારણ કે સમ્યક્ નિર્જરામાં સંવરધર્મ પણ અંતર્ગત હોય છેજ.

६ संयम—સં=સમ્યક્ પ્રકારના યમ=પ મહાવ્રત અથવા પ અણુવ્રત તે સંયમ ધર્મ કહેવાય, ત્યાં મુનિનો સંયમ ધર્મ સર્વઅહિંસાદિ રૂપ પ મહાવ્રત, પ ઇન્દ્રિયનિગ્રહ, ૪ કષાયનો જય, અને (મન વચન કાયાના અશુભ વ્યાપાર રૂપ) ૩ દંડની નિવૃત્તિ એમ ૧૭ પ્રકારનો છે.

७ सत्य—સત્ય ભાષણ કરવું તે.

८ शौच—પ્રાસુક (નિર્દોષ) જળવડે ગુમડું વિગેરે ધોવું અથવા નિર્દોષ આહાર ગ્રહણ કરવો તે द्रव्यशौच, અને આત્માનો શુધ્ધ અધ્યવસાય, નિરતિચાર (અતિચાર-દોષ રહિત) સંયમ, ચોરીનો સર્વથા ત્યાગ, ત્રણ યોગશુદ્ધિ ઇત્યાદિ भावशौच કહેવાય. (શૌચ એટલે પવિત્રતા એ શબ્દાર્થ છે).

९ आकिंचन—(किंचन=કંઈ પણ अ=નહિ અર્થાત્) કંઈ પણ પરિગ્રહ ન રાખવો તે અકિંચન ધર્મ, તેમજ મમત્વ પણ ન રાખવું તે અકિંચન ધર્મ છે. (અહિં તદ્ધિતના નિયમથી "અ"નો "આ" થયો છે.)

१० ब्रह्मचर्य—મન વચન કાયાથી વૈક્રિયશરીરી (=દેવી) સાથે તથા ઔદારિક શરીરી (= મનુષ્યણી અને તિર્યંચી) સાથે મૈથુનનો (કરવું કરાવવું અને અનુમોદવું એ ૩ કરણથી) ત્યાગ તે (૩ × ૨ × ૩ =) ૧૮ પ્રકારનું બ્રહ્મચર્ય જાણવું. એ ૧૦ પ્રકારનો યતિ ધર્મ કહ્યો. ॥ इति १० यतिधर्म ॥

अवतरण—હવે બે ગાથાઓવડે ૧૨ ભાવના કહેવાય છે.

पढममणिच्चमसरणं, संसारो एगया य अन्नत्तं
असुइत्तं आसव सं—वरो य तह णिज्जरा नवमी॥३०॥

સંસ્કૃત અનુવાદ

प्रथममनित्यमशरणं, संसार एकता चान्यत्वं ॥
अशुचित्वमाश्रवः संवरस्तथा निर्जरा नवमी ॥१०॥

અન્વય સહિત પદચ્છેદ

पढमं अणिच्चं असरणं, संसारो एगया य अन्नत्तं ॥
असुइत्तं आसव य संवरो तह नवमी निज्जरा ॥११॥

શબ્દાર્થ

पढमं = પહેલી	असुइत्तं = અશુચિત્વ ભાવના
अणिच्चं = અનિત્ય ભાવના	आसव = આશ્રવ ભાવના
असरणं = અશરણ ભાવના	संवरो = સંવર ભાવના
संसारो = સંસાર ભાવના	य = વળી
एगया = એકત્વ ભાવના	तह = તથા
य = વળી	निज्जरा = નિર્જરા ભાવના
अन्नत्तं = અન્યત્વ ભાવના	नवमी = નવમી

ગાથાર્થ—પહેલી અનિત્ય ભાવના [illegible]

[illegible]

[illegible]

[illegible]

અનેક દુઃખોથી ભરેલો છે, વળી સંસારમાં માતા સ્ત્રી થાય છે, અને સ્ત્રી તે માતા થાય છે, પિતા મરીને પુત્ર થાય છે, પુત્ર મરીને પિતા થાય છે, માટે નાટકના દૃશ્ય સરખો વિલક્ષણ આ સંસાર સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે ઇત્યાદિ ચિંતવવું તે સંસાર ભાવના.

४ एकत्व भावना—આ જીવ એકલો આવ્યો છે, એકલો જવાનો છે અને સુખ દુઃખાદિ પણ એકલો જ ભોગવે છે, કોઈ સહાયકારી થતું નથી ઇત્યાદિ ચિંતવવું તે.

५ अन्यत्व भावाना—ધન કુટુંબ પરિવાર તે સર્વ અન્ય છે, પણ હું નથી, આત્મા તે હું છું, શરીર પણ હું નથી પરન્તુ મારાથી અન્ય છે ઇત્યાદિ ચિંતવવું તે.

६ अशुचित्व भावना—આ શરીર રસ-રૂધિર-માંસ-મેદ-અસ્થિ-મજ્જા-અને શુક્ર એ અશુચિમય ૭ ધાતુનું બનેલું છે. પુરૂષના શરીરમાં ૯ દ્વાર (૨ ચક્ષુ, ૨ કાન, ૨ નાક, ૧ મુખ, ૧ ગુદા, ૧ લિંગ)થી હંમેશાં અશુચી વહ્યા કરે છે, અને સ્ત્રીનાં (૨ સ્તન અને બે યોનિ હોવાથી ૧ યોનિ અધિક એ) ૧૨ દ્વારથી હંમેશાં અશુચી વહ્યા કરે છે. વળી જેના સંગથી અત્તર તેલ આદિ સુગંધિ પદાર્થો પણ દુર્ગંધરૂપ બને છે, મિષ્ટ આહાર પણ અશુચિરૂપ થાય છે, તેવા આ શરીરની ઉપરથી દેખાતી સુંદર આકૃતિને અવળી કરી દેખીએ તો મહા ત્રાસ ઉપજાવે એવી અતિ બિભત્સ હોય છે, ઈત્યાદિ ચિંતવવું તે.

७ आश्रव भावना—કર્મને આવવાના ૪૨ માર્ગ પૂર્વે કહ્યા છે તેના સ્વરૂપનો વિચાર કરવો તે.

८ संवर भावना—સમિતિ ગુપ્તિ પરિષહ યતિધર્મ ભાવના અને ચારિત્રના સર્વ ૫૭ ભેદનું સ્વરૂપ અને તે સંવર ભેદો કર્મને રોકવાના સ્વભાવવાળા છે ઇત્યાદિ ચિંતવવું તે.

९ निर्ज्जरा भावना—આગળ કહેવાના નિર્જ્જરા તત્ત્વના ૧૨ ભેદનું સ્વરૂપ ચિંતવવું તે.

लोगसहावो बोही, दुल्लहा धम्मस्स साहगा अरिहा
एयाओ भावणाओ, भावेअव्वा पयत्तेणं ॥ ३१ ॥

સંસ્કૃત અનુવાદ

लोकस्वभावो बोधिर्दुर्लभा धर्मस्य साधका अर्हन्तः ॥
एता भावना, भावितव्याः प्रयत्नेन ॥ ३१ ॥

અન્વય સહિત પદચ્છેદ

लोगसहावो, बोहिदुल्लहा, धम्मस्स साहगा अरिहा ॥
एआओ भावणाओ, पयत्तेणं भावेअव्वा ॥ ३१ ॥

શબ્દાર્થ

लोगसहावो = લોકસ્વભાવ ભાવના
बोहिदुल्लहा = બોધિદુર્લભ ભાવના
धम्मस्स = ધર્મના
साहगा = સાધક
अरिहा = અરિહંતો છે
एआओ = એ
भावणाओ = ભાવનાઓ
भावेअव्वा = ભાવવી
पयत्तेणं = પ્રયત્ન પૂર્વક

[illegible]

[illegible]

[illegible]

દ વ્યય અને ધ્રુવ રૂપ ×ત્રિપદિ યુક્ત છે. ત્યાં અધો લોક ઉંધા વાળેલા કુંડા સરખા આકારનો, મધ્યલોક ઝલ્લરી(ઘંટ)સરખા આકારનો અને ઉર્ધ્વલોક મૃદંગ સરખા આકારવાળો છે. વળી લોક દ્રવ્યથી (=વસ્તુપણે)શાશ્વત અને પર્યાયથી(=પરાવર્તન પામતા ધર્મથી)અશાશ્વત છે. ઇત્યાદિ ચૌદરાજલોકનું સ્વરૂપ ચિંતવવું તે લોકસ્વભાવ ભાવના.

११ बोधिदुर्लभ भावना—અનાદિ કાળથી સંસારમાં ચક્રવત ભ્રમણ કરતા જીવોને સમ્યક્ત્વાદિ ૩ રત્નની પ્રાપ્તિ મહા દુર્લભ છે. અનન્તવાર ચક્રવર્તિપણું આદિ મહાપદવીઓ પ્રાપ્ત થઈ પરન્તુ સમ્યક્ત્વાદિ પ્રાપ્ત ન થયું. વળી અકામ નિર્જરાવડે અનુક્રમે મનુષ્યપણુ નિરોગીપણું આર્યક્ષેત્ર અને ધર્મશ્રવણાદિ સામગ્રીઓ પ્રાપ્ત થઇ તોપણ સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ ન થઈ, માટે સમ્યક્ત્વ ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે ઈત્યાદિ ચિંતવવું તે બોધિ દુર્લભ ભાવના.

१२ धर्मसाधक अरिहंतादि दुर्लभ—ધર્મના સાધક ઉત્પાદક અથવા ઉપદેશક એવા અરિહંત આદિકની પ્રાપ્તિ મહા દુર્લભ છે કહ્યું છે કે—

तित्थयर गणहरो, केवली व पत्तेयबुद्ध पुव्वधरो
पंचविहायारधरो, दुल्लंभो आयरियओऽवि ॥ १ ॥

અર્થ—તીર્થંકર-ગણધર-કેવલિ-પ્રત્યેકબુદ્ધ-પૂર્વધર-અને પાંચ પ્રકારના આચારને ધારણ કરનાર આચાર્ય પણ આ લોકમાં પ્રાપ્ત થવા મહા દુર્લભ છે ॥ ૧ ॥ ઈત્યાદિ ચિંતવવું તે અરિહંતદુર્લભ ભાવના, અથવા धर्मभावना કહેવાય.

તથા પાંચ મહાવ્રતની દરેકની પાંચ પાંચ મળી *૨૫ ભાવનાઓ પણ આ ૧૨ ભાવનાઓમાં અંતર્ગત થાય છે. તથા એ ૧૨ ભાવનાઓમાં [1] મૈત્રી-પ્રમોદ-કારૂણ્ય અને માધ્યસ્થ એ ચાર

× ઉત્પત્તિ-વિનાશ-અને નિશ્ચલતા એ ત્રણ પદ-ધર્મ તે ત્રિપદી.

* ૨૫ ભાવનાઓનું સ્વરૂપ યોગશાસ્ત્રવૃત્તિ આદિક ગ્રંથોથી જાણવું.

૧ સર્વે જીવો મિત્ર સમાન છે, તે મૈત્રી ભાવના, પર જીવને સુખી દેખી રાજી થવું તે પ્રમોદ ભાવના, દુઃખી જીવો પ્રત્યે અનુકંપા-કરૂણા આ-

ભાવના ભાવવાનું ૧૬ ભાવના પણ થાય છે. તેનો વિસ્તાર અન્ય ગ્રંથોથી જાણવો.

અવતરણઃ—પૂર્વે સંવર તત્ત્વની ૧૨ ભાવનાઓ કહીને હવે સંવરતત્ત્વમાં ૫ ચારિત્ર બે ગાથા વડે કહેવાય છે.

सामाइअत्थ पढमं, छेओवट्ठावणं भवे बीअं
परिहारविसुद्धीअं, सुहुमं तह संपरायं च ॥ ३२ ॥

સંસ્કૃત અનુવાદ

सामायिकमथ प्रथमं, छेदोपस्थापनं भवेद् द्वितीयं
परिहारविशुद्धिकं, सूक्ष्मं तथा सांपरायिकम् ॥ ३२ ॥

અન્વય સહિત પદચ્છેદ

अथ पढमं सामाइअं, बीअं छेओवट्ठावणं भवे
परिहारविसुद्धीअं, तह च सुहुमं संपरायं ॥ ३२ ॥

શબ્દાર્થ

सामाइअ = સામાયિક ચારિત્ર	परिहारविसुद्धीअं - પરિહારવિશુદ્ધિ ચારિત્ર
अत्थ - અથ, હવે.	सुहुमं - સૂક્ષ્મ
पढमं - પહેલું	तह - તથા, તેમજ
छेओवट्ठावणं - છેદોપસ્થાપન	संपरायं - સંપરાય ચારિત્ર
भवे - છે	च - અને
बीअं - બીજું ચારિત્ર	

[illegible]

[illegible]

गाथार्थः—हवे पहेलुं सामायिक चारित्र, अने बीजुं छेदोप-स्थापनिक चारित्र छे. त्रीजुं परिहार विशुद्धि चारित्र, तेमज वळी चोथुं सूक्ष्म संपराय चारित्र छे ॥ ३२ ॥

विस्तरार्थः—हवे पांच प्रकारना चारित्रनुं स्वरूप आ प्रमाणे-

॥ १ सामायिक चारित्र ॥

सम एटले ज्ञान दर्शन चारित्रनो आय एटले लाभ ते समाय, अने व्याकरणना नियमथी (तद्धितनो प्रत्यय लागतां) सामायिक शब्द थाय छे. त्यां सामायिक एटले सर्व सावद्य व्यापारना त्यागरूप सर्व विरति चारित्र ते साधुने जाणवुं, परन्तु श्रावकना नवमा सामायिक व्रतनुं अहिं ग्रहण नथी. आ सामायिक चारित्रना इत्वरिक अने यावत्कथिक एवा बे भेद छे. त्यां भरतादि १० क्षेत्रमां पहेला अने छेल्ला जिनेश्वरना शासनमां प्रथम लघु दीक्षा अपायछे ते इत्वर सामायिक चारित्र, अने मध्यना २२ तीर्थंकरना शासनमां तथा महाविदेहमां सर्वदा प्रथम लघु दीक्षा अने पुनः वडी दीक्षा एम छे नहिं, प्रथमथी ज निरतिचार चारित्रनु पालन (=वडी दीक्षा) होयछे माटे ते यावत्कथिक सामायिक चारित्र (एटले यावज्जीव सुधीनुं सामा० चारित्र) कहेवाय छे.ए बे चारित्रमां ईत्वरिक सामा०चारित्र सातिचार अने उत्कृष्ट ६ मासनुंछे अने यावत्कथिक ते निरतिचार तथा यावज्जीव सुधीनुं गणाय छे. आ सामायिक चारित्रनो लाभ थया विना शेष ४ चारित्रोनो लाभ थाय नहिं माटे सर्वथी प्रथम सामायिक चारित्र कह्युं छे. अथवा आगळ कहेवातां चारे चारित्रो सामायिक चारित्रना ज विशेषभेद रूप छे, तोपण अहिं प्राथमिक विशुद्धि-निज सामायिक चारित्र नाम आपेलुं छे.

॥ २ छेदोपस्थापनीय चारित्र ॥

पूर्व चारित्रपर्यायनो (चा० काळनो) छेद* करी पुनः महाव्रतोनुं उपस्थापन=आरोपण करवुं ते छेदोपस्थापन चारित्र. ते बे प्रकारे छे. त्यां मुनिए मूळगुणनो (महाव्रतनो) घात कर्यो होय

* चारित्र पर्यायना छेदनुं प्रयोजन ए छे के पूर्वे पाळेलो दीक्षा-पर्याय (दीक्षाकाळ) दोषना दंड रूपे गणत्रीमांथी रद्द—बातल करवो, एथी नाना मोटाना व्यवहारमां विषमता पण थई शके छे.

ને પૂર્વે પાળેલા દીક્ષા પર્યાયનો છેદ કરીને પુનઃ ચારિત્ર ઉચ્ચરાવવું તે છેદોપસ્થાપનીય સાતિચારછેદોપસ્થાપનિક, અને લઘુ દીક્ષાવાળા મુનિને છજ્જીવનિકા અધ્યયન ભણ્યાબાદ ઉત્કૃષ્ટથી ૬ માસ બાદ વડી દીક્ષા આપવી તે. અથવા એક તીર્થંકરના મુનિને બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરવો હોય ત્યારે પણ તે મુનિને પુનઃ ચારિત્ર ઉચ્ચરાવવું પડે છે. જેમ શ્રી પાર્શ્વપ્રભુના મુનિઓ ચાર મહાવ્રતનું શાસન ત્યજી શ્રીમહાવીરના પંચમહાવ્રતવાળું શાસન અંગીકાર કરે તે તીર્થસંક્રાન્તિ રૂપ. એમ બે રીતે નિરતિચાર છેદોપસ્થાપનિક ચારિત્ર જાણવું. આ છેદોપસ્થાપ્યચારિત્ર ભરતાદિ ૧૦ ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા જિનેશ્વરના શાસનમાં હોય છે પરન્તુ મધ્યના ૨૨ તીર્થંકરના શાસનમાં અને મહાવિદેહમાં બંને પ્રકારનું છેદોપસ્થાપ્ય હોતું નથી.

॥ ૩ પરિહાર વિશુદ્ધિ ચારિત્ર ॥

પરિહાર એટલે ત્યાગ, અર્થાત્ ગચ્છના ત્યાગપૂર્વક જે તપ વિશેષ અને તેનાથી થતી ચારિત્રની વિશુદ્ધિ વિશેષ તે, તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર કહેવાય. તે આ પ્રમાણે

[illegible]

॥ પરિહાર કલ્પી મુનિઓની સંજ્ઞા ॥

આ કલ્પમાં તપશ્ચર્યા કરનાર મુનિઓ તપશ્ચર્યા કરતા સુધી ૬ માસ પર્યન્ત પરિહારી અથવા નિર્વિશમાનક કહેવાય, અને તપશ્ચર્યા કરી રહ્યા બાદ નિર્વિષ્ટકાયિક કહેવાય, તથા વૈયાવચ્ચ કરનાર મુનિઓ અનુપરિહારી કહેવાય અને ગુરૂ તરીકે સ્થાપેલ મુનિ વાચનાચાર્ય કહેવાય. જેથી એક મુનિને ઉત્કૃષ્ટ એ ચારે સંજ્ઞા પણ (જૂદા જૂદા કાળે) હોય છે.

॥ પરિહાર કલ્પના તપવિધિ વિગેરે ॥

ગ્રીષ્મકાળમાં જઘન્ય ચોથ ભક્ત (૧ ઉપવાસ), મધ્યમ ષષ્ઠભક્ત (૨ ઉપવાસ), અને ઉત્કૃષ્ટ અષ્ટમભક્ત (૩ ઉપવાસ). શિશિરકાળમાં જઘન્ય છઠ્ઠભક્ત, મધ્યમ અષ્ટમભક્ત, અને ઉત્કૃષ્ટ દશમભક્ત (૪ ઉપવાસ). તથા વર્ષાકાળમાં જઘન્ય અષ્ટમભક્ત, મધ્યમ દશમભક્ત, અને ઉત્કૃષ્ટ દ્વાદશભક્ત (૫ ઉપવાસ) એ પ્રમાણે ચાર પરિહારી સાધુઓની તપશ્ચર્યા જાણવી, અને અનુપરિહારી તથા વાચનાચાર્ય તો તપપ્રવેશ સિવાયના કાળમાં સર્વદા આચામ્લ (આયંબિલ) કરે છે, અને તપપ્રવેશ વખતે પૂર્વોક્ત તપશ્ચર્યા કરે છે.

આ પરિહાર કલ્પ ૧૮ માસે સમાપ્ત થયા બાદ તે મુનિઓ પુનઃ એજ પરિહાર કલ્પ આદરે, અથવા જીન કલ્પી થાય (એટલે જીનેન્દ્ર ભગવંતને અનુસરતી ઉત્સર્ગ માર્ગની ઉત્કૃષ્ટ ક્રિયાવાળો કલ્પ તે જીનકલ્પ તેને અંગીકાર કરે) અથવા સ્થવિર કલ્પમાં (અપવાદ માર્ગની સામાચારીવાળા ગચ્છમાં) પ્રવેશ કરે. આ કલ્પ અંગીકાર કરનાર પ્રથમ સંઘયણી, પૂર્વધર લબ્ધિવાળા, એવા નપુંસકવેદી અથવા પુરૂષવેદી (પણ સ્ત્રી વેદી નહિ એવા) મુનિ હોય છે. આ મુનિઓ આંખમાં પડેલું તૃણ પણ બહાર કાઢે નહિ, અપવાદ માર્ગ આદરે નહિ, ત્રીજે પ્રહર ભિક્ષાટન કરે, ભિક્ષા સિવાયના કાળમાં કાયોત્સર્ગમાં રહે, કોઇને દીક્ષા આપે નહિ પરન્તુ ઉપદેશ આપે, નવું સિદ્ધાન્ત ન ભણે પણ પ્રથમનું ભણેલું સ્મરણ કરે, ઇત્યાદિ વિશેષ સામાચારી અન્યાન્તરથી જાણવી. આ ચારિત્રની

વિશુદ્ધિ પ્રથમનાં બે ચારિત્રની વિશુદ્ધિથી અધિક હોવાથી, અને પૂર્વોક્ત બે ચારિત્રના અધ્યવસાયોથી ઉપર આ ચારિત્રના અધ્યવસાય (આત્માના વિશુદ્ધ પરિણામો) અસંખ્ય લોકના પ્રદેશપ્રમાણ ભિન્ન તથા અનુક્રમે અધિક અધિક વિશુદ્ધ હોય છે.

॥ ૪ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર ॥

સૂક્ષ્મ એટલે કિટ્ટિરૂપ (ચૂર્ણરૂપ) કરેલ છે અતિ જઘન્ય સંપરાય એટલે લોભ કષાય, તેના ઉદયરૂપ જે ચારિત્ર તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર કહેવાય. ક્રોધ માન અને માયા એ ત્રણ કષાય ક્ષય થયા બાદ અર્થાત્ ૨૮ મોહનીયમાંથી એક લોભ વિના ૨૭ મોહનીય ક્ષય થયા બાદ અને સંજ્વલન લોભમાં પણ બાદર સંજ્વલન લોભનો ઉદય વિનાશ પામ્યા બાદ જ્યારે કેવળ એક સૂક્ષ્મ લોભનોજ ઉદય વર્તે છે ત્યારે ૧૦ મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં વર્તતા જીવને સૂક્ષ્મ સંપરાય ચારિત્ર કહેવાય છે. એ ચારિત્રના બે ભેદ છે. ત્યાં ઉપશમ શ્રેણિથી પડતા જીવને ૧૦ મા ગુણસ્થાને [illegible] હોવાથી સંક્લિશ્યમાન સૂક્ષ્મસંપરાય, અને ઉપશમ શ્રેણિ અથવા ક્ષપક શ્રેણિએ ચઢતા જીવને ૧૦ મા ગુણસ્થાને વિશુદ્ધ-ચઢતા અધ્યવસાય હોવાથી વિશુદ્ધ્યમાન સૂક્ષ્મ સંપરાય ચારિત્ર હોય છે.

तत्तो अ अहक्खायं, खायं सव्वंमि जीवलोगंमि
जं चरिऊण सुविहिया, वच्चंति अयरामरं ठाणं ॥३३॥

[illegible]

ततश्च यथाख्यातं, ख्यातं सर्वस्मिन् जीवलोके ।
यच्चरित्वा सुविहिता व्रजन्त्यजरामरं स्थानम् ॥३३॥

[illegible]

[illegible]
[illegible]

શબ્દાર્થ:—

तत्तो=ત્યારબાદ	जं=જે (યથાખ્યાત ચારિત્ર)ને
अ=વળી	चरिऊण=આચરીને
अहक्खायं=યથાખ્યાત ચારિત્ર	सुविहिया=સુવિહિત જીવો
खायं=પ્રખ્યાત છે.	वच्चंति=પામે છે, જાય છે
सव्वंमि=સર્વ	अयरामरं=અજરામર, મોક્ષ
जीवलोगम्मि=જીવલોકમાં, જગતમાં.	ठाणं=સ્થાનને

गाथार्थ:—વળી ત્યારબાદ સર્વ જગતમાં પ્રસિદ્ધ એવું યથાખ્યાત ચારિત્ર છે, કે જે ચારિત્રને આચરી સુવિહિત જીવો (ઉત્તમ વિધિપૂર્વક પ્રતિપાલન કરનાર જીવો) મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરે છે ॥ ૩૩ ॥

विशेषार्थ:—પૂર્વે ચાર પ્રકારનાં ચારિત્રોનું સ્વરૂપ કહ્યા બાદ હવે આ ગાથામાં પાંચમા યથાખ્યાત ચારિત્રનું સ્વરૂપ કહેવાય છે.

॥ ૫ यथाख्यात चारित्र ॥

यथा=જેમ (અરિહંત ભગવંતે સિદ્ધાન્તમાં જેવું) ख्यात=કહ્યું છે તેવું (સર્વથા કષાયના અનુદય-ઉદયાભાવવાળું) ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર કહેવાય. આ ચારિત્રમાં ૨૮ મોહનીયમાંની કોઇ એક પણ મોહનીયનો ઉદય હોય નહિ, પરન્તુ સત્તાની ભજના (હોય ન હોય) જાણવી. આ ચારિત્રના બે ભેદ છે, ત્યાં ઉપશમ શ્રેણિવંતને ૧૧ મા ગુણસ્થાને સર્વ મોહનીય (ઉપશાન્ત થવાથી) સત્તામાં છે પરન્તુ ઉદયમાં નથી તેથી અકષાયીપણું હોવાથી તે उपशान्त यथाख्यात છે, અને ક્ષપકશ્રેણિવંતને મોહનીય સર્વથા ક્ષય થતાં સત્તા અને ઉદય બન્નેના અભાવે અકષાયીપણું હોવાથી તે क्षायिकयथाख्यात ચારિત્ર કહેવાય. એ પ્રમાણે એ યથાખ્યાત ચારિત્ર ૧૧-૧૨-૧૩-૧૪ એ ચાર ગુણસ્થાને હોય છે. ત્યાં ૧૧-૧૨ મે ગુણસ્થાને કેવળજ્ઞાન ન હોવાથી छद्मस्थ(અસર્વજ્ઞ) यथाख्यात, અને ૧૩-૧૪ મા ગુણસ્થાને કેવળજ્ઞાન હોવાથી कैवलिक यथाख्यात, એવા પણ બે ભેદ છે.

આ યથાખ્યાત ચારિત્રથીજ મોક્ષ પ્રાપ્તિ હોય છે માટે આ-ગમોમાં "સર્વ ઉત્તરોત્તમાં પ્રસિદ્ધ તથા જેને આચરીને સુવિહિત પુરુષો મોક્ષપદ પામે છે" એમ એ ચારિત્રનો મહિમા વર્ણવ્યો છે.

॥ સંવર તત્ત્વનો સાર ॥

અહિં કર્મ પૂર્વબદ્ધ-બધ્યમાન-અને બંધનીય એમ ૩ પ્રકારનાં છે. તેમાં ભૂતકાળમાં જે બંધાઈ ચૂક્યાં છે તે પૂર્વબદ્ધ, વર્તમાન કાળમાં જે બંધાય છે તે બધ્યમાન, અને હવે પછી જે ભવિષ્યકાળમાં બંધાશે તે બંધનીય કહેવાય. એ પ્રમાણે ત્રણ કાળના બંધાતાં કર્મોમાંથી વર્તમાન નિરોધ (સત-પ્રત્યાખ્યાનો) બધ્યમાન કર્મોનો સંવર કરે છે. માટે સંવર તત્ત્વનો મુખ્ય વિષય બંધનીય કર્મનો રોધ કરનાર પણ નિરોધ (સત પ્રત્યાખ્યાનો) છે. તે કારણથી આ સંવર તત્ત્વમાં પણ નિરોધના ભેદ (૫૭) ભેદ કહ્યા છે (અને પૂર્વબદ્ધ કર્મોનો નાશ કરનાર તત્ત્વ છે તે નિર્જરાતત્ત્વમાં કહાશે) તથા આ સંવરમાં નિર્જરાનો પણ અંશ છે કારણ કે સંવરમાં પણ થોડે ઘણે અંશે નિર્જરા પણ અવશ્ય હોય છે.

[illegible]

[illegible]

આ સંવરતત્ત્વમાં ૫ ચારિત્ર કહ્યાં છે, પરન્તુ છઠ્ઠું [1]દેશવિરતિ ચારિત્ર અતિ અલ્પ સંવર ધર્મવાળું હોવાથી કહ્યું નથી તેમજ માર્ગણાભેદોમાં કહેવાતુ સાતમું [2]અવિરતિ ચારિત્ર વાસ્તવિક રીતે ચારિત્ર રૂપ નથી, તેમજ અલ્પ સંવરધર્મવાળું પણ નથી માટે આ સંવર તત્ત્વમાં ગણવા યોગ્ય નથી.

॥ સંવર તત્ત્વ જાણવાનો ઉદ્દેશ. ॥

સંવર તત્ત્વના ૫૭ ભેદનું સ્વરૂપ જાણીને આત્મા વિચાર કરે કે—જે કર્મના સંબંધથી આત્મા સંસાર ભ્રમણ કરે છે અને આત્મસ્વરૂપથી ભ્રષ્ટ થાય છે તે ભાવી કર્મનો રોધ એજ સંવર તત્ત્વ છે. માટે તે સંવર તત્ત્વ મારા આત્માનું સ્વરૂપ હોવાથી આદરવા યોગ્ય છે, એમ વિચારી અવિરત ગૃહસ્થ[3] હોય તો સ્થૂલ અહિંસા

૧ દેશ એટલે અલ્પ અંશે વિરતિ એટલે વ્રત નિયમવાળું ચારિત્ર તે દેશવિરતિ ચારિત્ર કહેવાય. એનુ બીજું નામ *સંયમાસંયમ* એટલે કંઇક અંશે સંયમ-ચારિત્ર છે, અને કંઈક અંશે અસંયમ-અચારિત્ર છે. કારણ કે આ ચારિત્ર ૫ અણુવ્રત-લઘુવ્રત રૂપ છે, અને સામાયિકાદિ ૫ ચારિત્રો ૫ મહાવ્રત રૂપ છે, માટે તે સામા૦ આદિ ચારિત્રની અપેક્ષાએ અત્યંત લઘુ હોવાથી દેશવિરતિ ચારિત્ર સંપૂર્ણ ચારિત્ર રૂપ નથી. આ દેશવિરતિ ચારિત્ર ગૃહસ્થોને-શ્રાવકોને જઘન્યથી ૧ વ્રત અને ઉત્કૃષ્ટથી ૧૨ વ્રત અંગીકાર કરનારને હોય છે. એમાં સ્થાવર-એકેન્દ્રિય જીવોની હિંસાનો ત્યાગ નહિ પણ યતના હોય છે, અને ત્રસ જીવોની હિંસાનો તો પ્રાયઃ અનુમતિ સિવાય સર્વથા ત્યાગ હોય છે.

૨ જેમાં સર્વથા વ્રત નિયમનો અભાવ તે અવિરતિ ચારિત્ર, અથવા વ્રત નિયમ આદિનો સદ્ભાવ હોય પરન્તુ સમ્યક્ શ્રદ્ધા રહિત (મિથ્યાત્વ યુક્ત) હોય તોપણ અવિરતિચારિત્ર કહેવાય. એમાં પ્હેલા અર્થ વાળા અવિરતિપણાને ચારિત્ર શબ્દ જોડવાનું કારણ કે માર્ગણાભેદોમાં ચારિત્ર માર્ગણાને વિષે સર્વ સંસારી જીવોનો સમાવેશ કરવાનો છે. અને બીજા અર્થ વાળી અવિરતિમાં તો દ્રવ્ય ચારિત્ર અથવા બાહ્ય ચારિત્રરૂપ ક્રિયા સ્પષ્ટ દેખાય છે તે કારણથી ચારિત્ર શબ્દ જોડી શકાય છે.

૩ દેશવિરત ગૃહસ્થને પણ અનેક આરંભ સમારંભ હોવાથી તથા ધર્મધ્યાનની ગૌણતા હોવાથી (ગૃહસ્થને) સંવરધર્મની મુખ્યતા નથી.

આદિ અનુષ્ઠાનરૂપ તથા પાંચ આદિ વ્રત પ્રત્યાખ્યાન રૂપ દેશ-વિરતિ અંગીકાર કરે, અને દેશવિરત [illegible] નો અંગાર સ-મુદ્રમાં [illegible] સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કરે. એ પ્રમાણે દેશવિરતિ ચારિત્ર તથા સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કરવું એજ સંવરના ૫૭ ભેદોનું યથાસંભવ પરિપાલન છે. દેશ-વિરતિ આદરવાથી ૫૭ માંના કેટલાક યથાસંભવ ભેદોનું દેશથી ઉપાર્જન થાય છે. અને સર્વવિરતિ અંગીકાર કરવાથી સર્વે ૫૭ ભેદોનું પ્રથમ દેશથી અને અન્તે સર્વથી (સંપૂર્ણ) ઉપા-ર્જન થાય છે. એ પ્રમાણે આત્મ સ્વરૂપની સન્મુખ થયેલો આત્મા સંવર તત્ત્વને યથાસંભવ દેશથી અથવા સર્વથી [illegible] પ્રાપ્ત કરે તો તે આત્મા અનુક્રમે પોતાનો [illegible] પ્રાપ્ત કરી અન્તે મોક્ષ તત્ત્વ પણ પ્રાપ્ત કરે છે [illegible] ॥ ઇતિ ૬ સંવરતત્ત્વ ॥

॥ अथ ७ मुं निर्जरातत्त्वं (बन्धतत्त्वं च)॥

અવતરણ—હવે આ ગાથામાં નિર્જરા તત્ત્વના અને બન્ધ-તત્ત્વના ભેદ [illegible] કહેવાય છે.

बारसविहं तवो, निज्जरा य बंधो चउविगप्पो अ
पयइ ठिइ अणुभाग-प्पएसभेएहिं नायव्वो ॥३४॥

संस्कृत अनुवाद

[illegible]

[illegible] ॥३४॥

[illegible]

અન્વય સહિત પદચ્છેદ

वारस विहं तवो णिज्जरा, य वंधो पयइ ट्ठिइ रस प्पएस मेएहिं चउ विगप्पो नायव्वो ॥ ३४ ॥

શબ્દાર્થ:—

बारस्सविहं = બાર પ્રકારનો	पयइ = પ્રકૃતિબન્ધ
तवो = તપ	ट्ठिइ = સ્થિતિબન્ધ
णिज्जरा = નિર્જરાતત્ત્વ છે.	अणुभाग = અનુભાગ(રસ) બન્ધ
य = વળી	प्पएस = પ્રદેશબન્ધ
वंधो = બન્ધતત્ત્વ	मेवहिं = એ (ચાર) ભેદે–ચાર પ્રકારે
चउविगप्पो = ચાર પ્રકારનો છે.	नायव्वो = જાણવો

ગાથાર્થ:—બાર પ્રકારનો તપ તે નિર્જરા તત્ત્વ છે. વળી બન્ધતત્ત્વ પ્રકૃતિબન્ધ સ્થિતિબન્ધ રસબન્ધ અને પ્રદેશબન્ધ એ પ્રમાણે ચાર પ્રકારે જાણવું ॥ ૩૪ ॥

વિશેષાર્થ:—આ ગાથામાં बारस्सविहं तवो णिज्जरा એટલા વાક્યવડે નિર્જરાતત્ત્વ કહ્યું છે, અને શેષ વાક્યવડે બન્ધતત્ત્વ કહ્યું છે. ત્યાં નિર્જરા દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારની છે. કર્મ પુદ્‌ગલોને આત્મ પ્રદેશમાંથી ખેરવવાં તે द्रव्यनिर्जरा અને જેનાથી તે કર્મપુદ્‌ગલો ખરે-નિર્જરે તેવા આત્માના તપશ્ચર્યાદિ વાળા શુદ્ધ પરિણામ તે भावनिर्जरा કહેવાય. અથવા અકામ નિર્જરા અને સકામ નિર્જરાનો અર્થ પણ પહેલી ગાથાના અર્થમાં લખ્યો છે ત્યાંથી જાણવો. ૧૨ પ્રકારના તપનું સ્વરૂપ આગળની ગાથાઓમાં કહેવાશે. શ્રીતત્વાર્થસૂત્રમાં પણ પૂજ્ય શ્રી ઉમાસ્વાતિ વાચકવરે तपसा निर्जरा च એ સૂત્રવડે તપથી જ નિર્જરા કહી છે, વળી તપશ્ચર્યાથી નિકાચિત[1] કર્મોનો પણ ક્ષય કહ્યો છે.

---

૧ નિકાચિત કર્મ એટલે અતિ ગાઢ રસથી બંધાયેલ કર્મ, તે પણ अल्पनिकाचित અને सुनिकाचित (અતિશય ગાઢ સંબંધવાળુ) એમ ૨ પ્રકારે છે. ત્યાં તપશ્ચર્યાથી અમુક હદ સુધીનાં અલ્પનિકાચિત કર્મો ક્ષય થાય છે.

હવે ગાથાના પૂર્વાર્ધમાં કહેલા બંધો એ શબ્દથી પ્રકૃતિબંધ આદિ બંધતત્ત્વના ૪ ભેદ કહ્યા છે. ત્યાં ક્ષીરનીરવત્ અથવા અગ્નિ અને લોહગોલકવત્ આત્મા અને કર્મનો પરસ્પર તાદાત્મ્ય-એકાકાર સંબંધ તે બંધ કહેવાય. તેના ચાર ભેદનું સ્વરૂપ ગ્રંથકર્તા પોતે જ ૩૭મી ગાથામાં કહેશે. માટે અહિં કહેવાશે નહિ.

અવતરણઃ—પૂર્વ ગાથામાં (સામાન્યથી) ૧૨ પ્રકારનો તપ તે નિર્જરા કહી. પરન્તુ તેમાં ૬ પ્રકારનો બાહ્ય તપ અને ૬ પ્રકારનો અભ્યન્તર તપ છે. તેથી હવે આ ગાથામાં પ્રથમ ૬ પ્રકારનો બાહ્ય તપ કહે છે.

अणसणमूणोअरिया, वित्तीसंखेवणं रसच्चाओ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥३५॥

સંસ્કૃત અનુવાદ

अनशनमूनोदरिका-वृत्तिसंक्षेपणं रसत्यागः।
कायक्लेशः संलीनता च बाह्यं तपो भवति ॥ ३५ ॥

અન્વય સહિત પદચ્છેદ

अणसणं, ऊण उअरिया, वित्ती संखेवणं, रस च्चाओ
काय किलेसो, य संलीणया, बज्झो तवो होइ ॥३५॥

શબ્દાર્થ

[illegible]

[illegible]

ગાથાર્થઃ—અનશન તપ, ઊનોદરિકા તપ, વૃત્તિસંક્ષેપ તપ, રસત્યાગ તપ, કાયક્લેશ તપ, અને સંલીનતા તપ (એ ૬ પ્રકારનો) બાહ્ય તપ છે ॥ ૩૫ ॥

વિશેષાર્થ—૧ अनशन तप--अन् એટલે નહિં અને अशन એટલે આહાર. અર્થાત્ સિદ્ધાન્ત વિધિએ આહારનો ત્યાગ કરવો તે अनशन[1] तप કહેવાય, પરન્તુ વ્રત પ્રત્યાખ્યાનની અપેક્ષા રહિત ભૂખ્યા રહેવા માત્રથી અનશન તપ થતો નથી. એતો લંઘન માત્ર કહેવાય છે.

२ ऊनोदरिका तप—ऊन એટલે ન્યૂન उदरिका=ઉદરપૂર્તિ કરવી તે. અહિં ઉપકરણની ન્યૂનતા કરવી, અને ક્ષુધા કરતાં ન્યૂન આહાર કરવો તે द्रव्य ऊनोदरिका તથા રાગ વિગેરે અલ્પ કરવા તે भाव ऊनोदरिका. આ તપમાં પુરુષનો આહાર ૩૨ કવલ અને સ્રીનો આહાર ૨૮ કવલ પ્રમાણે ગણીને યથાયોગ્ય પુરુષની ઊનોદરિકા ૯-૧૨-૧૬-૨૪-અને ૩૧ કવલ ભક્ષણથી પાંચ પ્રકારે છે, અને સ્રીની ઊનોદરિકા ૪-૮-૧૨-૨૦-૧૭ કવલ ભક્ષણવડે પાંચ પ્રકારે છે.

३ वृत्तिसंक्षेप तप—દ્રવ્યાદિક ચાર ભેદે મનોવૃત્તિનો સંક્ષેપ, અર્થાત્ દ્રવ્યથી[2] ક્ષેત્રથી કાળથી અને ભાવથી ભિક્ષા વિગેરેના અભિગ્રહ ધારણ કરવા તે.

४ रसत्याग तप—રસ એટલે દૂધ-દહિં-ઘી-તેલ-ગોળ-અને

---

૧ તેના બે ભેદ છે. ૧ યાવજ્જીવ અને ૨ ઇત્વરિક. ત્યાં પાદપોપગમ અને ભક્તપ્રત્યાખ્યાન એ બે અનશન મરણ પર્યન્ત સંલેખના પૂર્વક કરાય છે, તેના પણ નિહારિમ અને અનિહારિમ એવા બે બે ભેદ છે. ત્યાં અનશન અંગીકાર કર્યા પછી શરીરને નિયતસ્થાનથી બહાર કાઢવું તે નિહારિમ, અને તેજ સ્થાનકે રહેવું તે અનિહારિમ. એ ચારે ભેદ यावज्जीव અનશનના છે, અને इत्वरिक अनशन સર્વથી અને દેશથી એમ બે પ્રકારે છે. ત્યાં ચારે પ્રકારના આહારના ત્યાગવાળો (ચઉવિહાર) ઉપવાસ-છઠ્ઠ અટ્ઠમ આદિ સર્વથી કહેવાય, અને નમુક્કારસહિય પોરિસી આદિ દેશથી કહેવાય.

૨ દ્રવ્યથી-અમુક વસ્તુનો, ક્ષેત્રથી-અમુક સ્થાનનો, કાળથી-અમુક કાળે, અને ભાવથી-રાગદ્વેષ રહિતપણે જે (મનોવૃત્તિઓ પાછી હઠાવવા રૂપ) વૃત્તિ સંક્ષેપ તે દ્રવ્યાદિકથી ૪ પ્રકારનો કહેવાય.

ત્યાગવાની વસ્તુ તે ૬ સુવિગય, તથા મદિરા-માંસ-માખણ-અને મધ એ ચાર મહાવિગય. ત્યાં મહાવિગયનો સર્વથા ત્યાગ અને ૬ સુવિગયનો દ્રવ્યાદિ ચાર ભેદે યથાયોગ્ય ત્યાગ કરવો તે રસત્યાગ કહેવાય.

૫ કાયક્લેશ તપ—વીરાસન આદિ આસનોથી (બેસવાની વિધિઓથી) બેસવું, કાયોત્સર્ગ કરવો, અને કેશનો લોચ કરવો ઇત્યાદિ કાયક્લેશ તપ છે.

૬ સંલીનતા તપ—સંલીનતા એટલે સંકોચવું, ગોપવવું. ત્યાં અશુભ માર્ગે પ્રવર્તતી ઇન્દ્રિયોને ગોપવવી એટલે પાછી હઠાવવી તે ઇન્દ્રિય સંલીનતા, કષાયો રોકવા તે કષાય સંલીનતા, અશુભ યોગથી નિવર્તવું તે યોગ સંલીનતા, અને સ્ત્રી પશુ નપુંસકના સંસર્ગવાળા સ્થાનોનો ત્યાગ કરી [illegible] સ્થાનમાં રહેવું તે [illegible] સંલીનતા કહેવાય. એ ૪ પ્રકારનો સંલીનતા તપ જાણવો.

એ પ્રમાણે ૬ પ્રકારનો બાહ્ય તપ છે તે જૈન મિથ્યાદૃષ્ટિઓ પણ કરે છે, કેટલાક તો [illegible] નજરે [illegible] છે, અને બાહ્ય [illegible] છે તથા [illegible] છે માટે એ ૬ પ્રકારનો બાહ્ય તપ કહેવાય છે.

અવતરણ—પૂર્વગાથામાં ૬ પ્રકારનો બાહ્ય તપ કહીને હવે આ ગાથામાં ૬ પ્રકારનો અભ્યંતર તપ કહેવાય છે.

पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गोऽवि अ, अब्भिंतरओ तवो होइ ॥३१॥

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

શબ્દાર્થ:—

पायच्छित्तं=પ્રાયશ્ચિત્ત તપ	उस्सग्गो=કાયોત્સર્ગ તપ
विणओ=વિનય તપ	अवि=પણ
वेयावच्च=વૈયાવૃત્ય તપ	अ=અને
तहेव=તેમજ	अब्भिंतरओ=અભ્યન્તર
सज्झाओ=સ્વાધ્યાય તપ	तवो=તપ
झाणं=ધ્યાન તપ	होइ=છે.

ગાથાર્થ:—પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, તેમજ સ્વાધ્યાય, ધ્યાન, અને કાયોત્સર્ગ પણ (એ ૬ પ્રકારનો) અભ્યન્તર તપ છે ॥ ૩૬ ॥

વિશેષાર્થ:—હવે ૬ પ્રકારનો અભ્યન્તર તપ કહેવાય છે. જે તપ લોકો બાહ્ય દ્રષ્ટિથી જાણી શકતા નથી, જે તપથી લોકો તપસ્વી કહેતા નથી, જેનાથી બાહ્ય શરીર તપતું નથી પરન્તુ અભ્યન્તર આત્માને અને મનને તપાવે છે, અને વિશેષતઃ જે તપ અંતરંગ પ્રવૃત્તિવાળો હોય છે તેવા પ્રાયશ્ચિત્ત આદિકને અભ્યન્તર તપ કહ્યો છે તેનું સ્વરૂપ આ પ્રમાણે—

॥ १ प्रायश्चित्त तप (१० प्रकारनो) ॥

થયેલા અપરાધની શુદ્ધિ કરવી તે પ્રાયશ્ચિત્ત તપ ના ૧૦ ભેદ આ પ્રમાણે—

१ आलोचना प्रायश्चित्त—કરેલા પાપનો ગુરૂઆદિ સમક્ષ પ્રકાશ કરવો તે.

२ प्रतिक्रमण प्रायश्चित्त—થયેલું પાપ પુનઃ નહિં કરવા માટે મિચ્છામિ દુક્કડં (મારૂં પાપ મિથ્યા થાઓ એમ) કહેવું-દેવું તે.

३ मिश्र प्रायश्चित्त—કરેલ પાપ ગુરૂ સમક્ષ કહેવું અને મિથ્યા દુષ્કૃત પણ દેવું તે.

४ विवेक प्रायश्चित्त—અકલ્પનીય અન્નપાન વિગેરેનો વિધિપૂર્વક ત્યાગ કરવો તે.

૫. कायोत्सर्ग प्रायश्चित—કાયાના વ્યાપાર અને રોકી ધ્યાન કરવું તે.

૬. तप प्रायश्चित—[illegible] આપના [illegible] નીવી પ્રમુખ તપ કરવું તે.

૭ छेद प्रायश्चित—મહાવ્રતનો ઘાત કરવાથી [illegible] દીક્ષાકાળ [illegible] તે.

૮ मूल प्रायश्चित—મહા અપરાધ થવાથી મૂળથી પુનઃ ચારિત્ર આપવું તે.

૯ अनवस्थाप्य प्रायश्चित—[illegible] પ્રાયશ્ચિત્ત ન કરે [illegible] મહાવ્રત ન ઉચ્ચરાવવાં તે.

૧૦ पारांचित प्रायश्चित—[illegible]

॥ ૮ વિનય (૭ પ્રકાર) ॥

[illegible]

शब्दार्थः—

पायच्छित्तं=प्रायश्चित्त तप	उस्सग्गो=कायोत्सर्ग तप
विणओ=विनय तप	अवि=पण
वेयावच्चं=वैयावृत्य तप	अ=अने
तहेव=तेमज	अब्भिंतरओ=अभ्यन्तर
सज्झाओ=स्वाध्याय तप	तवो=तप
झाणं=ध्यान तप	होइ=छे.

गाथार्थः—प्रायश्चित्त, विनय, वैयावृत्य, तेमज स्वाध्याय, ध्यान, अने कायोत्सर्ग पण (ए ६ प्रकारनो) अभ्यन्तर तप छे ॥ ३६ ॥

विशेषार्थः—हवे ६ प्रकारनो अभ्यन्तर तप कहेवाय छे. जे तप लोको बाह्य दृष्टिथी जाणी शकता नथी, जे तपथी लोको तपस्वी कहेता नथी, जेनाथी बाह्य शरीर तपतुं नथी परन्तु अभ्यन्तर आत्माने अने मनने तपावे छे, अने विशेषतः जे तप अंतरंग प्रवृत्तिवाळो होय छे तेवा प्रायश्चित्त आदिकने अभ्यन्तर तप कह्यो छे तेनुं स्वरूप आ प्रमाणे—

॥ १ प्रायश्चित्त तप (१० प्रकारनो) ॥

थयेला अपराधनी शुद्धि करवी ते प्रायश्चित्त तप ना १० भेद आ प्रमाणे—

१ आलोचना प्रायश्चित्त—करेला पापनो गुरुआदि समक्ष प्रकाश करवो ते.

२ प्रतिक्रमण प्रायश्चित्त—थयेलुं पाप पुनः नहिं करवा माटे मिच्छामि दुक्कडं (मारुं पाप मिथ्या थाओ एम) कहेवुं-देवुं ते.

३ मिश्र प्रायश्चित्त—करेल पाप गुरु समक्ष कहेवुं अने मिथ्या दुष्कृत पण देवुं ते.

४ विवेक प्रायश्चित्त—अकल्पनीय अन्नपान विगेरेनो विधिपूर्वक त्याग करवो ते.

૫ કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત—કાયાનો વ્યાપાર બંધ રાખી ધ્યાન કરવું તે.

૬ તપ પ્રાયશ્ચિત્ત—કરેલ પાપના દંડરૂપે નીવી પ્રમુખ તપ કરવું તે.

૭ છેદ પ્રાયશ્ચિત્ત—મહાવ્રતનો ઘાત થવાથી અમુક દીક્ષાકાળ ઓછો-ઘટાડવો તે.

૮ મૂલ પ્રાયશ્ચિત્ત—મહા અપરાધ કરવાથી મૂળથી પુનઃ ચારિત્ર આપવું તે.

૯ અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત—કરેલ અપરાધનું પ્રાયશ્ચિત્ત ન કરે ત્યાં સુધી મહાવ્રત ન ઉચ્ચરાવવાં તે.

૧૦ પારાંચિત પ્રાયશ્ચિત્ત—[illegible] મહા [illegible] પાપના [illegible] [illegible]

॥ ૨ વિનય (૭ પ્રકારે) ॥

[illegible]

॥ ३ वैयावृत्य (१० प्रकारे) ॥

આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી-સ્થવિર[1]-ગ્લાન[2]-શૈક્ષ[3]-સાંભ[4]-

ણે—ભવના વંદના કરવી તે **सत्कार**, આસનથી ઉભા થઇ જવું તે **अभ्युत्थान**, વસ્ત્રાદિ આપવુ તે **सन्मान**, બેસવા માટે આસન લાવી બેસો કહેવુ તે **आसन परिग्रहण**, આસન ગોઠવી આપવુ તે **आसनप्रदान** વંદના કરવી તે **कृतिकर्म**, બે હાથ જોડવા તે **अंजलिग्रहण**, આવે ત્યારે સામા જવુ તે **सन्मुखगमन**, જાય ત્યારે વળાવા જવુ તે **पश्चाद्गमन**, અને બેઠા હોય ત્યારે વૈયાવચ્ચ કરવી તે **पर्युपासना** એ ૧૦ પ્રકારે સુશ્રૂષા વિનય જાણવો.

તથા અનાશાતના વિનયના ૪૫ ભેદ છે તે આ પ્રમાણે—તીર્થંકર-ધર્મ-આચાર્ય-ઉપાધ્યાય-સ્થવિર-કુલ-ગણ-સંઘ-સાંભોગિક-(એક મંડલીમાં ગોચરીવાળા) તથા સમનોજ્ઞ (સાધર્મિક—સમાન સામાચારીવાળા) એ ૧૦ તથા ૫ જ્ઞાન એ ૧૫ ની આશાતનાનો ત્યાગ, તેમજ એ ૧૫ નું ભક્તિ બહુમાન, અને એ ૧૫ ની વર્ણસંજ્વલના (ગુણપ્રશંસા) એ પ્રમાણે ૪૫ ભેદે બીજો અનાશાતના દર્શનવિનય જાણવો.

३ चारित्र विनय—પાંચ ચારિત્રની સદ્દહણા (શ્રદ્ધા)-(કાયા વડે) સ્પર્શના-આદર-પાલન-અને પ્રરૂપણા તે પાંચ પ્રકારનો ચારિત્રવિનય જાણવો.

४-५-६ योग विनय—દર્શન તથા દર્શનીનું મન વચન કાયાવડે અશુભ ન કરવું, અને શુભમાં પ્રવૃત્તિ કરવી તે ૩ પ્રકારનો યોગ વિનય છે. (આ ૩ પ્રકારનો યોગ વિનય ઉપચાર વિનયમાં અન્તર્ગત ગણવાથી મૂળ વિનય ૪ પ્રકારનો થાય છે)

७ उपचार विनय—આ વિનય ૭ પ્રકારનો છે. ૧ ગુર્વાદિકની પાસે રહેવું, ૨ ગુર્વાદિકની ઇચ્છાને અનુસરવું, ૩ ગુર્વાદિકનો આહાર આણવા વિગેરેથી પ્રત્યુપકાર કરવો, ૪ આહારાદિ આપવો, ૫ ઔષધાદિકથી પરિચર્યા કરવી, ૬ અવસરને ઉચિત આચરણ કરવું, અને ૭ ગુર્વાદિકના કાર્યમાં તત્પર રહેવું.

૧ જ્ઞાન દીક્ષાપર્યાય અને વય વડે અધિક. ૨ વ્યાધિગ્રસ્ત સાધુ ૩. નવદીક્ષિત શિષ્ય. ૪ એક મંડળીમાં ગોચરીના વ્યવહારવાળા.

સંઘ-કુલ-ગણ-ગ્લાન-એ ૧૦ નું યથાયોગ્ય આહાર વસ્ત્ર વગેરે આપવું, પાદ આદાપાલન ઇત્યાદિથી ભક્તિ બહુમાન કરવું તે ૧૦ પ્રકારે વૈયાવૃત્ય કહેવાય.

॥ ૪ સ્વાધ્યાય (૫ પ્રકારે) ॥

ભણવું ભણાવવું તે વાચના, સંદેહ પૂછવો તે પૃચ્છના, ભણેલું સંભારવું તે પરાવર્તના, ધારેલા અર્થનું સ્વરૂપ વિચારવું તે અનુપ્રેક્ષા, અને ધર્મોપદેશ આપવો તે ધર્મકથા એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય જાણવો.

॥ ૫ ધ્યાન-શુભધ્યાન (૨ પ્રકારે) ॥

ધ્યાન એટલે મનની એકાગ્રતા અથવા યોગનિરોધ એમ બે અર્થ છે. ત્યાં ૪ પ્રકારનું ધર્મધ્યાન અને ૪ પ્રકારનું શુક્લધ્યાન તે અહિં અભ્યન્તરતપરૂપ નિર્જરાતત્ત્વમાં ગણાય છે. અને ૪ પ્રકારનું આર્ત્તધ્યાન, તથા ૪ પ્રકારનું રૌદ્રધ્યાન (સંસારવૃદ્ધિ કરનાર હોવાથી અહિં નિર્જરાતત્ત્વમાં ગણાય નહિ.) તે ધર્મધ્યાન શુક્લધ્યાનના ૪-૪ ભેદ છે.

॥ ३ वैयावृत्त्य (१० प्रकारे) ॥

આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી-સ્થવિર[1]-ગ્લાન[2]-શૈક્ષ[3]-સાધર્મિક[4]-

---

ષે—સ્તવના વંદના કરવી તે सत्कार, આસનથી ઉભા થઇ જવું તે अभ्युत्थान, વસ્ત્રાદિ આપવું તે सन्मान, બેસવા માટે આસન લાવી બેસો કહેવું તે आसन परिग्रहण, આસન ગોઠવી આપવું તે आसनप्रदान વંદના કરવી તે कृतिकर्म, બે હાથ જોડવા તે अंजलिग्रहण, આવે ત્યારે સ્હામા જવું તે सन्मुखगमन, જાય ત્યારે વળાવા જવું તે पश्चाद्गमन, અને બેઠા હોય ત્યારે વૈયાવચ્ચ કરવી તે पर्युपासना એ ૧૦ પ્રકારે સુશ્રૂષા વિનય જાણવો.

તથા અનાશાતના વિનયના ૪૫ ભેદ છે તે આ પ્રમાણે—તીર્થંકર-ધર્મ-આચાર્ય-ઉપાધ્યાય-સ્થવિર-કુલ-ગણ-સંઘ-સાંભોગિક-(એક મંડલીમાં ગોચરીવાળા) તથા સમનોજ્ઞ (સાધર્મિક-સમાન સામાચારીવાળા) એ ૧૦ તથા ૫ જ્ઞાન એ ૧૫ ની આશાતનાનો ત્યાગ, તેમજ એ ૧૫ નું ભક્તિ બહુમાન, અને એ ૧૫ ની વર્ણસંજ્વલના (ગુણપ્રશંસા) એ પ્રમાણે ૪૫ ભેદે બીજો અનાશાતના દર્શનવિનય જાણવો.

३ चारित्र विनय—પાંચ ચારિત્રની સદ્દહણા (શ્રદ્ધા)-(કાયા વડે) સ્પર્શના-આદર-પાલન-અને પ્રરૂપણા તે પાંચ પ્રકારનો ચારિત્રવિનય જાણવો.

४-५-६ योग विनय—દર્શન તથા દર્શનીનું મન વચન કાયાવડે અશુભ ન કરવું, અને શુભમાં પ્રવૃત્તિ કરવી તે ૩ પ્રકારનો યોગ વિનય છે. (આ ૩ પ્રકારનો યોગ વિનય ઉપચાર વિનયમાં અન્તર્ગત ગણવાથી મૂળ વિનય ૪ પ્રકારનો થાય છે)

७ उपचार विनय—આ વિનય ૭ પ્રકારનો છે. ૧ ગુર્વાદિકની પાસે રહેવું, ૨ ગુર્વાદિકની ઇચ્છાને અનુસરવું, ૩ ગુર્વાદિકનો આહાર આણવા વિગેરેથી પ્રત્યુપકાર કરવો, ૪ આહારાદિ આપવો, ૫ ઔષધાદિકથી પરિચર્યા કરવી, ૬ અવસરને ઉચિત આચરણ કરવું, અને ૭ ગુર્વાદિકના કાર્યમાં તત્પર રહેવું.

૧ જ્ઞાન દીક્ષાપર્યાય અને વય વડે અધિક. ૨ વ્યાધિગ્રસ્ત સા[illegible] દીક્ષિત શિષ્ય ૪ એક મંડલીમાં ગોચરીના વ્યવહારવાળા.

મિક-કુલ-ગણ-સંઘ-એ ૧૦ નું યથાયોગ્ય આહાર વસ્ત્ર વસતિ આસન, પાત્ર આલાપાલન ઇત્યાદિથી ભક્તિ બહુમાન કરવું તે ૧૦ પ્રકારે વૈયાવૃત્ય કહેવાય.

॥ ૪ સ્વાધ્યાય (૫ પ્રકારે) ॥

ભણવું ભણાવવું તે વાચના, સંદેહ પૂછવો તે પૃચ્છના, ભણેલ અર્થ સંભારવો તે પરાવર્તના, ધારેલા અર્થનું સ્વરૂપ વિચારવું તે અનુપ્રેક્ષા, અને ધર્મોપદેશ આપવો તે ધર્મકથા એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય જાણવો.

॥ ૫ ધ્યાન-શુભધ્યાન (૨ પ્રકારે) ॥

ધ્યાન એટલે મનની એકાગ્રતા અથવા યોગનિરોધ એમ બે અર્થ છે. ત્યાં ૪ પ્રકારનું ધર્મધ્યાન અને ૪ પ્રકારનું શુક્લધ્યાન તે અહિં અભ્યન્તરતપરૂપ નિર્જરાતત્ત્વમાં ગણાય છે. (અને ૪ પ્રકારનું આર્ત્ત ધ્યાન તથા ૪ પ્રકારનું રૌદ્રધ્યાન કર્મબંધનું કારણ હોવાથી અહિં નિર્જરાતત્ત્વમાં ગણાય નહિં.) તે ધર્મધ્યાન શુક્લધ્યાનના ૪-૪ ભેદ છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

॥ ६ कायोत्सर्ग (२ प्रकारे)

काय એટલે કાયા વિગેરેના વ્યાપારનો उत्सर्ग એટલે ત્યાગ તે कायोत्सर्ग અથવા (સામાન્ય શબ્દથી) उत्सर्ग કહેવાય. તે

शुक्लध्यान—આ ધ્યાનનો પહેલો ભેદ पृथक्त्व वितर्क सविचार છે. પૃથક્ત્વ એટલે ભિન્નતા તે જે દ્રવ્ય ગુણ અથવા પર્યાયનું ધ્યાન ચાલુ હોય તે જ દ્રવ્યગુણપર્યાયમાં સ્થિર ન રહેતાં તે ધ્યાન અન્ય દ્રવ્ય ગુણ પર્યાયમાં ચાલ્યું જાય છે માટે पृथक्त्व, તથા શ્રુતજ્ઞાનીને જ આ ધ્યાન (વિશેષતઃ પૂર્વધર લબ્ધિવંતને હોવાથી) પ્રવર્તમાન શ્રુતના ઉપયોગવાળું હોય છે માટે (वितर्कः श्रुतम् इति वचनात्) वितर्क,અને એક યોગથી બીજા યોગમાં, એક અર્થથી બીજા અર્થમાં અને એક શબ્દથી બીજા શબ્દમાં અથવા શબ્દથી અર્થમાં અને અર્થથી શબ્દમાં આ ધ્યાનનો વિચાર એટલે સંચાર થાય માટે (विचारोऽर्थव्यंजनयोगसंक्रान्ति इति वचनात्) सविचार હોવાથી પૃથક્ત્વ વિતર્ક સવિચાર કહેવાય છે. (આ ધ્યાન શ્રેણિવંતને ૮માથી ૧૧મા ગુણસ્થાન સુધી હોય છે.

તથા પૂર્વોક્ત પહેલા ભેદથી વિપરીત લક્ષણવાળું વાયુરહિત દીપકવત્ નિશ્ચલ એકજ દ્રવ્યાદિકના ચિંતવનવાળું હોવાથી अपृथक्त्व એટલે એકત્વવાળું, પરન્તુ આ ધ્યાન પણ પૂર્વધરને શ્રુતાનુસારી ચિંતવનવાળું હોવાથી वितर्क સહિત, અને અર્થ વ્યંજન યોગની પૂર્વે કહ્યા પ્રમાણે સંક્રાન્તિ-સંચરણ ન હોવાથી अविचारવાળું છે. માટે આ બીજું શુક્લધ્યાન एकत्व (अपृथक्त्व) वितर्क अविचार કહેવાય છે. આ ધ્યાનને અન્તે કેવળજ્ઞાન થાય છે.

તથા તેરમા ગુણસ્થાનને અન્તે મન વચન યોગ રૂંધ્યા-રોક્યા બાદ કાયયોગ રૂંધતી વખતે સૂક્ષ્મ કાયયોગી કેવલીને सूक्ष्मक्रिया अनिवृत्ति નામે ત્રીજું શુક્લધ્યાન છે. અર્થાત્ આ ધ્યાનમાં સૂક્ષ્મકાયયોગરૂપ ક્રિયા હોય છે, અને આ ધ્યાન પાછું વળનાર (પડનાર) ન હોવાથી એનું सूक्ष्म क्रिया अनिवृत्ति નામ છે.

તથા શૈલેશી અવસ્થામાં (૧૪મા ગુણસ્થાને અયોગીને) સૂક્ષ્મકાયક્રિયાનો પણ વિનાશ થાય છે, અને ત્યાંથી પુનઃ પડવાનું પણ નથી માટે તે અવસ્થામાં व्यवच्छिन्न क्रिया अप्रतिपाती નામે ચોથું શુક્લધ્યાન હોય છે. આ ચોથું શુક્લધ્યાન પૂર્વપ્રયોગથી થાય છે, જેમ દંડવડે ચક્ર ફેરવી દંડ કાઢી લીધા બાદ પણ ચક્ર ફરતુંજ રહે છે તેમ આ ધ્યાન પણ જાણવું.

શુક્લધ્યાનના ચાર ભેદમાં પ્હેલાં બે શુક્લધ્યાન છદ્મસ્થને, અને છેલ્લાં

ઉત્સર્ગના દ્રવ્યોત્સર્ગ અને ભાવોત્સર્ગ એ બે ભેદ છે. ત્યાં દ્રવ્યોત્સર્ગ ૪ પ્રકારનો અને ભાવોત્સર્ગ ૩ પ્રકારનો છે તે આ પ્રમાણે—

૪ દ્રવ્યોત્સર્ગ—ગચ્છનો ત્યાગ કરી જીનકલ્પ આદિ કલ્પ અંગીકાર કરવો તે ગણોત્સર્ગ, (પાદપોપગમ આદિ ભેદવાળા) અનશનાદિક વડે શરીરનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ, કલ્પ વિશેષની સામાચારી પ્રમાણે ઉપધિનો ત્યાગ તે ઉપધિ ઉત્સર્ગ, અને અચિત્ત અથવા અશુદ્ધ આહારનો ત્યાગ કરવો તે ભક્તપાનોત્સર્ગ.

૩ ભાવોત્સર્ગ—કષાયનો ત્યાગ તે કષાયોત્સર્ગ, ભવના કારણ રૂપ મિથ્યાત્વાદિ બંધહેતુનો ત્યાગ કરવો તે ભવોત્સર્ગ. જ્ઞાનાવરણ આદિ કર્મનો ત્યાગ તે કર્મોત્સર્ગ.

એ પ્રમાણે ૬ પ્રકારનો અભ્યન્તર તપ કર્મનિર્જરાનું કારણ છે તેનું વર્ણન કર્યું. તે સાથે નિર્જરાતત્ત્વ પણ સમાપ્ત થયું.

॥ નિર્જરાતત્ત્વ [illegible] ॥

[illegible]

[illegible]

[illegible]

બન્ને પ્રકારની તપશ્ચર્યા કરે તો નિર્જરાતત્ત્વ ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત થાય છે, તેમજ પૂર્વબદ્ધ કર્મો ભસ્મીભૂત થાય છે. તથા નિર્જરાતત્ત્વ પ્રાપ્ત થતાં સંવરતત્ત્વ તો અવશ્ય પ્રાપ્ત થાય છે, કારણ કે એ બન્ને તત્ત્વનો પરસ્પર ગાઢ સંબંધ છે. અને સંવર તથા નિર્જરા પ્રાપ્ત થતાં બીજાં સર્વે તત્ત્વો પોતપોતાના હેયોપાદેયાદિ સ્વરૂપે પ્રાપ્ત થાય છે, જેથી અન્તે મોક્ષતત્ત્વ પણ પ્રાપ્ત થાય છે અને એજ આ નિર્જરા તત્ત્વ જાણવનો મુખ્ય ઉદ્દેશ છે ॥ इति ९ निर्जरातत्त्व ॥

अवतरण—૩૪ મી ગાથામાં બન્ધતત્ત્વના સામાન્યથી ૪ ભેદ કહ્યા અને હવે આ ગાથામાં તે ચાર પ્રકારના બન્ધનો અર્થ કહેવાય છે.

॥ अथ ८ मुं बन्ध तत्त्वम् ॥

पयइ सहावो वुत्तो, ठिई कालावहारणं
अणुभागो रसो णेओ, पएसो दलसंचओ॥३७॥

બાહ્ય તપશ્ચર્યાવિના કેવળ અભ્યન્તર તપથી થતી નથી. અભ્યન્તર તપ કરવામાં શૂરા એવા છદ્મસ્થ અરિહંત ભગવતો પણ ચારિત્ર લીધાબાદ છદ્મસ્થ અવસ્થા પર્યન્ત ઘોર તપશ્ચર્યાઓ આદરે છે ત્યારેજ નિર્જરાધર્મ પ્રગટ થતાં સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે. માટે બાહ્ય તપશ્ચર્યા આત્માનો ખરો કસોટી ધર્મ છે, એટલુંજ નહિં પણ બાહ્ય તપશ્ચર્યા એજ અભ્યન્તર તપશ્ચર્યાનું લિંગ (સ્પષ્ટ નિશાની)છે. આત્મા જો આત્મધર્મ સન્મુખ થયો હોયતો બાહ્યતપશ્ચર્યા અવશ્ય પ્રાપ્ત થાયજ. વળી બાહ્યતપ અને અભ્યન્તર તપ બન્ને પરસ્પરોત્પાદક છે, એટલે બાહ્યતપથી પરિણામે અભ્યન્તર તપ પ્રગટ થાય છે, અને અભ્યન્તર તપથી બાહ્યતપ તો અવશ્ય પ્રગટ થાયજ માટે ઉપવાસ આદિ બાહ્યતપ પણ મહામાંગલિક છે, સર્વસિદ્ધિદાયક છે, અને પરંપરાએ મુક્તિદાયક પણ છે એમ જાણી હે જીજ્ઞાસુઓ! તમો પરમ પવિત્ર એવા બાહ્યતપનો પણ અતિ હર્ષથી આદર કરો, અને બાહ્યતપનો અવર્ણવાદ ન બોલો.

સંસ્કૃત અનુવાદ

प्रकृतिः स्वभाव उक्तः, स्थितिः कालावधारणं
अनुभागो रसो ज्ञेयः, प्रदेशो दलसंचयः ॥३७॥

અન્વય સહિત પદચ્છેદ

[illegible]— काल अवधारणं तथा दल संचयो इति

શબ્દાર્થ:

पयइ = પ્રકૃતિ (પ્રકૃતિબંધ)	अणुभागो = અનુભાગ (અનુભાગબંધ)
सहावो = સ્વભાવ	रसो = રસ
वुत्तो = કહ્યો છે.	णेओ = જાણવો
ठिई = સ્થિતિ (સ્થિતિબંધ)	पएसो = પ્રદેશ (પ્રદેશબંધ)
काल = કાળનો	दलसंचओ = દલિયાંનો સમૂહ (જથ્થો)
अवहारणं = નિશ્ચય	

ભાવાર્થ:—[illegible]

વિશેષાર્થ:—[illegible]

[illegible]

કૃતિબન્ધ કહેવાય. અહિં પ્રકૃતિ એટલે સ્વભાવ એવો અર્થ છે, જો કે સ્થિતિ રસ અને પ્રદેશનો સમુદાય તે પ્રકૃતિબંધ એવો અર્થ પણ છે પરન્તુ અહિં તે અર્થનું પ્રયોજન નથી. તેમજ પ્રકૃતિ એટલે ભેદ એવો પણ અર્થ થાય છે.

૨ **સ્થિતિબંધ**—જે સમયે કર્મ બંધાય છે તેજ સમયે તે કર્મ કેટલા કાળ સુધી આત્મપ્રદેશો સાથે કર્મ સ્વરૂપે રહેવાનું છે તે પણ નિયત થાય છે, એ પ્રમાણે જીવ સાથે કર્મને રહેવાના કાળનો (મુદતનો) નિર્ણય તે સ્થિતિબંધ કહેવાય. જેમ કોઇ મોદક ૧ માસ સુધી રહે છે, કોઇ મોદક ૧૫ દિવસ રહે છે, અને ત્યાર બાદ તે વિણસી જાય છે, તેમ કોઈ કર્મ ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમ સુધી અને કોઈ કર્મ ૪૦ કોડાકોડી સાગરોપમ સુધી જીવ સાથે સ્વસ્વરૂપે રહે છે, ત્યારબાદ તે કર્મના સ્વરૂપનો વિનાશ થાય છે તે સ્થિતિબંધ.

૩ **અનુભાગ બંધ**—જે સમયે જે કર્મ બંધાય છે તે કર્મનું ફળ જીવને આલ્હાદકારી-શુભ કે દુઃખદાયી-અશુભ પ્રાપ્ત થશે તે શુભાશુભતા પણ તેજ સમયે નિયત થાય છે, તેમજ તે કર્મ જ્યારે શુભાશુભરૂપે ઉદયમાં આવે ત્યારે તીવ્ર મંદ કે મંદતર ઉદયમાં આવશે તે તીવ્ર મંદતા પણ તેજ સમયે નિયત થાય છે માટે શુભાશુભના અને તીવ્રમંદતાનું જે નિયતપણું બંધ સમયે થવું તે અનુભાગ બંધ અથવા [1]રસબંધ કહેવાય. જેમ કોઈ મોદક અલ્પ વા અતિ મધુર હોય અથવા અલ્પ વા અતિ કડવો હોય તેમ કર્મમાં પણ કોઈ કર્મ શુભ હોય અને કોઇક કર્મ અશુભ હોય, તેમાં પણ કોઈ કર્મ તીવ્ર અનુભવ આપે કોઇ કર્મ મંદ અનુભવ આપે એવું બંધાય છે. તેમજ કર્મના ઉદય-ફળ આશ્રયિ પણ તીવ્રમંદતા વિચારવી.

૪ **પ્રદેશબંધ***—જેમ કોઇ મોદક ૦। શેર કણિકનો (લોટનો) કોઇ મોદક ૦॥ શેર કણિકનો થાય છે, તેમ બંધ સમયે કોઈ કર્મના ઘણા પ્રદેશો અને કોઈ કર્મના અલ્પ પ્રદેશો બંધાય છે, પરન્તુ દ-

૧-* અહિં રસબંધનું તથા પ્રદેશબંધનુ કિંચિત્ વિશેષ સ્વરૂપ આ પ્રમાણે—

કે કર્મના પ્રદેશોની સરખી સંખ્યા બંધાતી નથી, ને આ પ્રમાણુ- આયુષ્યના ભાગથી અલ્પ, નામ-ગોત્રના તેથી વિશેષ પણ પરસ્પર તુલ્ય. જ્ઞા૦ દ૦ અન્તરાયના તેથી પણ વિશેષ અને પરસ્પર તુલ્ય.

॥ રસબંધ. ॥

[illegible]

[illegible]

મોહનીયના તેથી પણ વિશેષ, અને વેદનીયના સર્વથી વિશેષ પ્રદેશો બંધાય છે. એ પ્રદેશબંધ જાણવો.

પૂર્વોક્ત ચારે પ્રકારના બન્ધ બન્ધ સમયે સમકાળે જ બંધાય

અહિં શુભ પ્રકૃતિનો એકસ્થાનિક રસબંધ હોયજ નહિં, અને અશુભમાં પણ મતિઆદિ ૪ જ્ઞાનાવરણ, ૩ દર્શનાવરણ (કેવલ૦ વિના), ૪ સંજ્વલન ક્રોધાદિ, પુરૂષવેદ, અને ૫ અન્તરાય એ ૧૭ પ્રકૃતિનોજ એક સ્થાનિક રસબંધ ૯ મે ગુણસ્થાને હોય છે, શેષ અશુભ પ્રકૃતિઓનો જઘન્યથી પણ દ્વિસ્થાનિક રસ બધાય છે. તથા અશુભ પ્રકૃતિનો રસ લિંબડાના રસ સરખો કડવો એટલે જીવને પીડાકારી હોય છે, અને શુભ પ્રકૃતિનો રસ શેલડી સરખો મધુર એટલે જીવને આલ્હાદકારી હોય છે. તે શુભાશુભ રસના જે એકસ્થાનિકાદિ ૪ ભેદ છે તેનું સ્વરૂપ આ પ્રમાણે—

લિંબડાનો અથવા શેલડીનો સ્વાભાવિક રસ તે एकस्थानिक રસ મંદ હોય છે. ઉકાળીને અર્ધ રાખે તેવો द्विस्थानिक રસ તીવ્ર હોય છે. ત્રણ ભાગ (૩ શેર) માંથી ઉકાળીને ૧ ભાગ (૧ શેર) રાખે તેવો त्रिस्थानिक રસ તીવ્રતર હોય છે, અને ઉકાળીને ચોથા ભાગ જેટલો રાખે તેવો चतुःस्थानिक રસ તીવ્રતમ હોય છે. એ ચારે ભેદ પણ પરસ્પર અનન્તગુણ તરતમતા વાળા (તફાવતવાળા) હોય છે.

॥ प्रदेश बन्ध ॥

લોકને વિષે ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-ભાષા-શ્વાસોચ્છ્વાસ-મન અને કાર્મણ એ ૮ જાતિની પુદ્‌ગલવર્ગણા જીવને ગ્રહણ યોગ્ય છે, અને ૮ અગ્રહણ યોગ્ય વર્ગણા પણ છે. ત્યાં સરખી સંખ્યાવાળા પરમાણુઓના બનેલા અનેક સ્કંધો તે એક વર્ગણા કહેવાય, તેવી અનન્ત વર્ગણાઓ જીવ એક સમયમાં ગ્રહણ કરે છે, અહિં પ્રદેશબન્ધના પ્રસંગમાં તો ૮ મી કાર્મણ વર્ગણાની જ અનન્ત વર્ગણાનો એક સ્કંધ એવા અનન્ત સ્કંધો જીવ પ્રતિસમય ગ્રહણ કરે છે એમ જાણવું. એ આઠે વર્ગણા અનુક્રમે અધિક અધિક સૂક્ષ્મ છે, અને અનન્ત અનન્ત પ્રદેશે અધિક છે, પરન્તુ ક્ષેત્રાવગાહના (એક સ્કંધને રહેવાની જગ્યા) અનુક્રમે અલ્પ અલ્પ તો પણ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જાણવી, જેમ ઔદારિકનો એક સ્કંધ જેટલા ક્ષેત્રમાં

છે, પરન્તુ અનુક્રમે બંધાય નહિ. તથા પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી થાય છે, અને સ્થિતિબંધ તથા રસબંધ કષાયથી થાય છે.

અવતરણ—પૂર્વ ગાથામાં ૮ મૂળ કર્મના ૧૫૮ ભેદ કહીને હવે તે આઠે કર્મનો સ્વભાવ કયા કયા પ્રકારનો છે તે કહેવાય છે.

पडपडिहारऽसिमज्ज–हडचित्तकुलालभंडगारीणं
जह एएसिं भावा, कम्माणऽवि जाण तह भावा॥६८॥

સંસ્કૃત અનુવાદ

पटप्रतिहारासिमद्य-हडिचित्रकुलालभाण्डागारिणाम्
यथैतेषां भावाः, कर्मणामपि जानीहि तथा भावाः ॥६८॥

[illegible]

[illegible]

અન્વય સહિત પદચ્છેદ

पड पडिहार असि मज्ज, हड चित्त कुलाल भंडगारीणं
जह एएसिं भावा, कम्माण अवि तह भावा जाण ॥३८॥

શબ્દાર્થ:

पड = પાટો	जह = જેમ
पडिहार = દ્વારપાળ	एएसिं = એ વસ્તુઓના
असि = તરવાર (ખડ્ગ)	भावा = સ્વભાવ છે
मज्ज = મદિરા	कम्माण = કર્મોના
हड = બેડી	अवि = પણ
चित्त = ચિતારો	जाण = જાણવા
कुलाल = કુંભાર	तह = તેવી રીતે
भंडगारीणं = ભંડારી	भावा = સ્વભાવ

ગાથાર્થઃ—વસ્ત્ર વિગેરેનો પાટો-દ્વારપાળ-ખડ્ગ-મદિરા-બેડી-ચિતારો-કુંભાર-અને ભંડારી એ (આઠ) વસ્તુઓના જેવા સ્વભાવ છે, તેવા આઠ કર્મોના પણ સ્વભાવ જાણવા ॥૩૮॥

વિશેષાર્થઃ—૧ જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ જીવનો જ્ઞાનગુણ આવરે છે અને તે જ્ઞાનકર્મ ચક્ષુના પાટા સરખું છે. એટલે ચક્ષુએ પાટા બાંધ્યાથી જેમ કોઇ વસ્તુ દેખી જાણી શકાય નહિં, તેમ જ્ઞાનાવરણીય કર્મરૂપ પાટાથી જ્ઞાનરૂપ ચક્ષુવડે કંઈ જાણી શકાય નહિં. આ કર્મથી જીવનો અનન્ત જ્ઞાનગુણ અવરાયલો છે.

૨ દર્શનાવરણીય કર્મનો સ્વભાવ જીવના દર્શનગુણને આવરે છે. જેમ દ્વારપાળે રોકેલા મનુષ્યોને રાજા જોઈ શકતો નથી તેમ જીવરૂપી રાજા દર્શનાવરણ કર્મના ઉદયથી પદાર્થ અને વિષયોને દેખી શકતો નથી. આ કર્મથી જીવનો અનન્ત દર્શનગુણ અવરાયલો છે.

૩ વેદનીય કર્મનો સ્વભાવ જીવને સુખદુઃખ આપવાનો છે. જેમ મધવડે લેપાયલી તરવારને આસ્વાદતાં (ચાટતાં) પ્રથમ સ્વાદ લાગે, પરન્તુ જીભ કપાવાથી પશ્ચાત્ દુઃખ ભોગવવું પડે તેમ અહિં

શાતા વેદનીયને અનુભવતાં પરિણામે અતિશય અશાતાવેદનીયને પણ અનુભવવી પડે છે. આ કર્મ જીવના અવ્યાબાધ—અનન્ત સુખ ગુણને રોકે છે.

૪ મોહનીય કર્મનો સ્વભાવ જીવના સમ્યક્ત્વગુણ તથા અનન્ત ચારિત્રગુણને રોકવાનો છે. એ મોહનીય કર્મ મદિરા સરખું છે. જેમ મદિરા પીવાથી જીવ બેશુદ્ધ થાય છે. હિત અહિત સમજતો નથી, તેમ મોહનીયના ઉદયથી પણ જીવ ધર્મ અધર્મ કંઈ પણ સમજી સારી રીતે જાણતો નથી. આ કર્મથી જીવનો અનન્ત ચારિત્રગુણ રોકાયેલો છે.

૫ આયુષ્ય કર્મનો સ્વભાવ જીવને અમુક ગતિમાં અમુક કાળ સુધી બેડી જકડવાનો છે. માટે એ કર્મ બેડી સરખું છે. જેમ બેડીમાં પડેલો મનુષ્ય બેડીને નિયમિત કરેલી મુદત સુધી બેડીઓમાંથી બહાર નિકળી શકે નહિ તેમજ તે ગતિ સંબંધી આયુષ્ય કર્મના ઉદયથી જીવ તે ગતિમાંથી નિકળી શકતો નથી. આ કર્મથી જીવનો અક્ષયસ્થિતિ ગુણ રોકાયેલો છે.

૬ [illegible]

૭ [illegible]

[illegible]

થાય છે. આ કર્મનો સ્વભાવ જીવના અગુરૂલઘુ ગુણને રોકવાનો છે.
૮ अन्तरायकर्म ભંડારી સરખું છે. જેમ રાજા દાન

ઉચ્ચ નીચપણાનો ભેદ તો તુચ્છ દ્રષ્ટિવાળા પૂર્વજોએ મતિકલ્પનાથી ઉભો કરેલો છે, માટે આ વિચારની ઉદારતા વાળા જમાનામાં તો તે ભેદ સર્વથા નાબુદ કરવા જેવા છે. ઈત્યાદિ કઈક વિચિત્ર માન્યતાઓ ઉભી કરી સર્વ મનુષ્ય સાથે ખાનપાન આદિકના સર્વ વ્યવહાર સમાન રીતે રાખવાનો ઉપદેશ આપે છે, પરન્તુ તે સર્વ માન્યતા આર્યધર્મની વિરૂદ્ધ છે કારણ કે—

શ્રી જીનેન્દ્રશાસ્ત્રોના આધારથી વિચારતા તો આ સાતમા ગોત્રકર્મના ૨ ભેદ ઉપરથી ઉચ્ચનીચપણાનો વ્યવહાર કર્મ જન્ય હોવાથી કુદરતીજ સમજાય છે, પરન્તુ કોઈ પૂર્વાચાર્યોએ મન કલ્પિત ભેદ ઉભો કર્યો હોય તેમ કોઈ રીતે માની શકાય નહિ. તથા ઉચ્ચ નીચપણાનો ભેદ ગુણ—કાર્ય—આચાર— અને જન્મ ઉપર આધાર રાખે છે. તથા ઉચ્ચ નીચપણાનો ભેદ વચન માત્રથી ભલે માનવામા ન આવે પરન્તુ કુદરતના કાયદાને તાબે થઈને તો તેઓ પણ પ્રવૃત્તિથી તે ભેદને કેટલીક રીતે સ્વીકારે છેજ.

પુનઃ શ્રી મહાવીરસ્વામી બ્રાહ્મણના ભિક્ષુકકુળમાં અવતર્યા (ગર્ભમા આવ્યા) તે કારણથી સૌધર્મ ઇન્દ્ર સરખા દેવાધિપતિનુ સિંહાસન પણ ચળાયમાન થયું, અને ઇન્દ્રને પોતાની અવશ્ય ફરજ વિચારી ગર્ભસંહરણ જેવા પરિશ્રમમાં ઉતરવું પડયું, તેથી ઉચ્ચ નીચપણાનો ભેદ પ્રાચીન અને કુદરતી છે એમ સ્પષ્ટ થાય છે, નહિતર ચાલુ જમાનાની ઉપરોક્ત માન્યતા પ્રમાણે વિચારીએ તો શ્રીમહાવીર ભગવત જો દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીથી જન્મ ધારણ કરે તો શું જ્ઞાન દર્શન ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના ન કરી શકે ? અથવા મોક્ષપદ ન પામી શકે ? શું બ્રાહ્મણના ભિક્ષુકકુળમાં જન્મેલા જીવોને શાસ્ત્રમાં મોક્ષપદનો નિષેધ કર્યો છે ? શું બ્રાહ્મણીનું અને ત્રિશલા ક્ષત્રિયાણીનું મનુષ્યપણું સરખું ન હતું ? તથા સૌધર્મ ઇન્દ્ર જેવા દેવાધિપતિને બે સ્ત્રીઓના મનુષ્યત્વની સમાનતા વિગેરે દલીલો નહિ સમજાઇ હોય ? કે જેથી "તીર્થંકર ચક્રવર્તિઓ વાસુદેવો બળદેવો હલકા કુળમાં ઉત્પન્ન થાય નહિ, અને કદાચ અનંતકાળે ઉત્પન્ન થવા જેવો નહિ બનવા યોગ્ય આશ્ચર્યભૂત બનાવ બને (ઉત્પન્ન થાય) તો પણ જન્મ તો પામેજ નહિ એ અનાદિસિદ્ધ નિયમનો ભંગ થવાનો અવસર આજે મારા ક્ષેત્રમાં દેખાય છે, તેથી મારો અનાદિ સિદ્ધ આચાર-ધર્મ છે કે મારે એ

આપવાના સ્વભાવવાળો (દાતાર) હોય પરન્તુ શાસ્ત્રની વિધિથી-નો [illegible] બાંધેલો જે પ્રતિકૂળ હોય તો અમુક અમુક પ્રકારની [illegible] ઈત્યાદિ [illegible] પોતાની ઈચ્છા મુજબ દાન ન આપી શકે. તેમ જીવનો સ્વભાવ તો અનન્ત દાન લાભ ભોગ ઉપભોગ અને વીર્યશક્તિ વાળો છે. પરન્તુ આ અન્તરાય કર્મના ઉદયથી જીવના તે અનંત દાનાદિ સ્વભાવ આવિર્ભાવ-પ્રગટ થઈ શકતા નથી.

અવતરણ—[illegible] પ્રકૃતિ-[illegible] મૂળપ્રકૃતિ [illegible] ઉત્તરપ્રકૃતિ [illegible] ઉત્તરપ્રકૃતિ [illegible] છે ? તે આ ગાથામાં [illegible]

इह नाणदंसणावरणवेयमोहाउनामगोयाणि।
विग्घं च पण नव दु अट्ठवीस चउ तिसय दु पणविहं ॥३॥

[illegible]

[illegible]

[illegible]

સંસ્કૃત અનુવાદ

अत्र ज्ञानदर्शनावरणवेद्यमोहायुर्नामगोत्राणि
विघ्नं च पंचनवद्व्यष्टाविंशतिचतुस्त्रिशतद्विपंचविधं ॥२८॥

અન્વય સહિત પદચ્છેદ

इह नाण, दंसणावरण, वेय, मोह, आउ, नाम, गोयाणि
च विग्घं (कर्म) पण नव दु अट्ठवीस चउ तिसय दु पण विहं॥

શબ્દાર્થ:—

इह = અહિં
नाण = જ્ઞાનાવરણ કર્મ
दंसणावरण = દર્શનાવરણ કર્મ
वेय = વેદનીય કર્મ
मोह = મોહનીય કર્મ
आउ = આયુષ્ય કર્મ
नाम = નામ કર્મ
गोयाणि = ગોત્ર કર્મ
विग्घं = અન્તરાય કર્મ
च = અને

पण = પાંચ પ્રકારે
नव = નવ પ્રકારનું
दु = બે પ્રકારનું
अट्ठवीस = અઠ્ઠાવીસ પ્રકારનું
चउ = ચાર પ્રકારનું
तिसय = એકસો ત્રણ પ્રકારનું
दु = બે પ્રકારનું
पण = પાંચ પ્રકારનું
विहं = પ્રકારનુ

गाथार्थः—અહિં (પ્રકૃતિબન્ધમાં) જ્ઞાનાવરણીય કર્મ ૫ પ્રકારનું, દર્શનાવરણીય કર્મ ૯ પ્રકારનું, વેદનીય કર્મ ૨ પ્રકારનું, મોહનીય કર્મ ૨૮ પ્રકારનું, આયુષ્ય કર્મ ૪ પ્રકારનું, નામકર્મ ૧૦૩ પ્રકારનું, ગોત્ર કર્મ ૨ પ્રકારનું, અને અન્તરાય કર્મ ૫ પ્રકારનું છે. (એ પ્રમાણે ૮ પ્રકારનો મૂળ પ્રકૃતિબન્ધ, અને ૧૫૮ પ્રકારનો ઉત્તર પ્રકૃતિબન્ધ છે) ॥૩૮॥

विशेषार्थः—પુણ્યતત્ત્વમાં જે ૪૨ અને પાપતત્ત્વમાં ૮૨ પ્રકૃતિ મળી જે ૧૨૪ પ્રકૃતિ ગણાવી છે તેમાં તફાવત એટલોજ છે કે ત્યાં મોહનીયની ૨૬ અને નામ કર્મની ૬૭ પ્રકૃતિઓ ગણાવી છે, અને આ ગાથામાં મોહનીયની ૨૮ તથા નામકર્મની ૧૦૩ પ્રકૃતિ

ગણાય છે. માટે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વ મોહનીય એ બે અધિક ભેળવી મોહનીયની અટ્ઠ ૨૮ ગણવી, અને પૂર્વે પુણ્યતત્ત્વમાં કહેલાં ૫ શરીરમાંથી અધિક ૧૫ બંધન અને ૫ સંઘાતન ગણી ૨૦ શરીર નામમાં ગણવાં. તથા ૧૨૮ માં વર્ણચતુષ્ક બે વાર ગણાયું છે તે એક વાર ગણતાં ૧૨૦ થાય છે, પરન્તુ વર્ણચતુષ્કના ૪ ભેદને બદલે ૨૦ ઉત્તર ભેદ છે તે ગણતાં, (વર્ણચતુષ્કની ૧૬ પ્રકૃતિ અધિક ગણતાં) ૧૫ બંધન ૫ સંઘાતન અને વર્ણાદિ સંબંધિ ૧૬ અધિકપણાથી એ ૩૬ પ્રકૃતિ પુણ્યતત્ત્વમાં કહેલાં નામકર્મની ૧૦૩ પ્રકૃતિ થાય. એ સર્વ ૧૫૮ પ્રકૃતિઓનું સ્વરૂપ પુણ્યતત્ત્વ તથા પાપતત્ત્વમાં કહ્યું છે. અને જે ન કહેવાયું હોય તે બીજા ગ્રંથ થકી જાણવું.

અવતરણ:—પૂર્વે પ્રકૃતિબંધ કહ્યા બાદ હવે બીજો સ્થિતિબંધ કહેવાના પ્રસંગમાં બે ગાથાવડે આઠે કર્મોની સ્થિતિ કહે છે.

नाणे य दंसणावरणे, वेयणिए चेव अंतराए य ।
तीसं कोडाकोडी, अयराणं ठिइ य उक्कोसा ॥४०॥

संस्कृत अनुवाद.

ज्ञाने च दर्शनावरणे, वेदनीये चैवान्तराये च ।
त्रिंशत्कोटाकोट्यतराणां स्थितिश्चोत्कृष्टा ॥४०॥

अन्वय सहित पदच्छेद.

नाणे य दंसणावरणे, वेयणिए चेव य अंतराए य
उक्कोसा ठिइ तीसं कोडाकोडी अयराणं ॥४०॥

शब्दार्थ

[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]

गाथार्थः—જ્ઞાનાવરણ કર્મની, અને દર્શનાવરણ કર્મની, તથા નિશ્ચય વેદનીય કર્મની, અને અન્તરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ (અર્થાત્ એ ૪ નો ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ) ૩૦ કોડાકોડી સાગરોપમ છે. ॥ ૪૦ ॥

विशेपार्थः—સુગમ છે. પરન્તુ ૩૦ કોડાકોડી એટલે ૩૦ ક્રોડને ૧ ક્રોડે ગુણતાં જે સંખ્યા આવે તે ૩૦ કોડાકોડી કહેવાય. (અર્થાત ૩૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ સાગરોપમ તે ૩૦ કો૦ કો૦ સાગરોપમ).

અહિં જે કર્મ જેટલા કોડાકોડિ સાગરોપમનું બંધાય તે કર્મની તેટલા ૧૦૦ વર્ષ અબાધા (અનુદયઅવસ્થા) હોય છે, જેથી જ્ઞાનાવરણીયની અબાધા ૩૦૦૦ વર્ષની છે, માટે ૩૦ કો૦ કો૦ સાગરોપમ સ્થિતિબંધવાળુ જ્ઞાનાવરણીય કર્મ ૩૦૦૦ વર્ષ ગયા પછી ઉદયમાં આવે અને પ્રતિ સમયે અનુક્રમે વિશેષહીન વિશેષહીન કર્મપુદ્ગલો ઉદયમાં આવી નિર્જરતાં ૩૦ કો૦ કો૦ સા૦ કાળ પૂર્ણ થયે તે કર્મનો એક પણ અણુ જીવ સાથે વિદ્યમાન હોય નહિં. જેમ જેમ સ્થિતિબંધ ન્યૂન થાય તેમ તેમ અબાધા પણ ન્યૂન ન્યૂનતર થતાં યાવત અન્તમુહૂર્તની જઘન્ય અબાધા હોય છે. એ પ્રમાણે આયુષ્ય સિવાય શેષ સાતે કર્મની અબાધા સ્થિતિને અનુસારે હીનાધિક હોય છે, અને આયુષ્યની અબાધા અનિયમિત[1] હોય છે, કારણ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધે જઘન્ય[2] અબાધા પણ હોય અને જઘન્ય સ્થિતિબંધે ઉત્કૃષ્ટ[3] અબાધા પણ હોય.

सित्तरि कोडाकोडी, मोहणिए वीस नाम गोएसु
तित्तीसं अयराइं, आउट्ठिइबंध उक्कोसा ॥४१॥

---

૧ જઘન્ય સ્થિતિબંધે જઘન્ય અબાધા, જઘન્ય સ્થિતિબંધે ઉત્કૃષ્ટ અબાધા ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધે જઘન્ય અબાધા, અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધે ઉત્કૃષ્ટ અબાધા એમ આયુષ્યની અબાધાની ચતુર્ભંગી જાણવી.

૨-૩ જઘન્ય અબાધા અન્તમુહૂર્ત, એટલે સાધિક ૮૫ આવલિકા, અને ઉત્કૃષ્ટ અબાધા પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ (એટલે ૨૩૫૨૦૦૦૦૦, ૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ વર્ષ પ્રમાણ.)

સંસ્કૃત અનુવાદ

सप्ततिः कोटीकोट्यो मोहनीये विंशतिर्नामगोत्रयोः
त्रयस्त्रिंशदतराण्यायुः-स्थितिबंध उत्कृष्टात् ॥४१॥

અન્વય સહિત પદચ્છેદ

मोहणिए सित्तरि कोडाकोडी, नाम गोएसु वीस
आउ ठिइ बंध उक्कोसा तित्तीसं अयराइं ॥४२॥

શબ્દાર્થ—

સિત્તરિ = સિત્તેર (૭૦)	તિત્તીસ = તેત્રીસ
કોડાકોડી = કોડાકોડી	અયરાઇં = સાગરોપમ
મોહણિએ = મોહનીય કર્મનો	આઉ = આયુષ્યનો
વીસ = વીસ (૨૦ કોડાકોડી)	ઠિઇબંધ = સ્થિતિબંધ
નામ = નામકર્મનો	ઉક્કોસા = ઉત્કૃષ્ટથી
ગોએસુ = ગોત્ર કર્મનો	

ગાથાર્થ: મોહનીય કર્મનો સ્થિતિબંધ ૭૦ કોડાકોડી [illegible] નામ અને ગોત્ર કર્મનો ૨૦ કોડાકોડી [illegible] અને આયુષ્યનો સ્થિતિબંધ [illegible] ૩૩ સાગરોપમ છે ॥ ૪૨ ॥

ઉદ્દેશ ગાથા— [illegible]

[illegible]

बारस मुहुत्त जहन्ना, वेयणिए अट्ठ नाम गोएसु
सेसाणंतमुहुत्तं, एयं बंधट्ठिईमाणं ॥४३॥

[illegible]

[illegible]

અન્વય સહિત પદચ્છેદ

वेयणिए जहन्ना बारस मुहुत्त, ना गोएसु अट्ठ
सेसाण अंतमुहुत्तं एयं बंध ट्ठिई माणं ॥४२॥

શબ્દાર્થ:—

बारस = બાર (૧૨)	गोएसु = ગોત્ર કર્મની
मुहुत्त = મુહૂર્ત્ત	सेसाण = શેષ પાંચ કર્મની
जहन्ना = જઘન્ય સ્થિતિ	अंतमुहुत्तं = અન્તર્મુહૂર્ત્ત
वेयणिए = વેદનીય કર્મની	एयं = એ પ્રમાણે
अट्ठ = આઠ મુહૂર્ત્ત	बंधट्ठिई = સ્થિતિબન્ધનું
नाम = નામ કર્મની	माण = માન, પ્રમાણ છે.

ગાથાર્થ:—વેદનીય કર્મની જઘન્ય (ઓછામાં ઓછી) સ્થિતિ ૧૨ મુહૂર્ત્તની, નામકર્મ તથા ગોત્રકર્મની ૮ મુહૂર્ત્ત, અને શેષ પાંચ કર્મની જઘન્ય સ્થિતિ (બન્ધ) અન્તમુહૂર્ત્ત, એ પ્રમાણે (આઠ કર્મના) સ્થિતિબન્ધનું પ્રમાણ જાણવું ॥ ૪૨ ॥

વિશેષાર્થ:—સુગમ છે. એ પ્રમાણે પ્રકૃતિબન્ધ અને સ્થિતિબંધનું સ્વરૂપ ગાથાથી કહ્યું, પરન્તુ રસબન્ધ અને પ્રદેશ બન્ધનું સ્વરૂપ ગાથાદ્વારા કહેલું નથી માટે તે સ્વરૂપ અપૂર્ણ ન રહેવાના કારણે ૩૭ મી ગાથાના અર્થ પ્રસંગે લખ્યું છે ત્યાંથી જાણવું.

॥ બન્ધ તત્ત્વ જાણવાનો ઉદ્દેશ ॥

બન્ધતત્ત્વના ૪ ભેદનું સ્વરૂપ સમજી આત્મા વિચાર કરે કે—આ ચાર પ્રકારના કર્મબન્ધથીજ હું અનાદિ કાળથી આ સંસારમાં રખડયો છું, નટની પેઠે અનેક રૂપ ધારણ કર્યાં છે. અનેક મહાન કષ્ટ સહન કર્યાં છે, અને હજી પણ જો આ કર્મબન્ધનો ત્યાગ નહિં કરૂં તો ભવિષ્યમાં પણ મારી એજ દશા કાયમ છે. હું મ્હારા આત્મસ્વરૂપથી ભ્રષ્ટ થયો છું અને થઈશ. એ ચાર પ્રકારનો કર્મ બન્ધજ સર્વ દુઃખનું મૂળ છે. વળી કર્મનો પ્રકૃતિબન્ધ તો મ્હારા અનન્ત જ્ઞાનાદિ ગુણોને આવૃત્ત કરનારો છે, અને મ્હારે તો અનન્ત

જ્ઞાનાદિ ગુણો પ્રગટ કરવાના છે. કર્મનો સ્થિતિબંધ વધુમાં વધુ ૭૦ કોડાકોડિ સાગરોપમ છે, અને આત્માની સ્થિતિ તો અક્ષયસ્થિતિ છે. કર્મનો રસબંધ તો શુભાશુભ તથા ઘાતિ અઘાતિ છે, અને આત્માનો રસ તો અખંડ સિદ્ધાનંદમય વિશુદ્ધ સ્વરૂપવાળો છે, કર્મનો પ્રદેશબંધ તો અનન્ત પ્રદેશી અને જડ સ્વરૂપ છે, પરન્તુ હું તો અસંખ્ય પ્રદેશી અને ચૈતન્યસ્વરૂપ છું. એ પ્રમાણે બંધતત્ત્વનું સ્વરૂપ અને જડનું સ્વરૂપ સર્વથા ભિન્ન હોવાથી આત્માને અને કર્મનો સંબંધ ન ઘટે ઇત્યાદિ વિચાર કરી કર્મબંધ તોડવાનો ઉપાય કરે, અને આત્માનો અનન્ત ધર્મ પ્રગટ કરવા સન્મુખ થાય. વળી ધન કુટુંબ પરિવાર શરીર આદિ કર્મનાં [illegible] નિમિત્ત તથા [illegible] આયુ [illegible] આદિ [illegible] અનન્તાનંત નિમિત્ત છે [illegible] [illegible] નિમિત્ત તથા [illegible] આદિ ઉપયોગ [illegible] ઉપયોગ [illegible] [illegible] અને પાપ આદિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આત્માની [illegible] (૧૯ [illegible]) આત્માનો [illegible] ધર્મ [illegible] કરી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ॥ ઇતિ ૮ બન્ધતત્ત્વમ્ ॥



॥ अथ ९ नुं मोक्ष तत्त्वम् ॥

[illegible]

[illegible]

[illegible]

અન્વય સહિત પદચ્છેદ.

संत पय परूवणया, दव्व पमाणं च खित्त य फुसणा
कालो अ अंतरं भाग भाव अप्पा बहुं च एव ॥४३॥

શબ્દાર્થ

संतपय = સત્પદ (વિદ્યમાન પદની	कालो = કાલદ્વાર
परूवणया = પ્રરૂપણા દ્વાર	अतरं = અન્તરદ્વાર
दव्वपमाणं = દ્રવ્યપ્રમાણ દ્વાર (સંખ્યા દ્વાર)	भागो = ભાગદ્વાર
च = વળી, અને	भाव = ભાવદ્વાર
खित्त = ક્ષેત્રદ્વાર	अप्पाबहु અલ્પબહુત્વ દ્વાર
फुसणा = સ્પર્શના દ્વાર	चेव = નિશ્ચય

गाथार्थः—સત્પદ પ્રરૂપણા-દ્રવ્ય પ્રમાણ-ક્ષેત્ર-સ્પર્શના-કાળ-અન્તર-ભાગ-ભાવ-અને નિશ્ચય અલ્પબહુત્વ (એ ૯ અનુયોગ-દ્વાર વડે મોક્ષનું સ્વરૂપ વિશેષતઃ સમજી શકાય છે.) ॥૪૩॥

विशेपार्थः—१-મોક્ષ અથવા સિદ્ધ સત્ (એટલે વિદ્યમાન) છે કે નહિ તે સંબંધિ પ્રરૂપણા-પ્રતિપાદન કરવું તે સત્પદ પ્રરૂપણા. અને જો છે તો ગતિઆદિ ૧૪ માર્ગણામાંની કઇ કઇ માર્ગણામાં તે મોક્ષપદ છે તે સંબંધિ પ્રરૂપણા કરવી તે પણ सत्पद प्ररुपणा દ્વાર કહેવાય, એ પ્રમાણે આ પ્હેલું સત્પદ દ્વાર બે રીતે કહેવાશે.

૨—સિદ્ધના જીવો કેટલા છે તે સંબંધિ વિચાર કરવો તે द्रव्य प्रमाण द्वार, એટલે સંખ્યાદ્વાર જાણવું.

૩—સિદ્ધના જીવો કેટલા ક્ષેત્રમાં અવગાહ્યા છે (રહ્યા છે) તેનો વિચાર કરવો તે क्षेत्र द्वार.

૪—સિદ્ધના જીવ કેટલા આકાશપ્રદેશને તથા સિદ્ધને સ્પર્શ છે? એટલે ક્ષેત્રથી અને परस्पर એમ ૨ પ્રકારે કેટલી સ્પર્શના છે તેનો વિચાર કરવો તે ૨ પ્રકારનું स्पर्शना द्वार છે,

૫—સિદ્ધપણું કેટલા કાળ સુધી રહે તેનો વિચાર કરવો તે काळद्वार.

૬—સિદ્ધને અંતર (આંતરૂં) છે કે નહિ અર્થાત્ સિદ્ધ કોઇ વખતે સંસારી થઇ પુનઃ સિદ્ધ થાય એમ બને કે નહિ તે સંબંધિ વિચાર

હોય તે [illegible] તથા પરસ્પર અંતર છે કે નહિ તે [illegible] એમ બે પ્રકારનું અંતરદ્વાર છે.

૭–સિદ્ધના જીવો [illegible] કેટલામા ભાગે છે. એમ વિચારવું તે ભાગદ્વાર.

૮–ઔપશમિક આદિ ૫ ભાવમાં સિદ્ધ ક્યા ભાવે [illegible] એમ વિચારવું તે ભાવદ્વાર.

૯–સિદ્ધના ૧૫ ભેદમાંથી ક્યા ભેદવાળા સિદ્ધ એક બીજાથી કેટલા ઓછા વધારે છે તે સંબંધિ વિચાર કરવો તે અલ્પબહુત્વદ્વાર.

એ ૯ [illegible] અનુયોગ [illegible] વિચારી શકાય છે. [illegible] એ ૯ અનુયોગ વિચારવાના છે.

અવતરણ:—[illegible]

[illegible]

[illegible]

[illegible]

શબ્દાર્થઃ

संतं = સત્–છતું
सुद्ध = શુદ્ધ–એક
पयत्ता = પદપણું (પદરૂપ) હોવાથી
विज्जंतं = વિદ્યમાન છે
ख = આકાશના
कुसुमव्व = પુષ્પની પેઠે
न = નથી
असंतं = અવિદ્યમાન, અછતું, અસત્.
मुक्ख = મોક્ષ
त्ति = ઇતિ–એ
पयं = પદ; શુદ્ધ પદ છે.
तस्स = તે મોક્ષપદની (મોક્ષતત્ત્વની)
उ = વળી
परूवणा = પ્રરૂપણા
मग्गणाईहिं = ૧૪ માર્ગણાદિવડે (કરાય છે)

ગાથાર્થઃ—"મોક્ષ" એ પદ એક પદ હોવાથી સત્ એટલે વિદ્યમાન છે, (પરન્તુ) આકાશના પુષ્પની પેઠે અવિદ્યમાન નથી, અને તેથી તે મોક્ષપદની પ્રરૂપણા (સત્પદ પ્રરૂપણા) ચૌદ માર્ગણા (વિગેરે) દ્વારમાં કરાય છે ॥ ૪૪ ॥

વિશેષાર્થઃ—હવે આ ગાથામાં મોક્ષતત્ત્વનું પ્રથમ સત્પદ પ્રરૂપણા દ્વાર કહેવાય છે, ત્યાં ઘટ–પટ–આકાશ–પુષ્પ–ગાય–શૃંગ–વંધ્યા–પુત્ર ઇત્યાદિ એકેક પદવાળા (શબ્દવાળા) પદાર્થ જગતમાં અવશ્ય સત્ (વિદ્યમાન) હોય છે, અને બે પદવાળા પદાર્થો જગતમાં સત્ અને અસત્ પણ હોય. જેમ ગોશૃંગ (ગાયનાં શિંગડાં), રાજપુત્ર ઇત્યાદિ બે પદવાળા પદાર્થ સત્ છે, અને વંધ્યા-પુત્ર (વાંઝણીનો પુત્ર), આકાશ પુષ્પ (આકાશનું ફુલ) ઇત્યાદિ બે પદવાળા પદાર્થો અસત્ પણ છે, માટે સિદ્ધ અથવા મોક્ષ એ શુદ્ધપદ–એકપદ રૂપ હોવાથી અવશ્ય વિદ્યમાન છે, એમ સાબીત કરીને હવે તે મોક્ષપદ કઇ કઇ માર્ગણામાં હોય તે આગળની ગાથાથી કહેવાય છે. ગાથામાં કહેલા (मग्गणाईहिं પદ-માંના) "આદિ" શબ્દથી દ્રવ્યપ્રમાણ ઇત્યાદિ દ્વારોમાં પણ મોક્ષની સત્પદ પ્રરૂપણા જાણવી.

પ્રશ્ન—અહિં ડિત્થ કત્થ ઈત્યાદિ કલ્પિત એકેક પદવાળા પણ પદાર્થ નથી તેમ એક પદવાળું મોક્ષ પણ નથી, એમ માનવામાં શું વિરુદ્ધ છે?

ઉત્તર—જે શબ્દનો અર્થ કે વ્યુત્પત્તિ થઈ શકે તે પદ કહેવાય પણ અર્થશૂન્ય શબ્દને પદ કહેવાય નહિ. અને સિદ્ધ અથવા મોક્ષ એ શબ્દનો અર્થ અને વ્યુત્પત્તિ યુક્ત છે માટે પદ કહેવાય છે, પરન્તુ ડિત્થ ડવિત્થ ઇત્યાદિ શબ્દો અર્થ શૂન્ય છે તેથી પદ ન કહેવાય, માટે પદવાળી વસ્તુ પણ નથી, પરન્તુ સિદ્ધ મોક્ષ એ તો પદ છે, અને તેથી તે વસ્તુ પણ છે.

અવતરણ:—૪૩ મી ગાથાના અર્થમાં જે ૯ રીતિ [illegible] કહ્યું તેમાંની પહેલી રીતિ સત્પદ પ્રરૂપણા [illegible] [illegible] ૧૪ માર્ગણામાં સત્પદ પ્રરૂપણા કહેવાને પ્રથમ ૧૪ માર્ગણા આ ગાથામાં દર્શાવે છે—

गइ इंदिए य काए, जोए वेए कसाय नाणे य ।
संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ॥४५॥

સંસ્કૃત અનુવાદ

गतिरिन्द्रियं च कायः, योगो वेदः कषायो ज्ञानं च ।
संयमो दर्शनं लेश्या, भव्यः सम्यक्त्वं संज्ञी आहारः ॥४५॥

અન્વય સહિત પદચ્છેદ

[illegible]

૨–અને આહાર ૨. એ પ્રમાણે ૧૪ મૂળ માર્ગણાના ૬૨ ઉત્તર ભેદ તે પણ ૬૨ માર્ગણા કહેવાય. ॥ ૪૫ ॥

विशेपार्थः—માર્ગણા એટલે શોધન, અર્થાત્ જે દ્વારાએ જીવાજીવ પદાર્થનું શોધન થાય એટલે વિશેષ બોધ થાય તે દ્વારને मार्गणा કહેવામાં આવે છે. સિદ્ધાન્તોમાં અનેક પદાર્થો સમજવા માટે આજ ૧૪ માર્ગણાઓ સ્થાને સ્થાને દર્શાવી છે, માટે મુખ્યત્વે ગતિ આદિ ૧૪ ભેદ मार्गणा કહેવાય છે. તેના ઉત્તર ભેદ આ પ્રમાણે—

(१) गति ४	(२) इन्द्रिय ५	(३) काय ६
૧ દેવગતિ	૧ એકેન્દ્રિય જાતિ	૧ પૃથ્વીકાય
૨ મનુષ્ય ગતિ	૨ દ્વીન્દ્રિય જાતિ	૨ અપ્કાય
૩ તિર્યંચ ગતિ	૩ ત્રીન્દ્રિય જાતિ	૩ તેઉકાય
૪ નરક ગતિ	૪ ચતુરિન્દ્રિય જાતિ	૪ વાયુકાય
	૫ પંચેન્દ્રિય જાતિ	૫ વનસ્પતિકાય
		૬ ત્રસકાય

(४) योग ३	(५) वेद ३	(६) कषाय ४
૧ મનયોગ	૧ સ્ત્રી વેદ	૧ ક્રોધ
૨ વચનયોગ	૨ પુરુષવેદ	૨ માન
૩ કાયયોગ	૩ નપુંસકવેદ	૩ માયા
		૪ લોભ

(७) ज्ञान ८	(८) संयम ७	(९) दर्शन ४
૧ મતિજ્ઞાન	૧ સામાયિક ચારિત્ર	૧ ચક્ષુ દર્શન
૨ શ્રુતજ્ઞાન	૨ છેદોપસ્થાપન ચા૦	૨ અચક્ષુદર્શન
૩ અવધિ જ્ઞાન	૩ પરિહારવિશુદ્ધિ ચા૦	૩ અવધિદર્શન
૪ મનઃપર્યવજ્ઞાન	૪ સૂક્ષ્મસંપરાય ચા૦	૪ કેવલદર્શન
૫ કેવળજ્ઞાન	૫ યથાખ્યાત ચા૦	
૬ મતિઅજ્ઞાન	૬ દેશવિરતિ ચા૦	
૭ શ્રુતઅજ્ઞાન	૭ અવિરતિ ચા૦	
૮ વિભંગ જ્ઞાન		

(૧૦) લેશ્યા ૬	(૧૧) ભવ્ય ૨	(૧૨) સમ્યક્ત્વ ૬
૧ કૃષ્ણલેશ્યા	૧ ભવ્ય	૧ ઉપશમ
૨ નીલલેશ્યા	૨ અભવ્ય	૨ ક્ષયોપશમ
૩ કાપોતલેશ્યા		૩ ક્ષાયિક
૪ તેજો લેશ્યા		૪ મિશ્ર
૫ પદ્મલેશ્યા		૫ સાસ્વાદન
૬ શુક્લલેશ્યા		૬ મિથ્યાત્વ

(૧૩) સંજ્ઞી ૨	(૧૪) આહાર ૨
૧ સંજ્ઞી	૧ આહારક
૨ અસંજ્ઞી	૨ અનાહારક

[illegible]

॥ ૧૮ [illegible] ॥

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અગ્નિપણે ઉપજવું તે તેઉકાય એ પ્રમાણે વાયુકાય તથા વનસ્પતિ કાય. અને હાલતા ચાલતા જીવપણે (દ્વીન્દ્રિયાદિપણે) ઉપજવું તે ત્રસકાય.

॥ (૪) યોગ માર્ગણા ૩ ॥

ચિન્તવન કરવુ તે મનોયોગ, વચનોચ્ચાર તે વચનયોગ, અને કાયાથી હાલવુ ચાલવું ઇત્યાદિ તે કાયયોગ કહેવાય.

॥ (૫) વેદ માર્ગણા ૩ ॥

પુરૂષ સંગનો અભિલાષ તે સ્ત્રીવેદ, સ્ત્રીસંગનો અભિલાષ તે પુરુષવેદ અને સ્ત્રી તથા પુરૂષ એ બન્નેના સંગનો અભિલાષ તે નપુંસકવેદ.

॥ (૬) કષાય માર્ગણા ૪ ॥

ખેદ ઈર્ષ્યા ગુસ્સો તે ક્રોધ, ગર્વ કરવો તે માન, છળ કપટ કરવું તે માયા, અને ઇચ્છા તૃષ્ણા તે લોભ.

॥ (૭) જ્ઞાન માર્ગણા ૮ ॥

મન અને ઇન્દ્રિયોના સંયોગથી જે જ્ઞાન (અર્થ સંજ્ઞા રહિત હોય તોપણ) યથાર્થ હોય તે મતિજ્ઞાન. તથા મન અને ઇન્દ્રિયોના સંયોગથી શ્રુતને અનુસારે (શાસ્ત્રાનુસારી) અર્થની સંજ્ઞાવાળુ જે યથાર્થ જ્ઞાન થાય તે, અથવા આચારાંગ આદિ શાસ્ત્રોનું યથાર્થ જ્ઞાન થાય તે ૨ શ્રુતજ્ઞાન. અમુક હદ સુધીનું રૂપી પદાર્થનું (પુદ્ગલ દ્રવ્યનુ) જે જ્ઞાન ઇન્દ્રિય અને મનના સંયોગવિના આત્મ સાક્ષાત્-પ્રત્યક્ષ થાય તે ૩ અવધિજ્ઞાન, ૨॥ દ્વીપમાં રહેલા સંજ્ઞિ પંચેન્દ્રિય પ્રાણિઓના મનોગત વિચાર જાણી શકાય તેવું જ્ઞાન તે ૪ મનઃપર્યવજ્ઞાન છે. આ મનઃપર્યવ જ્ઞાનમાં પણ આત્માને ઇન્દ્રિય તથા મનની જરૂર હોતી નથી માટે એ પણ આત્મસાક્ષાત જ્ઞાન છે. તથા સર્વ પદાર્થનું સંપૂર્ણ જ્ઞાન તે ૫ કેવળજ્ઞાન, આ જ્ઞાન પણ મન અને ઇન્દ્રિયો વિના આત્મસાક્ષાત્ થાય છે.

એ ૫ પ્રકારનાં જ્ઞાન છે, અને ૩ પ્રકારનાં અજ્ઞાન તે પણ

જ્ઞાનના ભેદમાં ગણાય છે, તેથી ૮ જ્ઞાન કહેવાય છે. અજ્ઞાનમાં અ એટલે ઊલટું વિપરીત અથવા ઉલટા કલ્પનનું જ્ઞાન તે અજ્ઞાન કહેવાય, પરન્તુ (અ એટલે અભાવ એવા અર્થથી) જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન એમ નહિ. આ જ્ઞાન મિથ્યાત્વ સહિત હોવાથી અજ્ઞાન કહેવાય છે, માટે મિથ્યાદૃષ્ટિઓનું જ્ઞાન તે અજ્ઞાન અને સમ્યગ્દૃષ્ટિઓનું જ્ઞાન તે જ્ઞાન કહેવાય.

પ્રશ્ન—મિથ્યાદૃષ્ટિઓ પણ ઘટને ઘટ અને પટને પટ ઈત્યાદિ વસ્તુના સત્તા (વિદ્યમાન) ધર્મ કહે છે. પરન્તુ ઘટને પટ તથા પટને ઘટ એમ વિપરીત અભાવના અર્થ કહેતા પણ નથી. તેમજ સમ્યગ્દૃષ્ટિઓ પણ ઘટને ઘટ તથા પટને પટ ઈત્યાદિ કહે છે—તો પછી એકને જ્ઞાન કહેવું અને બીજાને અજ્ઞાન કહેવું એ પક્ષપાત કેમ?

ઉત્તર—હે ભવ્ય! એમાં પક્ષપાત નથી. કારણ કે મિથ્યાદૃષ્ટિઓ જે ઘટને ઘટ કહે છે તે ઘટમાં રહેલા અનન્ત ધર્મોના [illegible]

અને અયથાર્થ હોય તે ૧ मति अज्ञान, મન અને ઇન્દ્રિયોના સંયોગથી જે જ્ઞાન અર્થસંજ્ઞાવાળું પરન્તુ અયથાર્થ હોય તે. અથવા લૌકિક શાસ્ત્રોનું એટલે ભારત રામાયણ ઇત્યાદિનું જ્ઞાન કે જે તે દર્શનની માન્યતાને અનુસરતું હોય તે પણ श्रुत अज्ञान કહેવાય. (અહિં એમ સમજવું કે ભારત રામાયણ ઇત્યાદિનો સમ્યગ્દૃષ્ટિએ નય નિક્ષેપ સહિત સમજેલો અર્થ શ્રુતજ્ઞાન રૂપે જાણવો, અને મિથ્યાદૃષ્ટિઓએ આચારાંગાદિકનો અર્થ નય નિક્ષેપના અનુસરણ વિના સમજેલો હોય છે. તેથી તે લોકોત્તર શાસ્ત્રનો અર્થ પણ શ્રુતઅજ્ઞાન રૂપ જાણવો). તથા वि એટલે વિપરીત भंग એટલે પ્રકારવાળું જે અવધિ જ્ઞાન તે ૩ विभंगज्ञान છે. મિથ્યાદૃષ્ટિને મનઃપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાન ન હોય તેથી અહિં અજ્ઞાન ત્રણ કહ્યાં છે.

(૮) સંયમ માર્ગણા ૭ ॥

સંવરતત્ત્વના પાંચ ચારિત્રના અર્થમાં કહેલી છે ત્યાંથી જાણવી.

(૯) દર્શન માર્ગણા ૪ ॥

દર્શન એટલે સામાન્ય ઉપયોગ, અથવા નિરાકાર ઉપયોગ ઇત્યાદિ અર્થ જીવના લક્ષણવાળી ૫ મી ગાથાના અર્થમાં વિશેષ સ્પષ્ટ કહ્યો છે, અને ૪ ભેદ આ પ્રમાણે—ચક્ષુથી થતો જે સામાન્ય બોધ તે ૧ चक्षुदर्शन, ચક્ષુ સિવાયની ૪ ઇન્દ્રિયો અને મન એ ૫ થી થતો જે સામાન્ય બોધ તે ૨ अचक्षुदर्शन, ૩ અવધિજ્ઞાનીને રૂપી પદાર્થ દેખવામાં જે સામાન્ય બોધ તે अवधि दर्शन, અને કેવળજ્ઞાનીને સર્વ પદાર્થના સર્વ ભાવ દેખવામાં વર્તતો જે સામાન્ય ઉપયોગ તે ૪ केवलदर्शन. અહિં સામાન્ય ઉપયોગ તે दर्शन અને વિશેષ ઉપયોગ તે ज्ञान એમ ઉપયોગ ગુણનાજ એ બે વિશેષ ભેદ જાણવા.

॥ (૧૦) લેશ્યા માર્ગણા ૬ ॥

આત્મા જેના વડે કર્મ સાથે क्लिश्यते=લેપાય, એટલે સંબંધવાળો થાય તે લેશ્યા કહેવાય, તે દ્રવ્યથી અને ભાવથી એમ ૨ પ્રકારની છે. ત્યાં લેશ્યા પોતે પુદ્ગલ સ્વરૂપ છે, માટે લેશ્યાના તે પુદ્ગલો

દ્રવ્યલેશ્યા કહેવાય. અને તે પુદ્ગલોના અવલંબનથી (ઉપકારથી) આત્માનો જે શુભ અથવા અશુભ પરિણામ થાય તે પરિણામ ભાવલેશ્યા છે. અહિં લેશ્યા પુદ્ગલસ્વરૂપ હોવાથી શુભ વર્ણ શુભ ગંધ શુભ રસ અને શુભ સ્પર્શવાળી હોય તે શુભલેશ્યા અને અશુભવર્ણાદિ યુક્ત હોય તે અશુભલેશ્યા છે.

તથા પુદ્ગલસ્વરૂપ દ્રવ્યલેશ્યા જો કે વર્ણ ગંધ રસ અને સ્પર્શ એ ચારે ગુણ યુક્ત છે તો પણ શાસ્ત્રમાં વર્ણની મુખ્યતાએ વર્ણ ઉપરથી લેશ્યાના પણ ૬ ભેદ કહ્યા છે તે આ પ્રમાણે—કૃષ્ણવર્ણ યુક્ત પુદ્ગલમય ૧ કૃષ્ણલેશ્યા. નીલ (લીલા) વર્ણના પુદ્ગલવાળી ૨ નીલલેશ્યા, લીલો અને લાલ એ બે વર્ણની મિશ્રતાવાળી અથવા કબુતરના કંઠના વર્ણવાળી ૩ કાપોતલેશ્યા. લાલ વર્ણયુક્ત પુદ્ગલવાળી ૪ તેજોલેશ્યા. પીળા વર્ણવાળી ૫ પદ્મલેશ્યા અને શ્વેત વર્ણવાળી ૬ શુક્લલેશ્યા. એ ૬ લેશ્યાઓમાંની પહેલી ૩ અશુભ પરિણામવાળી હોવાથી અશુભ અને છેલ્લી ૩ શુભ પરિણામવાળી હોવાથી શુભ લેશ્યા છે. તથા અનુક્રમે એ લેશ્યાઓ અધિક અધિક વિશુદ્ધ પરિણામવાળી છે. એ ૬ લેશ્યાઓના ૬ [illegible] અને અન્ય [illegible] ૬ [illegible] છે તે આ પ્રમાણે—

[illegible]

કવી એજ આપણો ઉદ્દેશ છે તો આ નીચે ભૂમિ ઉપર સ્વતઃ ખરી પડેલાં જાંબૂજ વીણીને ખાઇએ કે જેથી વૃક્ષછેદનનું પાપ કરવાની જરૂર પણ ન રહે (એ શુક્લલેશ્યાનો પરિણામ જાણવો). એ પ્રમાણે અનુક્રમે વિશુદ્ધ વિશુદ્ધ લેશ્યા-પરિણામએ દૃષ્ટાન્તને અનુસારે વિચારવા.

(૧૧) ભવ્ય માર્ગણા ૨ ॥

જગતમાં કેટલાક જીવો દેવ ગુરૂ ધર્મની સામગ્રી મળ્યે કર્મ રહિત થઇ મોક્ષપદ પામી શકે એવી યોગ્યતાવાળા છે તે સર્વે ભવ્ય કહેવાય, અને કેટલાક મગમાં ગાંગડુ જેટલા અને જેવા અલ્પ જીવો એવા પણ છે કે જેઓ દેવ ગુરૂ ધર્મની સંપૂર્ણ સામગ્રી મળવા છતાં પણ કર્મ રહિત થઇ મોક્ષપદ પામી શકે નહિ, તેવા સર્વે જીવો [1]અભવ્ય કહેવાય. એ ભવ્યત્વ તથા અભવ્યત્વ જીવનો અનાદિ સ્વભાવ છે; પરન્તુ સામગ્રીના બળથી નવો સ્વભાવ ઉત્પન્ન થતો નથી. તથા અભવ્ય જીવો તો આટામાં લૂણ જેટલા અલ્પજ છે, અને ભવ્ય જીવો તેથી અનન્ત ગુણ છે. પુનઃ ભવ્ય જીવોમાં પણ ઘણા એવા જીવ છે કે જેઓ કોઇ કાળે ત્રસપણું પામવાનાજ નથી પરન્તુ સૂક્ષ્મ એકેન્દ્રિયમાંજ અનાદિ અનન્તકાળ સુધી જન્મ મરણ કર્યા કરશે.

---

૧ અભવ્ય જીવો મોક્ષપદ નથી પામતા એટલુંજ નહિ, પરન્તુ નીચે લખેલા ભાવો પણ નથી પામતા.

ઇન્દ્રપણું, અનુત્તર દેવપણું, ચક્રવર્તિપણું, વાસુદેવપણું, પ્રતિવાસુદેવપણું, બળદેવપણું, નારદપણું, કેવલિ હસ્તે દીક્ષા, ગણધર હસ્તે દીક્ષા, સંવત્સરી દાન, શાસન અધિષ્ઠાયક દેવ દેવીપણું, લોકાન્તિક દેવપણું, દેવોનું અધિપતિપણું, ત્રાયસ્ત્રિંશત્ દેવપણું પરમાધામીપણું, યુગલિક મનુષ્યપણું, પૂર્વધર લબ્ધિ, આહારક લબ્ધિ, પુલાક લબ્ધિ, સંભિન્નશ્રોત લબ્ધિ, ચારણ લબ્ધિ, મધુસર્પિ લબ્ધિ, ક્ષીરાશ્રવ લબ્ધિ, અક્ષીણમહાનસી લબ્ધિ, જિનેન્દ્ર પ્રતિમાને ઉપયોગી પૃથ્વીકાયાદિપણું, ચક્રવર્તિના ૧૪ રત્નપણું, સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્ર, શુક્લપક્ષીપણું, જિનેન્દ્રના માતપિતાપણું, યુગપ્રધાનપણું, ઇત્યાદિ ઉત્તમ ભાવ પણ (અભવ્ય જીવો) પામતા નથી. (ઇતિ અભવ્યકુલકે)

કોઈ મોક્ષપદ પામવાના નથી પરન્તુ સ્વભાવે (ભવ્યતા વડે) તો તેઓ ભવ્ય જ છે. કહ્યું છે કે—

अत्थि अणंता जीवा, जेहिं न पत्तो तसाइ परिणामो
उववज्जंति चयंति अ, पुणोवि तत्थेव तत्थेव ॥ १ ॥

અર્થ—એવા અનન્તાનન્ત જીવો છે કે જેઓએ ત્રસાદિ (બેઇન્દ્રિયાદિ) પરિણામ પ્રાપ્ત નથી કર્યો. અને પુન: પુન: (વારંવાર) ત્યાંને ત્યાં જ (સૂક્ષ્મ એકેન્દ્રિયપણામાં જ) જન્મે છે અને મરણ પામે છે. ॥ ૧ ॥

॥ (૧૦) સમ્યક્ત્વ માર્ગણા ૬ ॥

૬ [illegible] તથા ૧ મિથ્યાત્વમોહનીય, ૧ મિશ્રમોહનીય, અને ૧ સમ્યક્ત્વ મોહનીય એ ત્રણ મોહનીયની ૩ પ્રકૃતિના [illegible]

[illegible]

[illegible]

રહે છે. આ સમ્યક્ત્વથી જીવને વસ્તુસ્વરૂપમાં સૂક્ષ્મ પણ શ
મોહ ઉપજતો નથી.

તથા જીવને વીતરાગવચન ઉપર પ્રતીતિ નહિ તેમ અપ્રતી
પણ નહિ એવા વિચિત્ર સ્વભાવવાળું ૪ મિશ્રસમ્યક્ત્વ છે, એ
ભાવ (પરિણામ) અન્તર્મુહૂર્ત કાળ સુધી રહી તરત વિનાશ પામે

તથા પ્હેલા ભેદવાળા ઉપશમ સમ્યક્ત્વનો જે અન્તર્મુ૦ કા
કહ્યો છે તે કાળ જ્યારે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવ
લિકા જેટલો બાકી રહે ત્યારે જીવને કદાચ અનંતાનુબંધિનો ઉદ
થઇ જાય તો તે વખતે અનંતાનુબંધિ કષાયના ઉદયવાળું
ઉપશમ સમ્યક્ત્વ ૫ સાસ્વાદન સમ્યક્ત્વના નામથી ઓળખાય છે
અને તે ઉત્કૃષ્ટથી ૬ આવલિકાબાદ વિનાશ પામે છે, અને ત્યારબા
અવશ્ય મિથ્યાત્વ પામે છે. પર્વત ઉપરથી પડતો મનુષ્ય જ્યાં સુધી
ભૂમિ ઉપર નથી પડયો ત્યાં સુધી પડતી અવસ્થાવાળો ગણાય છે તેમ ઉ
પશમ સમ્યક્ત્વ રૂપી પર્વતના શિખર ઉપરથી પડતો પ્રાણી મિથ્યાત્વરૂપ
ભૂમિને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પતિત-પડતી અવસ્થાવાળું સાસ્વાદન
સમ્યક્ત્વ કહેવાય છે, અને મિથ્યાત્વભૂમિએ પહોંચ્યા બાદ મિથ્યા
દૃષ્ટિ ગણાય છે. અથવા ક્ષીરના વમનથી મનુષ્યને જેમ ક્ષીરનો
કંઇક આસ્વાદ આવે છે, તેમ સમ્યક્ત્વ રૂપી ક્ષીરનું વમન થતાં
સમ્યક્ત્વનો પણ કંઇક અલ્પ પરિણામ ગણાય છે તેથી (સ-સહિત
આસ્વાદ=સમ્યક્ત્વ રૂપી ક્ષીરનો સ્વાદ એ અર્થ પ્રમાણે) સાસ્વાદન
સમ્યક્ત્વ કહેવાય છે.

તથા પૂર્વોક્ત સાતે કર્મના ઉદયવાળા જીવને અથવા મુખ્યત્વે
મિથ્યાત્વ મોહનીયના ઉદયથી ૬ મિથ્યાત્વ ગણાય છે, કે જેથ
વીતરાગવચનમાં પ્રતીતિ થતી નથી, ધર્મને અધર્મ તથા અધર્મને ધર્મ
મનાય છે, વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાતું નથી, અને યમ નિયમ
તપજપ ઇત્યાદિ અનેક ધર્મક્રિયાઓનું વાસ્તવિક શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત
થતું નથી. આ મિથ્યાત્વ છે તો પણ સમ્યક્ત્વ માર્ગણામાં ગણવાનું
કારણ સર્વ સંસારી જીવોનો ૬ ભેદમાં સમાવેશ કરવાને અર્થે પૂર્વે કહેલા
અવિરતિ ચારિત્રવત્ છે, અથવા મિથ્યાદૃષ્ટિ જીવોને પણ દેવ
ગુરૂ ધર્મની પોતપોતાના દર્શન પ્રમાણે શ્રદ્ધા હોવાથી મિથ્યા
સમ્યક્ત્વ (=મિથ્યા શ્રદ્ધા) કહી શકાય.

॥ (૧૩) સંજ્ઞિ માર્ગણા ૨ ॥

મન: પર્યાપ્તિથી અથવા દીર્ઘકાલિકી સંજ્ઞાથી વિશિષ્ટ મનોવિજ્ઞાન પામ્યા હોય તે સંજ્ઞિ, અને વિશિષ્ટ મનોવિજ્ઞાન રહિત તે અસંજ્ઞિ.

॥ (૧૪) આહારી માર્ગણા ૨ ॥

[illegible] શરીરને લાયક 'ઓજ આહાર' 'લોમ' આહાર અને 'કવલાહાર' એ ત્રણ પ્રકારમાંના યથાસંભવ આહારવાળા તે ૧ આહારી અને એ ત્રણે આહાર રહિત તે અણાહારી.

અવતરણ—માર્ગણામાં [illegible] ૧૪ માર્ગણા [illegible] આ ગાથામાં [illegible].

नरगइ पणिंदि तस भव, सन्नि अहक्खाय खइअसम्मत्ते ।
मुक्खो ऽणाहार केवल–दंसणनाणे न सेसेसु ॥४९॥

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

શબ્દાર્થઃ—

नरगइ=મનુષ્ય ગતિ
पणिंदि = પંચેન્દ્રિય જાતિ
तस = ત્રસકાય
भव = ભવ્ય
सन्नि = સંજ્ઞિ
अहक्खाय = યથાખ્યાત ચારિત્ર
खइअसम्मत्ते = ક્ષાયિક સમ્યક્ત્વમાં
मुक्खो = મોક્ષ છે
अणाहार = અનાહાર
केवलदंसण = કેવળદર્શન
नाणे = કેવળજ્ઞાનમાં
न = મોક્ષ નથી
सेसेसु = શેષ માર્ગણાઓમાં

ગાથાર્થઃ—મનુષ્યગતિ માર્ગણા, પંચેન્દ્રિય જાતિ માર્ગણા, ત્રસકાય માર્ગણા, ભવ્ય માર્ગણા, સંજ્ઞિ માર્ગણા, યથાખ્યાત ચારિત્ર માર્ગણા, ક્ષાયિક સમ્યક્ત્વ માર્ગણા, અનાહાર માર્ગણા, કેવળ દર્શન માર્ગણા, અને કેવળજ્ઞાન માર્ગણા એ ૧૦ માર્ગણાઓમા મોક્ષ છે, અને શેષ (૪મૂળ માર્ગણા તથા પર ઉત્તર) માર્ગણામાં મોક્ષ નથી ॥૪૬॥

વિશેષાર્થઃ—ગતિ માર્ગણા ચાર છે તેમાંથી મનુષ્યગતિ માર્ગણામાં મોક્ષ છે, પરન્તુ શેષ ૩ ગતિમાં મોક્ષ નથી. પાંચ ઇન્દ્રિય માર્ગણામાંથી પંચેન્દ્રિયજાતિ માર્ગણામાં મોક્ષ છે, શેષ ચાર જાતિમાં મોક્ષ નથી. ૬ કાયને વિષે ત્રસકાયમાં મોક્ષ છે શેષ ૫ કાયમાં નથી. બે ભવ્યમાર્ગણામાંથી ભવ્યને મોક્ષ છે, પરન્તુ અભવ્યને નથી. સંજ્ઞિની ૨ માર્ગણામાંથી સંજ્ઞિ જીવોને મોક્ષ છે, પરન્તુ અસંજ્ઞિઓને મોક્ષ નથી. એ પ્રમાણે શેષ ૫ માર્ગણાઓમાં પણ વિચારવું જેથી મોક્ષપદ ૧૦ માર્ગણામાં સત્-વિદ્યમાન છે.

તથા એ ૧૦ થી* શેષ રહેલી કષાય-વેદ-યોગ-અને લેશ્યા એ ચાર માર્ગણામાં મોક્ષ હોય નહિ, કારણ કે અકષાયી, અવેદી, અયોગી, અને અલેશી અવસ્થાવાળા જીવનેજ મોક્ષ હોય છે.

અહિં સાર એ છે કે મોક્ષમાં જવાની સંસારી જીવની છેલ્લી (૧૪ મા ગુણસ્થાનની શૈલેશી) અવસ્થામાં જે જે માર્ગણા વિદ્યમાન હોય તે તે માર્ગણામાં મોક્ષ છે એમ કહેવાય, અને શેષ

* શ્રી અભયદેવસૂરિ રચિત નવતત્ત્વ ભાષ્યમાં ૧૪ માર્ગણામાં મોક્ષપદની પ્રરૂપણા જૂદી રીતે કરી છે તે આ પ્રમાણે—

માર્ગણાઓમાં મોક્ષનો અભાવ જાણવો. તથા મતિજ્ઞાન અને ભવ્યત્વ જો કે અયોગી ગુણસ્થાને ૧અપેક્ષાભેદથી શાસ્ત્રમાં કહ્યું નથી તો પણ અહિં મતિજ્ઞાન અને ભવ્યત્વ ૨અપેક્ષા પૂર્વક ગ્રહણ કર્યું છે એમ જાણવું ॥ ઇતિ ૧ સત્પદપ્રરૂપણા દ્વાર ॥

અવતરણ—પૂર્વે ૩ ગાથાઓમાં મોક્ષતત્ત્વનો પહેલો ભેદ (અનુયોગ) સત્પદ પ્રરૂપણા કહીને હવે બીજો અનુયોગ (ભેદ) દ્રવ્યપ્રમાણ દ્વાર અને ત્રીજો અનુયોગ (ભેદ) ક્ષેત્ર દ્વાર કહે છે—

दव्वपमाणे सिद्धा–णं जीवदव्वाणि हुंतिऽणंताणि
लोगस्स असंखिज्जे, भागे इक्को य सव्वेवि ॥ ४७ ॥

[illegible]
[illegible] ॥१२॥

[illegible]

[illegible]

[illegible]

સંસ્કૃત અનુવાદ

द्रव्यप्रमाणे सिध्धानां जीवद्रव्याणि भवन्त्यनन्तानि
लोकस्यासंख्येयभागे, एकश्च सर्वेऽपि ॥ ४७ ॥

અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્—પરન્તુ अणंताणि हुंति તથા सव्वे अवि

શબ્દાર્થ

दव्वपमाणे = દ્રવ્ય પ્રમાણ દ્વારમાં
सिद्धाणं = સિદ્ધના
जीवदव्वाणि = જીવદ્રવ્યો
अणंताणि = અનન્ત
हुंति = છે.
लोगस्स = લોકના
असंखिज्जे = અસંખ્યાતમા
भागे = ભાગે, ભાગમાં
इक्को = એક સિદ્ધ
सव्वेवि = સર્વે સિદ્ધ

गाथार्थः—દ્રવ્યપ્રમાણ દ્વારમાં (દ્વારવડે વિચારતાં) સિદ્ધ પરમાત્માના જીવદ્રવ્યો અનન્ત છે, અને ભાગદ્વારવડે વિચારતાં લોકના અસંખ્યાતમા ભાગમાં એક સિદ્ધ અને સર્વ સિદ્ધ પણ છે ॥૪૭॥

विशेषार्थः—સિદ્ધના જીવો અનન્ત છે, કારણ કે જઘન્યથી ૧ સમયને અન્તરે અને ઉત્કૃષ્ટથી ૬ માસને અન્તરે અવશ્ય કોઈ જીવ મોક્ષે જાય એવો નિયમ છે, તેમજ એક સમયમાં જઘન્ય ૧ તથા ઉત્કૃષ્ટથી ૧૦૮ જીવો મોક્ષે જાય એ પણ નિયમ છે, અને એ પ્રમાણે અનન્તકાળ વ્યતીત થઇ ગયો છે માટે સિદ્ધ જીવો અનન્ત છે. અન્યદર્શનીઓ જે સદા કાળ ઈશ્વર એકજ છે એમ કહે છે તે (આ બીજા દ્વારની પ્રરૂપણાથી) અસત્ય છે એમ જાણવું. ॥ इति २ द्रव्य प्रमाण द्वार ॥

તથા ક્ષેત્રદ્વાર વિચારતાં સકલ જીવો લોકના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રમાં રહ્યા છે, કારણ કે એક સિદ્ધની અવગાહના જઘન્યથી ૧ હાથ ૮ અંગુલ હોય, અને ઉત્કૃષ્ટથી ૧ ગાઉનો છઠ્ઠો

ભાગ એટલે ૩૩૩ ધનુષ ૩૨ અંગુલ અર્થાત્ ૧૩૩૩ હાથ અને ૮ અંગુલ એટલી ઉંચી અવગાહના હોય છે, અને એ ક્ષેત્ર લોકના અસંખ્યાતમા ભાગ જેટલુંજ છે. માટે એક સિદ્ધ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં રહ્યા છે. તથા સર્વ સિદ્ધ આશ્રયિ વિચારીએ તો ૪૫ લાખ યોજનવાળી સિદ્ધશિલા પૃથ્વી ઉપર એક યોજનને અન્તે ૪૫ લાખ યોજન નિરંતર (ગોળ) વિસ્તારવાળા અને ૧/૬ (એક ષડ્ભાગ) ગાઉ ઉર્ધ્વપ્રમાણ જેટલા આકાશક્ષેત્રમાં સિદ્ધ જીવો અલોકની આદિ અને લોકના અન્તને સ્પર્શીને રહ્યા છે તે સર્વ ક્ષેત્ર પણ લોકના અસંખ્યાતમા ભાગ જેટલું છે. માટે સર્વ સિદ્ધ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં રહ્યા છે. એ પ્રમાણે ૪ થીજ ક્ષેત્ર દ્વાર કહ્યું. અન્ય દર્શનીઓ તો એમ કહે છે કે ઈશ્વર એક છે અને તે પણ આ સમગ્ર (ચર અચર ત્રણ ભુવન) જગતમાં સર્વ સ્થાને વ્યાપી રહ્યો છે તે (આ ચોથા દ્વારની પ્રાપ્તિથી) અસત્ય છે એમ જાણવું ॥ ઇતિ ૪ ક્ષેત્રદ્વાર ॥

અવતરણ:—આ ગાથામાં મોક્ષતત્ત્વના સ્પર્શનાદ્વાર કાળ અને અન્તર એ ૩ અનુયોગ (બોલ) સંબંધિ સ્વરૂપ અનુક્રમે કહે છે.

फुसणा अहिया कालो, इग सिद्ध पडुच्च साइओणंतो ।
पडिवायाभावाओ, सिद्धाणं अंतरं नत्थि ॥४८॥

संस्कृत अनुवाद

स्पर्शनाऽधिका कालः एकसिद्धं प्रतीत्य साद्यनन्तः ।
प्रतिपाताभावतः सिद्धानामन्तरं नास्ति ॥४८॥

अन्वय सहित पदच्छेद

फुसणा अहिया, कालो इग सिद्ध पडुच्च साइओ अणंतो
सिद्धाणं पडिवाय अभावाओ अंतरं नत्थि ॥४८॥

શબ્દાર્થઃ—

फुसणा = સ્પર્શના
अहिया = અધિક છે.
कालो = કાળ
इग सिद्ध = એક સિદ્ધની
पडुच्च = આશ્રયી, અપેક્ષાએ
साइओणतो = સાદિ અનન્ત છે.

पडिवाय = પ્રતિપાતના, પડવાના (પુનઃ સંસારમાં આવવાના)
अभावाओ = અભાવથી
सिद्धाणं = સિદ્ધોને
अंतरं = અન્તર
नत्थि = નથી

ગાથાર્થઃ—(સ્પર્શના દ્વારમાં) સિદ્ધને બન્ને પ્રકારની સ્પર્શના વિશેષાધિક છે, (કાળ દ્વારમાં) એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અનન્ત કાળ છે. (અને અન્તર દ્વારમાં) પડવાના (એટલે પુન સંસારમાં આવવાના) અભાવથી સિદ્ધ જીવોને અન્તર નથી. ॥ ૪૮ ॥

વિશેષાર્થઃ—જેમ એક પરમાણુ જે એક આકાશપ્રદેશમાં સમાઈ રહ્યો છે તે ૧ આકાશ પ્રદેશની અવગાહના કહેવાય, અને તે પરમાણુને ચારે દિશાએ ૪ તથા ઉર્ધ્વ અને અધઃ એકેક આકાશ પ્રદેશ મળી સ્પર્શેલા ૬ પ્રદેશ અને પ્રર્વોક્ત અવગાહનાનો ૧ પ્રદેશ મળી ૭ આકાશપ્રદેશની સ્પર્શના કહેવાય, તેમ પ્રત્યેક સિદ્ધને અવગાહના ક્ષેત્રથી સ્પર્શના ક્ષેત્ર અધિક હોય છે, તે કેવળ સિદ્ધનેજ નહિં પરન્તુ પરમાણુ આદિ દરેક દ્રવ્ય માત્રને સ્પર્શના અધિકજ હોય છે. એ ક્ષેત્ર સ્પર્શના (આકાશ પ્રદેશ આશ્રયિ સ્પર્શના) કહીને હવે સિદ્ધને સિદ્ધની પરસ્પર સ્પર્શના પણ અધિક છે તે આ પ્રમાણે—

એક વિવક્ષિત સિદ્ધ જે આકાશપ્રદેશોમાં અવગાહી રહેલ છે, તે દરેક આકાશપ્રદેશમાં એકેક પ્રદેશની હાનિ વૃદ્ધિએ અનન્ત અનન્ત બીજા સિદ્ધ જીવો પણ તે સિદ્ધના આત્મપ્રદેશો હિનાધિક

* ૧ ક્ષેત્ર સ્પર્શના અને પરસ્પર સ્પર્શના એ બે પ્રકારની સ્પર્શના કહેવાય.

આત્મીને અવગાહ્યા છે, તે વિષમાવગાહી સિદ્ધ કહેવાય. તેમજ તે સિદ્ધની અવગાહનામાં તે અને તેટલા જ આકાશપ્રદેશોમાં સંપૂર્ણ [illegible] (હીનાધિકતા રહિત) બીજા અનન્ત સિદ્ધ જીવો તે સિદ્ધને) સંપૂર્ણ આત્મીને (સ્પર્શીને-પ્રવેશીને) અવગાહ્યા છે, [illegible] તુલ્ય અવગાહનાવાળા સિદ્ધો સમાવગાહી કહેવાય. તે વિવ-[illegible] સિદ્ધને સમાવગાહી સિદ્ધોની સ્પર્શના અનન્ત ગુણી છે, અને વિષમાવગાહી સિદ્ધોની સ્પર્શના તેથી પણ અસંખ્યાત ગુણી છે, [illegible] કે અવગાહના પ્રદેશો અસંખ્યાત છે. એ પ્રમાણે [illegible]-સ્પર્શના અધિક (એટલે અનન્ત ગુણ) છે. એ રીતે બન્ને પ્રકારની સ્પર્શના અધિક કહી ॥ ઇતિ ૪ સ્પર્શના દ્વાર ॥

હવે કાળદ્વાર એક સિદ્ધ આશ્રયિ વિચારતાં તે [illegible] સિદ્ધ [illegible] છે માટે સાદિ અનાદિ રહિત અને સિદ્ધપ-[illegible] અન્ત નથી માટે અનન્ત એ પ્રમાણે એક [illegible] આશ્રયિ સાદિ [illegible] તથા સર્વે સિદ્ધ આશ્રયિ વિચારતાં પહેલો [illegible] સિદ્ધ [illegible] તેની આદિ નથી. તેમજ [illegible] સિદ્ધનો અભાવ [illegible] તે પણ નથી માટે સર્વ સિદ્ધ આશ્રયિ અનાદિ અનન્ત [illegible] ॥ ઇતિ ૫ કાળદ્વાર ॥

[illegible]

ઉદ્ધાર કરવાને અને પાપીઓને શાસન કરવા માટે અનેકવાર અ
વતાર ધારણ કરે છે તે આ દ્વારથી સર્વથા અસત્ય અને અજ્ઞાન
મૂળ છે એમ જાણવું. ॥ इति ६ अन्तर द्वार ॥

अवतरण—આ ગાથામાં મોક્ષ તત્ત્વનો ભાગદ્વાર નામને
સાતમો અનુયોગ, અને ભાવદ્વાર નામનો આઠમો અનુયો
દર્શાવે છે.

सव्वजियाणमणंते, भागे ते तेसिं दंसणं नाणं
खइए भावे परिणामिए अ पुण होइ जीवत्तं ॥४९॥

સંસ્કૃત અનુવાદ

सर्वजीवानामनन्ते भागे ते तेषां दर्शनं ज्ञानं
क्षायिके भावे पारिणामिके च पुनर्भवति जीवत्वं ॥४९॥

અન્વયસહિત પદચ્છેદ

ते सव्व जियाणं अणंते भागे, तेसिं दंसणं नाणं
खइए भावे अ पुण जीवत्तं परिणामिए होइ ॥४९॥

શબ્દાર્થ:—

सव्व = સર્વ
जियाणं = જીવોના
अणंते = અનન્તમા
भागे = ભાગે છે
ते = તે સિદ્ધ જીવો
तेसिं = તે સિદ્ધોનું
दंसण = દર્શન (કેવળ દર્શન)
नाणं = જ્ઞાન (કેવળજ્ઞાન)

खइए = ક્ષાયિક
भावे = ભાવનું છે
परिणामिए = પારિણામિક ભા-વનું
अ = (છંદપૂર્તિ માટે)
पुण = વળી, અને, પરન્તુ
होइ = છે
जीवत्तं = જીવત્વ, જીવિત

गाथार्थः—(ભાગ દ્વારમાં) તે સિદ્ધ પરમાત્માઓ સર્વ જીવો-
થી અનન્તમા ભાગ જેટલા છે. (ભાવદ્વારમાં) સિદ્ધ પરમાત્મા-

ઓનું દર્શન અને જ્ઞાન (કેવળ દર્શન, કેવળજ્ઞાન) ક્ષાયિક ભાવનું છે, અને (પરન્તુ) જીવત્વ પારિણામિક ભાવનું છે. ॥ ૪૯ ॥

વિશેષાર્થઃ— સિદ્ધ જીવો જો કે અભવ્યથી અનન્ત ગુણ છે તો પણ સર્વ સંસારી જીવોના અનન્તમા ભાગ જેટલા છે, એટલું જ નહિ પરન્તુ નિગોદના જે અસંખ્ય ગોળા અને એકેક ગોળામાં અસંખ્ય નિગોદ અને એકેક નિગોદમાં જે અનન્ત અનન્ત જીવ છે, તેવી એકજ નિગોદના પણ અનંતમા ભાગ જેટલા સર્વ કાળના સર્વ સિદ્ધો છે. કહ્યું છે કે—

जइआ य होइ पुच्छा जिणाण मग्गंमि उत्तरं तइआ
इक्कस्स निगोयस्स वि, अणंतभागो उ सिद्धिगओ ॥ १ ॥

અર્થ—જીનેશ્વરના માર્ગમાં-શાસનમાં જ્યારે જ્યારે જીનેશ્વરને પ્રશ્ન કરીએ ત્યારે ત્યારે એજ ઉત્તર હોય છે કે એક નિગોદનો પણ અનંતમો ભાગજ મોક્ષે ગયો છે. ॥ **इति ७ भाग द्वार** ॥

તથા ઉપશમ આદિ ૫ ભાવનું સ્વરૂપ આ પ્રમાણે

૧ ઉપશમ ભાવ—રાખમાં ઢાંકેલા અગ્નિ સરખી કર્મની (મોહનીય કર્મની) ઉપશાન્ત અવસ્થા (અનુદય અવસ્થા) તે ઉપશમ અને તેથી ઉત્પન્ન થયેલા આત્મ પરિણામ તે ઉપશમ ભાવ.

૨ ક્ષાયિક ભાવ—સર્વથા બુઝાયેલા અગ્નિ સરખો કર્મનો સર્વથા ક્ષય થવો તે ક્ષય, અને તેથી ઉત્પન્ન થયેલ આત્મ પરિણામ તે ક્ષાયિક ભાવ.

૩ ક્ષયોપશમ ભાવ—[illegible]

૪ ઔદયિક ભાવ—[illegible]

५ पारिणामिक भाव—વસ્તુનો અનાદિ સ્વભાવ (અકૃત્રિમ સ્વભાવ અથવા સ્વાભાવિક સ્વરૂપ) તે પારિણામિક ભાવ.

એ ૫ ભાવમાં ઉપશમ ભાવ કેવળ મોહનીય કર્મનો જ હોય, ક્ષાયિક ભાવ આઠે કર્મના હોય, ક્ષયોપશમ ભાવ જ્ઞાના૦-દર્શના૦-મોહ૦-અન્ત૦ એ ૪ કર્મનો હોય, ઔદયિક ભાવ આઠે કર્મનો (તથા જીવ રચિત ઔદારિકાદિ પુદ્‌ગલ સ્કંધોને પણ) હોય, અને પારિણામિક ભાવ સર્વ દ્રવ્યનો હોય.

તથા ઉપશમ ભાવ તે ઉપ૦ સમ્યક્ત્વ અને ઉપ૦ ચારિત્રના ભેદથી ૨ પ્રકારનો છે, ક્ષયોપશમ ભાવ મતિજ્ઞાનાદિ ભેદે ૧૮ પ્રકારનો છે; ક્ષાયિક ભાવ દાનાદિ ૫ લબ્ધિ, કેવળજ્ઞાન, કેવળ દર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક૦ યથાખ્યાત ચારિત્ર એમ ૯ પ્રકારનો છે, ઔદયિક ભાવ મનુષ્યગતિ આદિ ભેદે ૨૧ પ્રકારનો છે, અને પારિણામિક ભાવ જીવત્વ-ભવ્યત્વ-અભવ્યત્વ એ ભેદથી ત્રણ પ્રકારનો છે. ત્યાં સિદ્ધને એ પાંચ ભાવમાંથી ક્ષાયિક અને પારિણામિક એ બે મૂળ ભાવ હોય છે, તેમાં પણ ક્ષાયિક ભાવમાં કેવળજ્ઞાન અને કેવળ દર્શન છે, અને પારિણામિક ભાવમાં જીવત્વ હોય છે.

પ્રશ્ન:—સિદ્ધ પરમાત્માને જો ક્ષાયિક ભાવ છે, તો ક્ષાયિક ભાવના ૯ ભેદ હોવાને બદલે અહિં કેવળજ્ઞાન અને કેવળ દર્શન એ બેજ ક્ષાયિક ભાવ કેમ કહ્યા ? તથા ભવ્યત્વ (રૂપ પારિણામિક ભાવ) સિદ્ધને કેમ નહિં ?

ઉત્તર:—મૂળ ગાથામાં કેવળજ્ઞાન અને કેવળ દર્શન એ બેજ ક્ષાયિક ભાવ સિદ્ધ પરમાત્માને કહ્યા તે આત્માના જ્ઞાન દર્શન ગુણની મુખ્યતાએ કહ્યા છે, તથા દર્શનનો અર્થ* સમ્યક્ત્વ પણ છે તેથી ક્ષાયિક સમ્યક્ત્વ પણ ગ્રહણ કરતાં શ્રી સિદ્ધમાં ૩ ક્ષાયિકભાવ આ ગાથામાં કહ્યા છે, તો પણ બીજા ૬ ક્ષાયિક ભાવોનો સર્વથા નિષેધ ન જાણવો. જો કે શાસ્ત્રોમાં એ ૬ ક્ષાયિક ભાવો

* શાસ્ત્રોમાં સમ્યક્ત્વ માટે દર્શન શબ્દ પ્રસિદ્ધ છે અને ઘણા શાસ્ત્રકારોએ શ્રી સિદ્ધમાં એ ૩ ભાવ કહ્યા છે તેથી અહિં ગાથામાં કહેલા દર્શનના ૨ અર્થ કરવામાં વિરોધ નથી.

માટે અમુક અમુકનો નિષેધ અને ગ્રહણ બન્નેય છે, તો

૧ નવતત્ત્વની પ્રાચીન આચાર્યકૃત અવચૂરિમાં, તથા સાધુ... અવચૂરિમાં ઇત્યાદિ ગ્રંથોમાં સિદ્ધ પરમાત્માને ક્ષા૦ જ્ઞાન અને દર્શન એ ૨ ભાવ જ કહ્યા છે, તેમાં પણ પ્રાચીન૦ અવચૂરિમાં તો બાકીનો સ્પષ્ટ અક્ષરોથી નિષેધ કર્યો છે.

તથા નવાંગવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિકૃત ભાષ્યમાં (નવત૦ ભાષ્ય-માં), એ ભાષ્યની ... ઉપાધ્યાયકૃત વૃત્તિમાં, શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં, શ્રી આવશ્યક નિર્યુક્તિમાં અને મહાભાષ્યમાં ક્ષા૦ જ્ઞાન ક્ષા૦ દર્શન, અને ક્ષા૦ સમ્યક્ત્વ એ ૩ ભાવ કહ્યા છે, શેષ ૬ ભાવનો સ્પષ્ટ નિષેધ કર્યો છે.

(૩-જો) ... તત્ત્વાર્થ ... તથા ... માં ક્ષા૦ ચારિત્ર ૪ ક્ષા૦ ભાવ કહ્યા છે. [illegible] દાનાદિ ૪ લબ્ધિ મેળવી ૫ ભાવ કહ્યા છે. (પરન્તુ દાનાદિ ૪ લબ્ધિનો સ્પષ્ટ નિષેધ નથી.)

[illegible]

[illegible]

[illegible]

[illegible]

દર દ્રષ્ટિએ વિચારતાં તે સર્વે અપેક્ષાભેદ હોવાથી સિદ્ધ પરમાત્મામાં નવે ક્ષાયિક ભાવ હોય એમ કહેવામાં પણ સર્વથા વિરોધ નથી, માટે અપેક્ષાએ સિદ્ધમાં ત્રણ અથવા નવે ક્ષાયિક ભાવ પણ માનવા.

તથા મોક્ષે જવાને યોગ્ય હોય તે ભવ્ય કહેવાય, અને સિદ્ધ

ત્પત્તિ લક્ષણ શ્રી સિદ્ધ પરમાત્મામાં પ્રેરણા વૃત્તિના અભાવે ઘટતું નથી તેથી અથવા વીર્યનુ લક્ષણ ક્રિયાપ્રવૃત્તિ તે શ્રી સિદ્ધમા નથી તેથી લક્ષણના અભાવે લક્ષ્યનો પણ અભાવ એ ન્યાયને અનુસરીને શ્રી સિદ્ધ-પરમાત્મામા વીર્ય નથી એમ કહી શકાય, અને તેથીજ શ્રી ભગવ૦ સૂત્રના પહેલા શતકના ૮ મા ઉદ્દેશામાં "सिद्धा णं अवीरिया" એ સૂત્રની વૃત્તિમાં सकरणवीर्याभावादवीर्याः सिद्धाः (=યોગપ્રવૃત્તિરૂપ કરણવીર્યના અભાવથી સિદ્ધો વીર્ય રહિત છે) એમ કહ્યુ છે.

તથા चर्यते गम्यते अनेन निर्वृतौ इति चारित्रम् એટલે જેનાવડે મોક્ષમા જવાય તે ચારિત્ર, અથવા अष्टविधकर्मचयरिक्तीकरणात् चारित्रम् એટલે આઠ પ્રકારના કર્મસંચયનો (કર્મસમૂહનો) નાશ કરનાર હોવાથી ચારિત્ર કહેવાય, ઇત્યાદિ ચારિત્રના વ્યુત્પત્તિલક્ષણોમાનુ કોઇ પણ વ્યુત્પત્તિ લક્ષણ શ્રી સિદ્ધમા ઘટતુ નથી, તેમજ ચારિત્રના ૫ ભેદમાનો કોઇપણ ભેદ (અર્થાત્ ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર પણ) શ્રી સિદ્ધમા છે નહિ તે કારણથી શ્રી સિદ્ધમાં ચારિત્રનો અભાવ છે, માટેજ સિદ્ધાન્તમાં "सिद्धे नो चारित्ती नो अचारित्ती એટલે સિદ્ધ ચારિત્રી છે એમ પણ નથી તેમજ સિદ્ધ ચારિત્ર રહિત છે એમ પણ નથી" એ વચન કહ્યું છે.

તથા જો કે ક્ષા૦સમ્યક્ત્વ તો લગભગ સર્વ શાસ્ત્રને સમ્મત છે, તો પણ કોઈ સ્થાને સમ્યક્ત્વનો નિષેધ પણ ઉપર ટિપ્પણીમાં કહ્યા પ્રમાણે હોય તો તે સમ્યક્ત્વનો અર્થ "શ્રીવીતરાગના વચન ઉપર પ્રતીતિરૂપ શ્રદ્ધા" એમ જાણવો, જેથી શ્રીસિદ્ધ તો પોતેજ વીતરાગ છે તો એમને બીજા કયા વીતરાગના વચનની શ્રદ્ધા હોઈ શકે? તે કારણથી ક્ષાયિક ભાવની શ્રદ્ધાના અભાવે શ્રીસિદ્ધને ક્ષા૦ સમ્યક્ત્વ પણ ઘટી શકતું નથી એમ જાણવું. એ પ્રમાણે જાણતા સુધી શાસ્ત્રના વિસંવાદ પણ અપેક્ષાવાદથી સમજવા એજ શ્રીજૈનેન્દ્રવચનની પરમ પવિત્ર આરાધના છે.

પરમાત્મા તો મોક્ષમાં ગયેલા જ છે તો મોક્ષની હવે રીતિ થઈ શકે ? એ અપેક્ષાએ શાસ્ત્રમાં "સિદ્ધને નો ભવ્યા નોઅભવ્યા" સિદ્ધ પરમાત્મા ભવ્ય પણ નથી તેમ ભવ્ય પણ (અર્થાત્ અભવ્ય પણ) નથી " એ વચન યુક્તિથી સમજાય તેવું છે.

અવતરણ—આ ગાથામાં મોક્ષ તત્ત્વનો નવમો અલ્પબહુત્વ નામનો કહેવાય છે, અને તે સિદ્ધ જીવોના આગળ કહેવાતા પંદર ભેદમાંના ૩ ભેદમાં કહેવાય છે.

थोवा नपुंससिद्धा, थी नर सिद्धा कमेण संखगुणा
इअ मुक्खतत्तमेअं, नवतत्ता लेसओ भणिया॥५०॥

संस्कृत अनुवाद

स्तोका नपुंसकसिद्धाः, स्त्रीनरसिद्धाः क्रमेणसंख्यगुणाः
इति मोक्षतत्त्वमेतन्-नवतत्त्वानि लेशतो भणितानि ॥५०॥

अन्वय सहित पदच्छेद

नपुंस सिद्धा थोवा, थी नर सिद्धा कमेण संख गुणा
इअ मुक्ख तत्तं एअं नव तत्ता लेसओ भणिया ॥५०॥

शब्दार्थः

थोवा - થોડા, અલ્પ
नपुंस - નપુંસક લિંગે
सिद्धा - સિદ્ધ થયેલા
थी - સ્ત્રી લિંગે
नर - પુરુષ લિંગે
[illegible]
कमेण - અનુક્રમે

संखगुणा - સંખ્યાત ગુણા છે.
इअ - એ, એ પ્રમાણે
मुक्खतत्तं - મોક્ષતત્ત્વ
एअं - એ, એ પ્રમાણે
नवतत्ता - નવ તત્ત્વો
लेसओ - લેશથી, સંક્ષેપથી
भणिया - કહ્યા

ભાવાર્થ—[illegible]

દર દષ્ટિએ વિચારતાં તે સર્વે અપેક્ષાભેદ હોવાથી સિદ્ધ પરમાત્મામાં નવે ક્ષાયિક ભાવ હોય એમ કહેવામાં પણ સર્વથા વિરોધ નથી, માટે અપેક્ષાએ સિદ્ધમાં ત્રણ અથવા નવે ક્ષાયિક ભાવ પણ માનવા.

તથા મોક્ષે જવાને યોગ્ય હોય તે ભવ્ય કહેવાય, અને સિદ્ધ

ત્પત્તિ લક્ષણ શ્રી સિદ્ધ પરમાત્મામાં પ્રેરણા વૃત્તિના અભાવે ઘટતું નથી તેથી અથવા વીર્યનું લક્ષણ ક્રિયાપ્રવૃત્તિ તે શ્રી સિદ્ધમા નથી તેથી લક્ષણના અભાવે લક્ષ્યનો પણ અભાવ એ ન્યાયને અનુસરીને શ્રી સિદ્ધપરમાત્મામા વીર્ય નથી એમ કહી શકાય, અને તેથીજ શ્રી ભગવ૦ સૂત્રના પહેલા શતકના ૮ મા ઉદ્દેશામા "सिद्धा णं अवीरिया" એ સૂત્રની વૃત્તિમાં सकरणवीर्याभावादवीर्याः सिद्धाः (=યોગપ્રવૃત્તિરૂપ કરણવીર્યના અભાવથી સિદ્ધો વીર્ય રહિત છે) એમ કહ્યુ છે.

તથા चर्यते गम्यते अनेन निर्वृतौ इति चारित्रम् એટલે જેનાવડે મોક્ષમાં જવાય તે ચારિત્ર, અથવા अष्टविधकर्मचयारिक्तीकरणात् चारित्रम् એટલે આઠ પ્રકારના કર્મસંચયનો (કર્મસમૂહનો) નાશ કરનાર હોવાથી ચારિત્ર કહેવાય, ઇત્યાદિ ચારિત્રના વ્યુત્પત્તિલક્ષણોમાનુ કોઇ પણ વ્યુત્પત્તિ લક્ષણ શ્રી સિદ્ધમા ઘટતુ નથી, તેમજ ચારિત્રના ૫ ભેદમાનો કોઇપણ ભેદ (અર્થાત્ ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર પણ) શ્રી સિદ્ધમા છે નહિ તે કારણથી શ્રી સિદ્ધમાં ચારિત્રનો અભાવ છે, માટેજ સિદ્ધાન્તમાં "સિદ્ધને नो चारित्ती नो अचारित्ती એટલે સિદ્ધ ચારિત્રી છે એમ પણ નથી તેમજ સિદ્ધ ચારિત્ર રહિત છે એમ પણ નથી" એ વચન કહ્યું છે.

તથા જો કે ક્ષા૦ સમ્યક્ત્વ તો લગભગ સર્વ શાસ્ત્રને સમ્મત છે, તો પણ કોઈ સ્થાને સમ્યક્ત્વનો નિષેધ પણ ઉપર ટિપ્પણીમાં કહ્યા પ્રમાણે હોય તો તે સમ્યક્ત્વનો અર્થ 'શ્રીવીતરાગના વચન ઉપર પ્રતીતિરૂપ શ્રદ્ધા" એમ જાણવો, જેથી શ્રીસિદ્ધ તો પોતેજ વીતરાગ છે તો એમને બીજા કયા વીતરાગના વચનની શ્રદ્ધા થઈ શકે ! તે કારણથી ક્ષાયિક સ૦ત્વની શ્રદ્ધાના અભાવે શ્રીસિદ્ધને ક્ષા૦ સમ્યક્ત્વ પણ ઘટી શકતું નથી એમ જાણવું. એ પ્રમાણે જાણતાં સુધી શાસ્ત્રના વિસંવાદ પણ અપેક્ષાથી સમજવા એજ શ્રીજિનેન્દ્રવચનની પરમ પવિત્ર આરાધના છે.